દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 245 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ આશ્વિન વદ-૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 22 October 2024, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૨૨ ઑક્ટોબર ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ ૫ ૬ ૭ ૮ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભારત અને ચીન વચ્ચે એલએસી પર પેટ્રોલિંગને લઈને સમજૂતી

નવી દિલ્હી : ભારત અને ચીન વચ્ચે લાઇન ઓફ એક્ચ્યુઅલ કન્ટ્રોલ (એલએસી) પર પેટ્રોલિંગને લઈને સમજૂતી કરવામાં આવી છે. વિદેશ મંત્રાલયે સોમવારે એક નિવેદનમાં આ બાબત જણાવી હતી. ચીનના રાષ્ટ્રપતિ સાથે દ્વિપક્ષીય મંત્રણાના સવાલ પર વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કહ્યું હતું કે ભારત અને ચીન વચ્ચે છેલ્લા ઘણા અઠવાડિયાથી રાજદ્વારી અને સૈન્ય વાતચીત થઈ રહી છે.

તેમણે કહ્યું કે એલએસી મુદ્દાઓ પર ચીન સાથે અમારી સમજૂતી છે. સૈનિકોને પાછા ખેંચવા અને પરિસ્થિતિના નિરાકરણ માટે પેટ્રોલિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. દ્વિપક્ષીય મુદ્દા પર અમે હજુ પણ સમય અને પ્રતિબદ્ધતા મુજબ કામ કરી રહ્યા છીએ.

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા જણાવ્યું હતું કે ભારત અને ચીન સરહદી વિસ્તારોમાં એલએસી સાથે પેટ્રોલિંગ વ્યવસ્થા પર સમજૂતી પર પહોંચ્યા છે. જે વર્ષ ૨૦૨૦માં ઉદ્ભવેલા મુદ્દાઓનું નિરાકરણ તરફ દોરી જાય છે અને અમે આના પર આગળના પગલાં લઈશું. વિદેશ સચિવે બ્રિક્સ સમિટ માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની રશિયાના કઝાન ખાતેની આગામી મુલાકાત અંગે વિશેષ બ્રિફિંગને સંબોધિત કરતી વખતે આ નિવેદન આપ્યું હતું. ભારત અને ચીને ઓગસ્ટ માસની શરૂઆતમાં એલએસી સાથેની પરિસ્થિતિ પર ચર્ચા કરી હતી અને સંયુક્ત રીતે એલએસી પર શાંતિ અને સુલેહ-શાંતિ જાળવી રાખવાનો નિર્ણય કર્યો હતો. જેમાં બંને પક્ષોએ તેમના મતભેદોને ઓછા કર્યા અને બાકી રહેલા મુદ્દાઓનું વહેલું નિરાકરણ શોધવાનો પ્રયાસ કર્યો. આ માટે તેઓ રાજદ્વારી અને સૈન્ય વાતચીત માટે સંમત થયા હતા.

# ભારત 'ટેક્ન ફૉર ગ્રાન્ટેડ' સંબંધમાં નથી માનતુંઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત ''ટેકન ફોર ગ્રાન્ટેડ'' સંબંધોમાં વિશ્વાસ કરતું નથી અને વિશ્વ સમજી રહ્યું છે કે વિશ્વાસ અને વિશ્વસનીયતા દેશના સંબંધોનો પાયો બનાવે છે. એક ખાનગી ચેનલના કાર્યક્રમને સંબોધતા તેમણે આ વાત કરી હતી. નોંધનીય છે કે હાલમાં ભારત અને કેનેડા વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. વિવાદને પગલે કેનેડામાંથી ભારતે પોતાના હાઈ કમિશનર સહિત તેના છ રાજદ્વારીઓને પાછા બોલાવ્યા હતા અને ઘણા કેનેડિયન રાજદૂતોને હાંકી કાઢ્યા હતા.

મોદીએ તેમના સંબોધનમાં કેનેડા સાથે સંકળાયેલી ઘટનાઓનો કોઈ સીધો ઉલ્લેખ કર્યો ન હતો. કેનેડાએ ભારત પર એક કટ્ટરપંથી ખાલિસ્તાની આતંકી અને કેનેડિયન નાગરિકની હત્યાનો આરોપ લગાવ્યો હતો. જોકે ભારતે તમામ આરોપોને ફગાવી દીધા હતા.

કાર્યક્રમને સંબોધતા પીએમ મોદીએ કહ્યું હતું કે એવા સમયે ભારત એક આશાનું કિરણ બનીને ઉભર્યું છે જ્યારે દુનિયા યુદ્ધોથી ઘેરાઇ છે. ભારત 'ટેકન ફોર ગ્રાન્ટેડ' સંબંધો બાંધતું નથી. અમારા સંબંધોનો પાયો હંમેશાં વિશ્વાસ અને વિશ્વસનીયતા પર રહ્યો છે અને હવે દુનિયા પણ આને સમજી રહી છે. તેમણે કહ્યું કે ભારતે ટેક્નોલોજીને ડેમોક્રટાઇઝ કરીને વિશ્વને ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો નવો રસ્તો બતાવ્યો છે. વડા પ્રધાને

(જુઓ પાનું ૨) ▶▶



સંવાદ : સોમવારે મુંબઈમાં ફેમિના મિસ ઈન્ડિયા વર્લ્ડ ૨૦૨૪ની વિજેતા નિકિતા પોડવાલ (મધ્યમાં), બીજી રનર અપ આયુષી ધોળકિયાએ પત્રકારો સાથે સંવાદ કર્યો હતો.

# જમ્મુ-કાશ્મીરના નવા ચૂંટાયેલા વિધાનસભ્યોએ સોગંદ લીધા, ઉમરે કાશ્મીરીમાં પ્રતિજ્ઞા કરી

શ્રીનગર : જમ્મુ અને કાશ્મીરના વિધાનસભાના નવા ચૂંટાયેલા સભ્યોને પ્રો-ટેમ સ્પીકર મુબારક ગુલે સોગંદ લેવડાવ્યા હતા. મુખ્ય પ્રધાન ઉમર અબદુલ્લાએ કાશ્મીરી ભાષામાં પ્રતિજ્ઞા લીધી હતી. ગૃહના નેતા અને ચોપ્પન વર્ષના નેતા ઉમરે સૌથી પહેલાં સોગંદ લીધા હતા. ફારૂક અબદુલ્લાના પુત્ર તથા તેમની અંગ્રેજ પત્નીની એવી આલોચના થાય છે તેઓ કાશ્મીરી ભાષા બોલી શકતા નથી, અબદુલ્લા કુટુંબની ત્રીજી પેઢી અંગ્રેજી તો ફાંકડી બોલે છે, પરંતુ દેશી ભાષા જેવી કે હિન્દી, ઉર્દુ અને કાશ્મીરી ૧૯૯૦ના દાયકાના ઉત્તરાર્ધમાં અસ્ખલિત રીતે બોલી શકતી નહોતી. જોકે ૨૦૦૯થી ૨૦૧૪ સુધીની મુખ્ય પ્રધાન તરીકેની પહેલી મુદતમાં ઉમર અબદુલ્લાએ ત્રણે. દેશી ભાષામાં વાકપટુતા લાવવા શિક્ષણ લેવાનું શરૂ કર્યું હતું. સોમવારે ઉમરે કાશ્મીરીમાં સોગંદ લીધા હતા,

નાયબ મુખ્ય પ્રધાન સુરિન્દર કુમાર ચૌધરીએ અંગ્રેજીમાં સોગંદ લીધા હતા. વિધાનસભ્યોએ સોગંદ લેતા વિધાનસભાનો છ વર્ષનો ખાલીપો દૂર થયો હતો.

ભાજપના કિસ્તવારના ૨૯ વર્ષના સૌથી યુવાન વિધાનસભ્ય શગુન પરિહાર સહિત ૫૧ વિધાનસભ્યો પહેલી વાર ગૃહમાં ચૂંટાયા છે. નેશનલ કોન્ફરન્સના પીઢ નેતા અને ચરારા-એ-શરીફના વિધાનસભ્ય ૮૦ વર્ષની વયે સૌથી વૃદ્ધ વિધાનસભ્ય છે. તેમના પક્ષના સાથીદાર અલી મોહમ્મદ સાગર(ખાનયારના વિધાનસભ્ય) વિક્રમી સાતમી વાર વિધાનસભામાં ચૂંટાયા છે. સાગર ૧૯૮૩થી વિધાનસભ્ય છે. તેમને વિધાનસભ્ય તરીકે તેમની કારકિર્દી ૧૯૭૭માં શરૂ કરી હતી. ભૂતપૂર્વ નાણાં પ્રધાન સાગર ૨૦૧૪ની ચૂંટણી હારી ગયા હતા. નેશનલ કોન્ફરન્સ (એનસી) સપ્ટેમ્બર અને ઓક્ટોબર મહિનામાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં સૌથી મોટો પક્ષ તરીકે ઊભર્યો હતો. જમ્મુ અને કાશ્મીરના સૌથી જૂના રાજકીય પક્ષ નેશનલ કોન્ફરન્સે કૉંગ્રેસના છ વિધાનસભ્યોના બાહ્ય ટેકાની મદદથી સરકાર રચી હતી. પાંચ અપક્ષ વિધાનસભ્યો, આપ અને સીપીઆઈ-એમના એક વિધાનસભ્યે પણ ઉમર અબદુલ્લાની સરકારને ટેકો આપ્યો છે. ભાજપ ૨૯ સભ્યો સાથે બીજો મોટો પક્ષ બન્યો છે. ભાજપે કેન્દ્રશાસિત પ્રદેશમાં તેનો ઉત્તમ દેખાવ કર્યો છે. (એજન્સી)

# એરલાઇન્સને બૉમ્બની ધમકીઓ સામે સરકાર કાયદાકીય પગલાં લેશેઃ નાયડુ

નવી દિલ્હીઃ નાગરિક ઉડ્ડયન પ્રધાન કે રામમોહન નાયડુએ સોમવારે જણાવ્યું હતું કે સરકાર એરલાઇન્સને બૉમ્બની ધમકીઓના કિસ્સાઓ સામે કાયદાકીય પગલાં લેવાની યોજના ધરાવે છે, જેમાં આવી ધમકીઓ આપનારાઓને નો-ફ્લાય લિસ્ટમાં મૂકવાનો સમાવેશ થાય છે. છેલ્લા એક સપ્તાહમાં ભારતીય એરલાઈન્સની લગભગ સો ફ્લાઈટને બૉમ્બની ધમકી મળી છે.

રાષ્ટ્રીય રાજધાનીમાં એક બ્રીફિંગમાં, નાયડુએ જણાવ્યું હતું કે ઉડ્ડયન સુરક્ષા નિયમો તેમજ નાગરિક ઉડ્ડયન અધિનિયમ, ૧૯૮૨ની સલામતી વિરુદ્ધ ગેરકાયદે કૃત્યોના દમનમાં સુધારાની યોજના છે.

બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યુરિટી ફ્લાઈટ્સ પર બૉમ્બની ધમકીની પરિસ્થિતિ પર ગૃહ મંત્રાલય સાથે સતત સંપર્કમાં છે.

ધમકીઓ પાછળ કોઈ કાવતરું હતું કે કેમ તે પ્રશ્નના જવાબમાં નાયડુએ કહ્યું કે તપાસ ચાલુ છે. મુસાફરોની સલામતી અને સુરક્ષા સૌથી મોટી પ્રાથમિકતા છે.

# યોગીએ પોલીસોની દિવાળી સુધારીઃ અનેક કલ્યાણકારી યોજનાઓ જાહેર કરી

લખનઊઃ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે સોમવારે પોલીસ કર્મચારીઓ માટે અનેક કલ્યાણકારી યોજનાઓની જાહેરાત કરી હતી, જેમાં યુનિફોર્મ ભથ્થામાં ૭૦ ટકાનો વધારો અને બેરેકમાં રહેતા કોન્સ્ટેબલો માટે તેમના આવાસ ભથ્થામાં ૨૫ ટકાનો વધારો સામેલ છે.

લખનઊમાં 'પોલીસ સ્મૃતિ દિવસ' દરમિયાન તેમના સંબોધનમાં આ ઘોષણાઓ કરવામાં આવી હતી, એમ અહીં જારી કરાયેલા નિવેદનમાં જણાવાયું હતું.

ઑક્ટોબર ૨૧ એ ૧૦ પોલીસકર્મીઓની સ્મૃતિ છે જેમણે ૧૯૫૯માં લદાખના હોટ સ્પ્રિંગ્સમાં ચીની સૈનિકો દ્વારા ઓચિંતા હુમલા વખતે જીવ ગુમાવ્યો હતો. તે આ શહીદોની યાદમાં અને અન્ય તમામ શહીદોની યાદમાં મનાવવામાં આવે છે જેમણે ફરજ પર પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું.

યોગીએ આ દિવસે તમામ કાયદા અમલીકરણ અધિકારીઓના મનોબળને વધારવા માટે ઘણી જાહેરાતો કરી છે.

નિવેદનમાં જણાવાયું હતું કે યોગીએ કહ્યું કે ઘણાં વર્ષો પછી યુનિફોર્મ ભથ્થું વધારવામાં આવ્યું છે, બેરેક ભથ્થામાં વધારો કરવામાં આવ્યો છે, સ્પોર્ટ્સ ફંડમાં પણ વધારો કરવામાં આવ્યો છે.

યોગીએ એમ પણ કહ્યું કે સરકાર આગામી નાણાકીય વર્ષમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રમતગમતના કાર્યક્રમોમાં ભાગ લેનારા ખેલાડીઓની તાલીમ, આહાર અને અન્ય ખર્ચ માટે વધારાના રૂ. ૧૦ કરોડ ફાળવશે.

આદિત્યનાથે જાહેરાત કરી હતી કે બહુમાળી પોલીસ આવાસ અને વહીવટી ઇમારતોની જાળવણી માટે રૂ. ૧૩૮૦ કરોડનું 'કોર્પસ ફંડ' જારી કરવામાં આવશે.

આ પહેલા એમણે પોલીસ શહીદ સ્મારક ખાતે શહીદ પોલીસ કર્મચારીઓને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

તેમણે કહ્યું કે ફરજ પર જીવ ગુમાવનારા ૧૧૫ પોલીસકર્મીઓ અને કેન્દ્રીય અર્ધલશ્કરી દળોના આશ્રિતોને ૩૬.૨ કરોડ રૂપિયાની આર્થિક સહાય પૂરી પાડવામાં આવી છે.

વધુમાં, જિલ્લાઓમાં તહેનાત પોલીસ કર્મચારીઓના આરામ માટે રૂ. ૩.૫ કરોડ, તેમના કલ્યાણ માટે રૂ. ૪ કરોડ અને સેવા આપતા અને નિવૃત્ત પોલીસકર્મીઓ અને તેમના આશ્રિતોના તબીબી વળતર સંબંધિત ૨૬૬ દાવાઓના સમાધાન માટે રૂ. ૩૦.૫૬ લાખ આપવામાં આવ્યા હતા.

# પાકિસ્તાનના પંજાબમાં ૬૪ વર્ષ પછી હિન્દુ મંદિરને પુનઃસ્થાપિત કરાશે

લાહોર : પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં નિષ્ક્રિય બનેલા હિન્દુ મંદિરને ૬૪ વર્ષ પછી ફરી બાંધવાના ચક્રો ગતિમાન થયા છે. આ માટે પાકિસ્તાને એક કરોડ રૂપિયાના બજેટની ફાળવણી કરી છે, એવો અહેવાલ પ્રસાર માધ્યમોએ આપ્યો હતો.

લઘુમતીના ધાર્મિકસ્થળો પર દેખરેખ રાખતી કેન્દ્રીય એજન્સી ઈવેક્યુઈ ટ્રસ્ટ પ્રોપર્ટી બોર્ડે રવિ નદીના પશ્ચિમ કાંઠે આવેલા નરોવાલના ઝફરવાલ નગરમાં મંદિરનું બાંધકામ શરૂ કર્યું છે.

હાલમાં નરોવાલ જિલ્લામાં એકેય હિન્દુ મંદિર નથી.

હિન્દુઓને તેમની ધાર્મિકવિધિ કરવા સિયાલકોટ અને લાહોરના મંદિરોમાં જવું પડે છે.

પાક ધર્મસ્થાન સમિતિના ભૂતપૂર્વ પ્રમુખ રતનલાલ આર્યાએ કહ્યું હતું કે ઈટીપીબીએ બાઓલી સાહિબ મંદિર હસ્તગત કરતાં તે નિષ્ક્રિય બન્યું હતું.

નરોવાલમાં ૧,૪૫૩ હિન્દુઓ છે. આ હિન્દુઓ પાસે ધાર્મિક વિધિ કરવા કોઈ સ્થળ રહ્યું નથી. પાકિસ્તાનની રચના બાદ નરોવાલ જિલ્લામાં ૪૫ હિન્દુ મંદિરો હતા પરંતુ તેમનો જીર્ણોદ્ધાર થયો જ નહોતો.

પાક ધર્મસ્થાન સમિતિએ છેલ્લા ૨૦ વર્ષથી બાઓલી સાહિબ મંદિરને ફરી બાંધવાની માગણી કરી રહી છે. સરકારે હિન્દુઓની માગણીને લીધે મંદિર ફરી બાંધવાનું શરૂ કર્યું છે. એક વાર મંદિર બંધાઈ ગયા બાદ તે પાક ધર્મસ્થાન સમિતિને અપાશે. (એજન્સી)

# સોનું, ચાંદી ઓલટાઈમ હાઈ

## વૈશ્વિક ચાંદીએ ૧૨ વર્ષની ઊંચી ૩૪ ડૉલરની સપાટી કુદાવતા સ્થાનિકમાં ₹ ૪૮૮૪નો તોતિંગ ઉછાળો, સોનું ₹ ૫૫૮ ચમક્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાની ચૂંટણીના પરિણામોની અનિશ્ચિતતા અને મધ્યપૂર્વના દેશોના તણાવને ધ્યાનમાં લેતા વૈશ્વિક બુલિયન માર્કેટમાં સલામતી માટેની વ્યાપક માગને ટેકે આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ નવી ઊંચી સપાટીએ પહોંચવાની સાથે ચાંદીના ભાવ પણ ૧૨ વર્ષની સર્વોચ્ચ ઔંસદીઠ ૩૪ ડોલરની સપાટી કુદાવી ગયા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ મધ્યસત્ર દરમિયાન ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૪૮૮૪નો તોતિંગ ઉછાળો આવ્યો હતો, જ્યારે સોનામાં રૂ. ૫૫૬થી ૫૫૮ની તેજી આગળ ધપી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મધ્યસત્ર દરમિયાન મુખ્યત્વે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની આક્રમક સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે વેરા રહિત ભાવ કિલોદીઠ રૂ. ૪૮૮૪ના ઉછાળા સાથે રૂ. ૯૭,૧૬૭ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વિશ્વ બજાર ભાવમાં તેજીનું વલણ જળવાઈ રહેતાં મધ્યસત્ર દરમિયાન ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૫૬ની તેજી સાથે રૂ. ૭૭,૬૫૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૫૫૮ની તેજી સાથે રૂ. ૭૭,૯૬૮ના મથાળે રહ્યા હતા.

તાજેતરમાં મધ્યપૂર્વના દેશોમાં વધેલા તણાવ ઉપરાંત અમેરિકાની પ્રમુખપદની ચૂંટણીના પરિણામોની અનિશ્ચિતતાઓ વચ્ચે સોનામાં સલામતી માટેની વ્યાપક માગ ખૂલતાં ભાવમાં તેજીનું વલણ જળવાઈ રહ્યું હોવાનું એએનઝેડના કોમોડિટી સ્ટ્રેટેજિસ્ટ સોની કુમારીએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ઔંસદીઠ ભાવ આગલા બંધ સામે ૦.૩ ટકા વધીને ૨૭૨૯.૪૦ ડોલર આસપાસ ક્વોટ થઈ રહ્યા હતા, જ્યારે વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૬ ટકા વધીને ૨૭૩૨.૭૩ ડોલર આસપાસ ક્વોટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ન્યૂ યોર્ક

(જુઓ પાનું ૨) ▶▶

# ડેટા લિકઃ આઈઆરડીએઆઈએ બે વીમા કંપનીને આઈટી સિસ્ટમ ઓડિટ કરવાનો આદેશ આપ્યો

નવી દિલ્હી : વીમાના નિયામક આઈઆરડીએઆઈએ બે વીમા કંપનીને પૉલીસીધારકોના ડેટા લીક થતાં તેમની આઈટી સિસ્ટમનું ઓડિટ કરવાનો આદેશ આપ્યો છે. નિયામક બે કંપનીઓના મેનેજમેન્ટ જોડે સંપર્કમાં છે.

વીમા કંપનીના નામ આપ્યા વિના નિયામકે કહ્યું હતું કે અમે ડેટા ફૂટી ગયાની બાબતને ગંભીરતાથી લઈએ છીએ અને અમે કંપનીઓ પૉલીસીધારકોના હિત જાળવે એની તકેદારી લઈશું. સ્ટાર હેલ્થ ઈન્શ્યોરન્સે તાજેતરમાં સ્વીકાર્યું હતું કે તેના પૉલીસીધારકોના ડેટા લીક થઈ ગયા છે. બીજી કંપનીનું નામ જાણવા મળ્યું નથી.

નિયામકે કહ્યું હતું કે અમારી પરિસ્થિતિ પર ચાંપતી નજર છે અને અમે કંપનીના મેનેજમેન્ટ સાથે સંપર્કમાં છીએ.

નિયામકે કહ્યું હતું કે પૉલીસીધારકોના ડેટા અને હિતનું રક્ષણ કરવા અમે નિયમિત અપડેટ મગાવીએ છીએ. બે કંપનીઓને સ્વતંત્ર ઓડિટર નિમવા કહેવામાં આવ્યું છે. સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર પ્રમાણે બે કંપનીઓએ સાઈબર લીકેજની વાત નિયામક અને સરકારને જણાવી છે. (એજન્સી)

# કાલે પ્રિયંકા ગાંધી વાયનાડ પેટાચૂંટણીમાં ઉમેદવારી નોંધાવશે

નવી દિલ્હીઃ કૉંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રા આવતીકાલે વાયનાડ લોકસભા પેટાચૂંટણી માટે ઉમેદવારી નોંધાવશે. આ માહિતી પાર્ટીના સૂત્રોએ આપી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર આ પ્રસંગે કૉંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, પાર્ટીના પૂર્વ પ્રમુખ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી ઉપસ્થિત રહેશે. નામાંકન દાખલ કરતા પહેલા પ્રિયંકા ગાંધીએ સોમવારે પાર્ટી પ્રમુખ ખડગેની મુલાકાત કરી અને તેમના આશીર્વાદ લીધા હતા. બુધવારે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સવારે ૧૧ વાગ્યે કાલપેટ્ટા નવા બસ સ્ટેન્ડથી રોડ શોનું નેતૃત્વ પણ કરશે. તેમણે જણાવ્યું કે ૨૩ ઓક્ટોબરે બપોરે ૧૨ વાગ્યે જિલ્લા કલેક્ટર સમક્ષ નામાંકન

(જુઓ પાનું ૨) ▶▶



મુલાકાત : ભારતના વિદેશપ્રધાન એસ જયશંકર નવી દિલ્હીમાં સોમવારે ઓસ્ટ્રેલિયા અને જર્મનીના સંસદસભ્યોને મળ્યા હતા. (પીટીઆઈ)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મસ્કે જાહેરમાં ઈવીએમ હેક કરીને બતાવવું જોઈએ

**હરિયાણામાં** ભાજપની અણધારી જીતના કારણે ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ વોટિંગ મશીન (ઈવીએમ)માં ગરબડનો મુદ્દો ગાજી રહ્યો છે ત્યાં દુનિયામાં સૌથી ધનિક એવા એલન મસ્કે ફરી દાવો કર્યો છે કે ઈવીએમથી ચૂંટણીમાં ગોટાળા કરવામાં આવે છે. અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલાં મસ્કે દેશભરમાં બેલેટ પેપર દ્વારા જ ચૂંટણી યોજવા અને હાથથી મતોની ગણતરી કરવાની અપીલ કરી હતી.

મસ્કે વોટિંગ મશીન બનાવતી કંપનીને નિશાન બનાવીને કહ્યું કે, ઈવીએમ હેક થઈ શકે છે. એલન મસ્કે દાવો કર્યો કે, પોતે એક ટેક્નિશિયન છે તેથી એટલું ચોક્કસ કહી શકું કે, ઈવીએમ દ્વારા મતદાન ન થવું જોઈએ કારણ કે ઈવીએમ હેક થઈ શકે છે. મસ્કના કહેવા પ્રમાણે, કમ્પ્યુટર પ્રોગ્રામિંગ સાથે જોડાયેલું હોય છે અને તેને હેક કરવું શક્ય છે.

મસ્કે આખી વાત અમેરિકાના સંદર્ભમાં કરી છે પણ એક જગાએ ઈવીએમ હેક થઈ શકે તો બીજી જગાએ થઈ જ શકે એ જોતાં આ વાત બધાં ઈવીએમને લાગુ પડે જ છે. મસ્કે પહેલાં પણ આ વાત કરી જ હતી. એલન મસ્કે ૧૫ જૂને ટ્વીટ કરી હતી કે, ઈલેક્ટ્રોનિક્સ વોટિંગ મશીન સિસ્ટમને ખતમ કરી દેવી જોઈએ કેમ કે ઈવીએમને માણસો કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) દ્વારા હેક કરી શકાય એવું જોખમ છે. આ રીતે હેકિંગની શક્યતા ઓછી છે પણ લોકશાહીમાં કોઈ ચાન્સ ના લઈ શકાય એ જોતાં આ બહુ મોટું જોખમ છે. આ સંજોગોમાં અમેરિકામાં ઈવીએમ દ્વારા વોટિંગ ન થવું જોઈએ.

મસ્કે પોતે ઈવીએમનો મુદ્દો નહોતો ઉખેળ્યો પણ અમેરિકામાં પ્રમુખપદના ઉમેદવાર રોબર્ટ એફ. કેનેડી જુનિયરની પોસ્ટ રિ-પોસ્ટ કરેલી. કેનેડી જુનિયરે પ્યુર્ટો રિકોની ચૂંટણીમાં ઈવીએમ દ્વારા થયેલી ગેરરીતિઓની વાત કરીને પેપર બેલેટથી મતદાનની તરફેણ કરેલી ને મસ્કે તેને ટેકો આપેલો. મસ્કે અત્યારે પણ વાત અમેરિકાની ચૂંટણીના સંદર્ભમાં જ કરી છે પણ સાથે સાથે ઈવીએમ હેક કરી શકાય છે એવો દાવો કર્યો છે તેથી મસ્કની વાત વૈશ્વિક સ્તરે લાગુ પડે છે.

મસ્ક રેંજીપેંજી માણસ નથી પણ ટેકનોલોજીનો જાણકાર માણસ છે. મસ્ક વિવિધ પ્રોજેક્ટ્સ પર વૈજ્ઞાનિકો સાથે સતત કામ કરે છે. દુનિયામાં બીજી કોઈ કંપની નથી કરી શકી એ સ્પેસ ટ્રાવેલિંગનું સપનું સાકાર મસ્કની કંપનીએ કર્યું છે એ જોતાં મસ્કને ટેકનોલોજીમાં માત્ર ખબર જ નથી પડતી પણ ટેકનોલોજીનો સારી રીતે ઉપયોગ કઈ રીતે કરી શકાય તેની પણ ખબર પડે છે. મસ્ક એક રીતે ટેકનોલોજીમાં ખૂંપેલો માણસ છે તેથી તેની વાતને ગંભીરતાથી લેવી જોઈએ તેમાં પણ શંકા નથી.

મસ્કે સૌથી મોટો દાવો એ કર્યો છે કે, ઈવીએમ હેક થઈ શકે છે. મસ્કે ઈવીએમ કઈ રીતે હેક થઈ શકે છે એ પણ કહ્યું છે તેથી આ વાતની ગંભીરતા વધી જાય છે પણ મસ્ક હોય કે બીજું કોઈ હોય પણ માત્ર વાતો કરવાથી કશું પુરવાર થતું નથી. પોતાના દાવાને ડેમોસ્ટ્રેશન આપીને સાચી કરવી પડે છે ને એલન મસ્કે પણ એ કરવું જોઈએ. મસ્કે જે કારણ આપ્યું છે એ ગળે ઊતરે એવું છે પણ તેને સાબિત કરવું વધારે જરૂરી છે. આ વાત મસ્ક જેવા ટેકનોલોજીના ધુંરધરને સમજાવવાની ના હોય એ જોતાં મસ્કે હવે પછી ઈવીએમ હેક થઈ છે ને ફલાણું થઈ શકે છે ને ઢીકણું થઈ શકે છે એવી વાતો કરવાના બદલે એ વાત સાબિત કરી બતાવવી જોઈએ.

મસ્ક કહે છે એ રીતે કમ્પ્યુટર પ્રોગ્રામિંગ સાથે જોડાયેલું હોવાથી હેક થઈ શકતું હોય તો પણ આખી દુનિયાની સામે તેને સાબિત ના કરાય તો કોઈ આ વાત ના માને. ભૂતકાળમાં મસ્ક જેવા દાવા ઘણાં લોકોએ કર્યા છે. સઈદ શુજા નામના હેકરે તો લંડનમાં પત્રકાર પરિષદમાં ફડાકો મારેલો કે, ભાજપે ૨૦૧૪ની લોકસભા ચૂંટણી ઈવીએમમાં ગરબડો કરીને જીતી હતી. હમણાં ઈવીએમ અંગે એક હેકેથ્લોન યોજાયેલી ને તેમાં પોતે આ વાત સાબિત કરી હોવાનો પણ તેણે દાવો કર્યો હતો. શુજાનો દાવો છે કે પોતે ભારતીય જ છે પણ ૨૦૧૪ની ચૂંટણીમાં ગરબડો થયેલી તેનો ભાંડો પોતે ફોડવાનો હતો તેથી પોતાની ટીમના સભ્યોને પતાવી દેવાનો ખેલ શરૂ થયો. તેના કારણે પોતે ડરીને ભારતથી ભાગી ગયેલો. શુજાના દાવા પ્રમાણે તો ભાજપના નેતા ગોપીનાથ મુંડેને આ ખેલની ખબર પડી ગયેલી તેથી તેમને પણ પતાવી દેવાયા. શુજાએ બીજી ઘણી વાતો કરી છે ને એ બધી માંડવાનો અર્થ નથી પણ તેની વાતનો સાર એટલો છે કે, મોદી ઈવીએમમાં ગરબડ કરીને જીતેલા.

શુજાના દાવા પ્રમાણે તો તે ભારતની ચૂંટણીમાં વપરાતાં ઈવીએમ બનાવનારી કંપનીમાં જ કામ કરતો હતો તેથી તેને આખા ખેલની ખબર પડી ગયેલી. શુજાએ આવી બધી બહુ વાતો કરેલી પણ કદી કશું સાબિત ના કર્યું. અત્યારે ટેકનોલોજી વર્લ્ડમાં જે ટ્રેન્ડ ચાલે છે એ જોતાં ઈવીએમ હેક કરી શકાતાં હોય તો કોઈએ ક્યારેક ને ક્યારેક તો એ અટકચાળું કર્યું જ હોત. અત્યારે દુનિયામાં એક એકનાં માથાં ભાંગે એવા ટેકનોલોજીના ખેરખાંઓ પડ્યા છે ને તેમાંથી કેટલાક એવા છે કે જેમને કશું નવું કરવામાં એટલી મજા નથી આવતી જેટલી મજા અટકચાળાં કરવામાં આવે છે. જડબેસલાક સિક્યોરિટી ધરાવતી વેબસાઈટ્સને હેક કરવામાં કે કોઈનાં સર્વરમાં ઘૂસીને તોડફોડ કરવામાં એ લોકો બહાદુરી સમજે છે. ભારતમાં તો એવી જમાત બહુ મોટી છે ત્યારે હજુ સુધી એવું કશું થયું નથી તેનો અર્થ શો થાય એ કહેવાની જરૂર નથી. કરવા ખાતર કદાચ એવી દલીલ કરી શકાય કે, બહુ થોડા લોકો આ કામમાં માહિર હશે તેથી બધું ઢંકાયેલું રહે છે. આ દલીલમાં દમ નથી કેમ કે ટેકનોલોજીમાં એક છીંડું શોધાય પછી તેના પર કોઈની મોનોપોલી રહે એવું શક્ય નથી.

જો કે મસ્ક શુજા નથી. રાજકારણીઓએ ખાલી આક્ષેપો કર્યા કરે છે કેમ કે તેમની એ આદત છે પણ મસ્ક રાજકારણી નથી. અત્યારે ભલે ડોનલ્ડ ટ્રમ્પના રવાડે ચડીને રાજકારણીઓ જેવી વાતો કરતો હોય પણ વાસ્તવિક રીતે એ ટેક્નોક્રેટ છે. આ સંજોગોમાં એલન મસ્કે ઈવીએમ હેક કરીને બતાવવું જોઈએ ને પોતે સાચું બોલે છે એ સાબિત કરી બતાવવું જોઈએ.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ પ્રારંભ), મંગળવાર, તા. ૨૨-૧૦-૨૦૨૪

- ભારતીય દિનાંક 30, માહે આશ્વિન, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, આશ્વિન વદ -૬
- જૈન વીર સંવત ૨૫૫0, માહે આશ્વિન, તિથિ વદ-૬
- પારસી શહેનશાહી રોજ ૯મો આદર, માહે 3જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૯મો આદર, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૮મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૯મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર આર્દ્રા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૩૮ સુધી પછી પુનર્વસુ.
- ચંદ્ર મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. 0૬ મિ.3૬ અમદાવાદ ક. 0૬ મિ. 3૯, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧0, અમદાવાદ ક. ૧૮ મિ. 0૮, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૪-૫૨, મધ્યરાત્રિ પછી ક. 0૩-૫૭ (તા. ૨૩)
- ઓટઃ સવારે ક. 0૯-0૨, રાત્રે ક. ૨0-૪૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ - ષષ્ઠી. સૌર હેમંતઋતુ પ્રારંભ, સૂર્ય સાયન વૃશ્ચિક રાશિ ક. ૨૭-૪૪. વિષ્ટિ ક. ૨૫-૨૯થી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ મંગળ-રાહુ ગ્રહદેવતાનું પૂજન, હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ પાઠ વાંચન, શિવપૂજા વિશેષરૂપે, શિવલિંગને અગરની ઔષધિનો લેપ કરવો. મંદિરોમાં પાટ-અભિષેક પૂજા, ધજા, કળશ પતાકા ચઢાવવી, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, વિદ્યારંભ, સૂર્યનારાયણનું પૂજન વિશેષરૂપે.
- આચમનઃ શુક્ર-રાહુ ત્રિકોણ વફાદાર સ્વભાવ, બુધ-શનિ ત્રિકોણ ગંભીર, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ નિષ્ફળતાનો ભય, ચંદ્ર-શનિ ત્રિકોણ જવાબદારીભર્યું સ્થાન મળે, ચંદ્ર-બુધ ચતુષ્કોણ ઉગ્ર પ્રકૃતિના.
- ખગોળ જ્યોતિષઃ શુક્ર-રાહુ ત્રિકોણ, બુધ-શનિ ત્રિકોણ, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ, ચંદ્ર-શનિ ત્રિકોણ (તા. ૨૩), ચંદ્ર-બુધ ચતુષ્કોણ (તા. ૨૩).
- ગ્રહગોચરઃ સૂર્ય-તુલા, મંગળ-કર્ક, બુધ-તુલા, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-વૃશ્ચિક, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર

## સોફ્ટી આઈસક્રીમ મિક્સ એ ડેરી ઉત્પાદન નથી,૧૮ ટકા જીએસટી લાગશેઃ એએઆર

નવી દિલ્હી : ઓથોરિટી ઑફ એડવાન્સ (એએઆર)ની રાજસ્થાન બેન્ચે ચુકાદો આપ્યો છે કે સોફ્ટી આઈસક્રીમ મિક્સ જે વેનિલા ફલેવરમાં મળે છે એ ડેરી ઉત્પાદન નથી અને એના પર ૧૮ ટકા જીએસટી લાગશે.

વીઆરબી કન્ઝયુમર પ્રોડક્ટસ પ્રાઈવેટ લિમિટેડે પાવડરના રૂપમાં રહેલા વેનિલા મિક્સને કેટલો વેરો લાગે એ માટે એએઆરમાં અરજી કરી હતી. વેનિલા મિક્સમાં ૬૧.૨ ટકા ખાંડ, ૩૪ ટકા મિલ્ક સોલિડ (સ્કીમ્ડ મિલ્ક પાવડર) અને ૪.૮ ટકા બીજી વસ્તુઓ જેવી કે ફ્લેવરિંગ સબસ્ટેન્સીસ અને મીઠું છે.

એએઆરએ નિરીક્ષણ કર્યું હતું કે દરેક ઘટક તત્ત્વોની આઈસક્રીમને મુલાયમ, સુંવાળો અને મલાઈવાળો બનાવવામાં ચોક્કસ ભૂમિકા છે. તદુપરાંત ઉત્પાદનના ઘટકતત્ત્વો જ નહીં, પરંતુ સોફ્ટ સર્વ મશીનમાં કરાતી પ્રોસેસ પણ આમાં અગત્યની ભૂમિકા ભજવે છે.

જીએસટીના કાયદા પ્રમાણે માનવ વપરાશ માટે ફૂડ પ્રીપરેશન જેના પર આગળ પ્રોસેસ થવાની હોય એના પર ૧૮ ટકા જીએસટી લાગે છે. તદુપરાંત મિલ્ક પાઉડર, સાકર અને બીજા ઉમેરવામાં આવેલા ઘટકો, ટેબલ ક્રીમના પાઉડર, જેલી, આઈસક્રીમ અને તેના જેવા ઉત્પાદનો પર ૧૮ ટકા જીએસટી લાગે છે. એએઆરએ કહ્યું હતું કે આથી એવું તારણ નીકળે છે કે સોફ્ટી આઈસક્રીમ મિક્સ એ ડેરી ઉત્પાદન નથી. આથી તેના પર ૧૮ ટકા જીએસટી લાગશે. એકેએમ ગ્લબોલ ના પાર્ટનરે કહ્યું હતું કે આ ચુકાદો સુપ્રીમ કોર્ટના ચુકાદાથી વિપરીત છે. અમૃત ફૂડ્સના કેસમાં સર્વોચ્ચ અદાલતે મિલ્કશેક મિક્સ અને સોફ્ટ સર્વ મિક્સને ડેરી પ્રોડક્ટ ગણ્યા છે. (એજન્સી)

## મ્યાનમારમાં હોડી ઊંધી વળતાં સાતનાં મોત, ૩૦ ગુમ

બેંગકોક : મ્યાનમારમાં આંતરવિગ્રહને લીધે ભાગી રહેલા ગ્રામવાસીઓની હોડી અંદામાન સમુદ્રમાં ઊંધી વળતાં સાત જણનાં મોત થયાં હતાં અને ૩૦થી વધારે લોકો ગુમ થયા હતા, એવી માહિતી બચાવ કામદાર અને સ્થાનિક માધ્યમોએ આપી હતી. રવિવારે હોડી ૭૦-૭૫ લોકોને ટાપુ ક્યોક કારની ખાડીથી મ્યાનમારના દક્ષિણ વિસ્તારના તટીય નગર તાનીનથર્યી લઈ જઈ રહી હતી ત્યારે હોડી ઊંધી વળી હતી. અંદાજે ૩૦ જણને બચાવ કાર્ય કરનાર ગ્રામજનોએ બચાવી લીધા હતા. આ હોડી તેની ક્ષમતાં કરતાં વધારે ભરાઈ હતી. ખીચોખીચ ભરાયેલી હોડી રવિવારે સાડાનવ વાગ્યે ક્યોક કારની ખાડીમાંથી રવાના થઈ હતી. આ બચાવ કાર્ય કરનાર એક ગ્રામજને નામ ન જણાવાની શરતે કહ્યું હતું કે હોડીની દુર્ઘટનાનું કારણ ખબર નથી, પરંતુ હોડીમાં સામાન્ય રીતે ૩૦-૪૦ લોકો હોય છે. આ હોડીમાં ક્ષમતા કરતા વધારે લોકો હતા. લોકોએ તેમની સાથે કોમોડિટી પણ લઈ ગયા હતા. સમુદ્રમાં ત્યારે જોરદાર પ્રવાહ હતો. ગ્રામજનને ડર છે કે તે તેનું નામ જણાવીને માહિતી આપશે તો લશ્કર તેની ધરપકડ કરશે.

ક્યોક કાર યાન્ગુનથી ૫૨૦ કિલોમીટર દક્ષિણે છે. મ્યાનમારના લશ્કર અને આઝાદી માટે લડતા ગેરીલા વચ્ચે યુદ્ધ ચાલુ છે. એક અઠવાડિયાથી લડાઈ ચાલુ હોવાથી ગ્રામજનોએ હોડીમાં ત્યાંથી ભાગી જવાનો પ્રયાસ કર્યો હતો.

લશ્કરે ફેબ્રુઆરી ૨૦૨૧માં ઓન્ગ સાન સુન કીની ચૂંટાયેલી સરકારની હકાલપટ્ટી કરતાં લશ્કરી શાસનના વિરોધીએ સશસ્ત્ર સંઘર્ષ શરૂ કર્યો હતો. દેશના મોટા ભાગમાં આતંરવિગ્રહ ચાલુ છે. (એજન્સી)

## ચૂંટણી પંચે અજય કુમાર સિંહને ઝારખંડના નવા ડીજીપી તરીકે નિયુક્ત કર્યા

નવી દિલ્હી/રાંચીઃ ચૂંટણી પંચે અનુરાગ ગુપ્તાને કાર્યકારી પોલીસ વડા તરીકે હટાવ્યાના દિવસો પછી સોમવારે ઝારખંડ કેડરના વરિષ્ઠ-સૌથી વધુ આઈપીએસ અધિકારી અજય કુમાર સિંહને રાજ્યના ડીજીપી તરીકે નિયુક્ત કર્યા છે.

ભારતીય પોલીસ સેવાના ૧૯૮૯ બેચના અધિકારી, સિંહને રાજ્ય સરકાર દ્વારા મોકલવામાં આવેલ ત્રણ આઈપીએસ અધિકારીનાં નામની પેનલમાંથી પસંદ કરવામાં આવ્યા છે .

આ મહિનાની શરૂઆતમાં, ચૂંટણી પંચે રાજ્ય સરકારને ૨૧ ઓક્ટોબરની સવાર સુધીમાં વરિષ્ઠ ભારતીય પોલીસ સેવા (આઈપીએસ) અધિકારીઓના નામોની પેનલ સબમિટ કરવા કહ્યું હતું જેથી તે આગામી ડીજીપી તરીકેના અધિકારીની પસંદગી કરી શકે.

ચૂંટણી સત્તાવાળાએ શનિવારે કાર્યકારી ડીજીપી અનુરાગ ગુપ્તાને અગાઉની ચૂંટણીઓમાં ચૂંટણી સંબંધિત ગેરવર્તણૂકના તેમના "ઇતિહાસ"ને કારણે દૂર કરવાનો આદેશ આપ્યા પછી નવાં નામો મોકલવામાં આવ્યા હતા.

રાજ્યમાં ૧૩ અને ૨૦ નવેમ્બરે બે તબક્કામાં મતદાન થશે. ૧૯૯૦ બેચના આઈપીએસ અધિકારી ગુપ્તાને ૨૬ જુલાઈએ સિંહના સ્થાને ચાર્જ સોંપવામાં આવ્યો હતો જેઓ તે સમયે ડીજીપી હતા.

સિંહને તેમના પુરોગામી નીરજ સિંહાની નિવૃત્તિ પછી ફેબ્રુઆરી ૨૦૨૩માં રાજ્યના ડીજીપી બનાવવામાં આવ્યા હતા. ગયા વર્ષે સિંહની નિમણૂકથી રાજ્યના ડીજીપીની નિમણૂક અંગેના વિવાદનો અંત આવ્યો હતો કારણ કે સુપ્રીમ કોર્ટે જાન્યુઆરી ૨૦૨૩માં ઝારખંડ સરકાર અને ભૂતપૂર્વ પોલીસ વડા નીરજ સિંહા સામેની તિરસ્કારની અરજીનો નિકાલ કર્યો હતો.

એ અરજીમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે સિન્હાને ૩૧ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ તેમની નિવૃત્તિ પછી પણ ડીજીપી પદ પરથી હટાવાયા ન હતા.

ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડની આગેવાની હેઠળની બેન્ચે ત્યારબાદ રાજ્યને યુપીએસસી દ્વારા કરવામાં આવેલી વિનંતીઓ પર હાજર રહેવાનો નિર્દેશ આપ્યો હતો.

૧૪ જુલાઈ, ૨૦૨૧ ના રોજ, કોર્ટે રાજ્ય સરકાર, તેના ઉચ્ચ અધિકારીઓ અને યુપીએસસી વિરુદ્ધ તેના ચુકાદાના કથિત ઉલ્લંઘન બદલ તિરસ્કારની અરજી પર નોટિસ જારી કરી હતી.



**સાયરનઃ** ઉત્તર ઈઝરાયલના હાઈફાની સીમાડે આવેલા તેલ રેગેવ સીમેટરીમાં એલેક્સી પોપોવની અંતિમયાત્રા વખતે લેબેનોનથી રોક્ટ હુમલો કરાતા સાયરન વાગ્યું હતું. પોપોવ લેબેનોનથી કરાયેલા રોકેટ હુમલામાં માર્યા ગયા હતા. (પીટીઆઈ)

## પહેલા પાનાનું ચાલુ

### ભારત ટેકન ફોર

કાર્યક્રમમાં કહ્યું કે ભારતના વિકાસની ગાથા ઘણી લાંબી છે પરંતુ જો છેલ્લા ૧૨૫ દિવસની જ વાત કરીએ તો તેમાં પણ ભારત ઝડપથી આગળ વધી રહ્યું છે. વડા પ્રધાને કહ્યું કે અમારી સરકારના ત્રીજા કાર્યકાળના ૧૨૫ દિવસ પૂર્ણ થયા છે. પ્રથમ ૧૨૫ દિવસમાં ગરીબો માટે ૩ કરોડ ઘર બનાવવાની મંજૂરી આપવામાં આવી છે. ૧૨૫ દિવસમાં ૫ લાખ ઘરોમાં સોલાર પેનલ લગાવવામાં આવી છે. ૧૨૫ દિવસમાં શેરબજારમાં ૬ થી ૭ ટકાનો વધારો થયો છે.સરકારની સિદ્ધિઓનું વર્ણન કરતા વડા પ્રધાને કહ્યું કે ૧૨૫ દિવસમાં ગરીબો માટે ૩ કરોડ પાકાં મકાનો મંજૂર કરવામાં આવ્યા છે. ૯ લાખ કરોડના ઈન્ફ્રા પ્રોજેક્ટ પર કામ શરૂ થઈ ગયું છે. ૧૫ નવી વંદે ભારત શરૂ થઇ છે. ૮ નવા એરપોર્ટ પર કામ શરૂ થઈ ગયું છે. યુવાનો માટે ૨ લાખ કરોડ રૂપિયાનું પેકેજ આપવામાં આવ્યું છે. ખેડૂતોના ખાતામાં ૨૧ હજાર કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. ૭૦ વર્ષથી ઉપરના વૃદ્ધો માટે ૫ લાખ રુપિયા સુધીની મફત સારવારની વ્યવસ્થા કરવામાં આવી છે.

પીએમ મોદીએ કહ્યું કે ૫ લાખ ઘરોમાં રૂફટોપ સોલાર પ્લાન્ટ લગાવવામાં આવ્યા છે. 'માતા કે નામ' અભિયાનમાં ૯૦ કરોડ વૃક્ષો વાવવામાં આવ્યા છે. વડા પ્રધાને કહ્યું કે તમે લોકો આ સમિટમાં ઘણા વિષયો પર ચર્ચા કરવાના છો. વિવિધ ક્ષેત્રના વૈશ્વિક નેતાઓ પણ તેમના વિચારો રજૂ કરશે. જો છેલ્લા ૪-૫ વર્ષનો સમયગાળો જોઈએ તો મોટાભાગની ચર્ચાઓમાં એક વાત સામાન્ય રહી છે, તે છે ભવિષ્યની ચિંતા. વડા પ્રધાને કહ્યું કે કોરોના સમયે વૈશ્વિક મહામારીનો સામનો કેવી રીતે કરવો તેની ચિંતા હતી. જેમ જેમ કોવિડ મહામારી આગળ વધી તેમ તેમ વિશ્વ અર્થતંત્ર અંગે ચિંતાઓ હતી. કોરોનાએ મોંઘવારી અને બેરોજગારી પર ચિંતા વધારી છે. ક્લાઈમેટ ચેન્જને લઈને પહેલાથી જ ચિંતા હતી, પરંતુ શરૂ થયેલા યુદ્ધોને કારણે ચિંતા વધુ વધી ગઈ છે.

વડા પ્રધાને કહ્યું કે જાહેર જીવનમાં હું અવારનવાર વિવિધ પ્રકારના લોકોને મળું છું. તેઓ કહે છે કે તમે ત્રણ વખત સરકાર બનાવી છે, તમે આટલી બધી કેમ દોડાદોડી કરો છો? દેશ દુનિયાની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયા છો તો પછી આટલી મહેનત કરવાની શું જરૂર છે? આ રીતે બોલતા ઘણા લોકો મળી શકે છે. આપણે જે સપના જોઈએ છીએ તેમાં ના તો શાંતિ હોવી જોઇએ ના આરામ કરવો જોઇએ.

છેલ્લા ૧૦ વર્ષમાં ૨૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. છેલ્લા ૧૦ વર્ષમાં લગભગ ૧૨ કરોડ શૌચાલય બનાવવામાં આવ્યા છે. ૬ કરોડ લોકોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે. ૧૫ થી વધુ એઇમ્સ બનાવવામાં આવી છે.

તેમણે કહ્યું હતું કે દેશની જનતાએ સતત ત્રીજી વખત સરકારને પોતાનો જનાદેશ આપ્યો છે. આ સ્થિરતાનો સંદેશ છે. વિશ્વ અને આપણી પાસે માત્ર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ નથી, પરંતુ આપણી પાસે એક બીજું એઆઇ એટલે કે એસ્પિરેશનલ ઈન્ડિયા પણ છે જ્યારે એસ્પિરેશનલ ઈન્ડિયા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એકસાથે આવશે, તો સ્વાભાવિક છે કે વિકાસની ગતિ પણ ઝડપી થશે. હવે સફળતાનો માપદંડ એ નથી કે આપણે શું મેળવ્યું છે. હવે આપણા ભાવિ ધ્યેય શું છે, આપણે ક્યાં પહોંચવાનું છે. છેલ્લા ૧૦ વર્ષમાં ૨૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. છેલ્લા ૧૦ વર્ષમાં લગભગ ૧૨ કરોડ શૌચાલય બનાવવામાં આવ્યા અને ૧૬ કરોડ લોકોએ ગેસ કનેક્શન મેળવ્યા હતા. તેમણે કહ્યું કે વિશ્વએ ભારતના સફળ ચંદ્રયાન મિશનને તહેવારની જેમ ઉજવ્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, ભારતની વૃદ્ધિ ઈર્ષ્યાને જન્મ આપતી નથી કારણ કે તેની પ્રગતિથી સમગ્ર વિશ્વને લાભ આપે છે.

### સોનું, ચાંદી

મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે એક તબક્કે ભાવ વધીને ઓલ ટાઈમ હાઈ ઔંસદીઠ ડોલરની સપાટી સુધી પહોંચ્યા હતા. તેમ જ આજે લંડન ખાતે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૧.૧ ટકાના ઉછાળા સાથે ઔંસદીઠ ૩૪.૦૩ ડોલર આસપાસ ક્વોટ થઈ રહ્યા હતા. અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણી તીવ્ર રસાકસીના તબક્કામાં પહોંચી હોવાથી તેમ જ મધ્યપૂર્વનાં દેશોમાં ઈઝરાયલ-લેબેનોન-હિઝબુલ્લાહ વચ્ચે તણાવમાં વધારો થવાને કારણે સોનામાં સલામતી માટેની માગનો પ્રબળ ટેકો મળી રહ્યો હોવાથી આ વર્ષના અંત સુધીમાં સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૨૮૦૦ ડોલર સુધી પહોંચે તેવી શક્યતા કેસીએમ ટ્રેડના વિશ્લેષકે વ્યક્ત કરી હતી. વધુમાં અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી નવેમ્બર મહિનાની નીતિ વિષયક બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પોઈન્ટનો કાપ મૂકે તેવી શક્યતા ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા છે.

### કાલે પ્રિયંકા ગાંધી

દાખલ કરવામાં આવશે. પ્રિયંકા ગાંધી વાયનાડ સંસદીય પેટાચૂંટણી માટે યુડીએફ ઉમેદવાર છે. એક સૂત્રના જણાવ્યા અનુસાર કૉંગ્રેસ મહાસચિવ બુધવારે કાલપેટ્ટામાં રિટર્નિંગ ઓફિસર સમક્ષ સત્તાવાર રીતે પોતાનું નામાંકન દાખલ કરશે. સૂત્રોએ જણાવ્યું કે કૉંગ્રેસના મુખ્ય પ્રધાનો સાથે મુખ્ય રાષ્ટ્રીય અને રાજ્યના નેતાઓ પણ તેમનું સમર્થન દર્શાવવા માટે ઉપસ્થિત રહે તેવી શક્યતા છે. ગયા અઠવાડિયે ચૂંટણી પંચની વાયનાડ લોકસભા બેઠક માટે પેટાચૂંટણીની જાહેરાત સાથે જ કેરળ મતવિસ્તારમાંથી પ્રિયંકા ગાંધીના ચૂંટણી પ્રવેશ માટે મંચ તૈયાર થઇ ગયું છે. જ્યાંથી તેઓ સક્રિય રાજકારણમાં જોડાયાના પાંચ વર્ષ પછી સંસદમાં પ્રવેશ કરી શકે છે. ચૂંટણી પંચ દ્વારા વાયનાડ પેટાચૂંટણીની જાહેરાતના તુરંત બાદ કૉંગ્રેસે ઘોષણા કરી કે પ્રિયંકા ગાંધી(૫૨) કેરળની આ બેઠક પરથી તેની ઉમેદવાર હશે.

## સિંગાપોરના વડા પ્રધાન સાથે ધર્મેન્દ્ર પ્રધાનની મુલાકાત

નવી દિલ્હીઃ કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને સોમવારે સિંગાપોરના વડા પ્રધાન લોરેન્સ વોંગ સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન શાળા શિક્ષણ, વ્યાવસાયિક શિક્ષણ અને સંશોધનમાં બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સહયોગ વધારવા અને વિસ્તરણ કરવા અંગે ચર્ચા થઇ હતી.

સત્તાવાર નિવેદન અનુસાર વાટાઘાટોમાં ત્રણ મુખ્ય સ્તંભો- પ્રતિભા, સંસાધનો અને બજારોના માધ્યમથી ભાગીદારીને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. પ્રધાને ભારપૂર્વક જણાવ્યું કે ભારત સિંગાપોરને એક વિશ્વસનીય જ્ઞાન ભાગીદાર તરીકે જુએ છે. ખાસ કરીને ડીપ ટેક, સ્ટાર્ટ-અપ અને ઇનોવેશન ઇકોસિસ્ટમને આગળ વધારવામાં. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે શિક્ષણ પ્રધાને એ વાત પર પણ પ્રકાશ ફેંક્યો છે કે વડા પ્રધાન મોદી અને તેમના સિંગાપોરના સમકક્ષે ભારત-સિંગાપુર સહકારને વ્યાપક ભાગીદારીમાં બદલવા માટે એક મજબૂત રૂપરેખાની રૂપરેખા તૈયાર કરી છે, જેમાં મહત્ત્વપૂર્ણ અને ઉભરતા ક્ષેત્રોમાં સહકાર પણ સામેલ છે.આ પહેલા દિવસ દરમિયાન પ્રધાને શિક્ષણના વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને મજબૂત કરવા અંગે ચર્ચા કરવા માટે તેના સમકક્ષ સિંગાપુરના શિક્ષણ પ્રધાન ચાન ચુન સિંગ સાથે મુલાકાત કરી હતી. પ્રધાને ભારતની શિક્ષણ પ્રણાલીના આંતરરાષ્ટ્રીયકરણને સરળ બનાવવા માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. બંને પ્રધાનોએ વિદેશી ઇન્ટર્નશિપ કાર્યક્રમો માટે માર્ગો શોધ્યા, જેથી ભારતીય વિદ્યાર્થીઓને સિંગાપોરની કંપનીઓમાં પ્રેક્ટિકલ અનુભવ મેળવવામાં મદદ મળી શકે.

નિવેદનમાં જણાવ્યા અનુસાર બંને દેશોના વિદ્યાર્થીઓ વચ્ચે સાંસ્કૃતિક જોડાણને વધુ મજબૂત કરવા માટે ભારત અને સિંગાપુરમાં શાળાઓને જોડવાની સંભાવના પર ચર્ચા કરવામાં આવી હતી.

## હિમાચલની વિવાદિત મસ્જિદના ત્રણ માળ તોડાશે

શિમલાઃ વક્ફ બૉર્ડે વિવાદિત સંજૌલી મસ્જિદના ત્રણ "અનધિકૃત" માળને તોડી પાડવાની મંજૂરી આપી છે અને કામ ટૂંક સમયમાં શરૂ થશે. આ મસ્જિદ હિંદુ સંગઠનો અને અન્ય લોકોના વિરોધના કેન્દ્રમાં છે .

મસ્જિદની મેનેજિંગ કમિટીના પ્રમુખ મુહમ્મદ લતીફે સોમવારે અહીં પત્રકારોને જણાવ્યું હતું કે મ્યુનિસિપલ કમિશનર કોર્ટનો ૫ ઓક્ટોબરનો આદેશ પ્રાપ્ત થયા બાદ વક્ફ બોર્ડ અને સંજૌલી મસ્જિદ સમિતિના પ્રમુખને પાંચ માળના વિવાદિત માળખાના ત્રણ માળ તોડી પાડવાનો આદેશ આપવામાં આવ્યો હતો, તેની વક્ફ બોર્ડને જાણ કરવામાં આવી હતી અને આગળ વધવા માટે આદેશો પ્રાપ્ત થયા છે.

મ્યુનિસિપલ કમિશનર કોર્ટના આદેશ અનુસાર વક્ફ બોર્ડ અને મસ્જિદ કમિટીના પ્રમુખે પોતાના ખર્ચે બે મહિનામાં મસ્જિદનો અનધિકૃત હિસ્સો તોડી પાડવો પડશે.

સત્તાવાળાઓ તરફથી નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ મળતાની સાથે જ ડિમોલિશનનું કામ શરૂ કરવામાં આવશે, એમ લતીફે જણાવ્યું હતું એક પ્રતિનિધિમંડળ એ ૧૨ સપ્ટેમ્બરે મસ્જિદના અનધિકૃત માળને તોડી પાડવાની રજૂઆત કરી હતી અને લતીફ એ મંડળમાં સામેલ હતો.

# અંકલેશ્વરની ફેક્ટરીમાંથી ૨૫૦ કરોડની કિંમતનું ૪૨૭ કિલો ડ્રગ્સ ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અંકલેશ્વર જીઆઇડીસીમાં આવેલી કંપનીમાંથી ૪૨૭ કિલો ડ્રગ્સનો મોટો જથ્થો ઝડપાયો છે. સુરત અને ભરૂચ પોલીસે એક સંયુક્ત ઓપરેશ પાર પાડીને અંકલેશ્વરની અવસર એન્ટરપ્રાઇઝ નામની કંપનીમાંથી ૪૨૭ કિલોનો ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે કંપની સંચાલક સહિત બે લોકોની ધરપકડ કરી હતી. પોલીસે આ ડ્રગ્સનો જથ્થો તપાસ અર્થે એફએસએલમાં મોકલી આપ્યો છે.પોલીસની પૂછપરછમાં આ ડ્રગ્સ કેવી રીતે અહીં આવ્યું. કોને પહોંચાડવાનું હતું તેનો પર્દાફાશ થઈ શકે છે.

પોલીસે ૧૪.૧૦ લાખનું ૧૪૧ ગ્રામ ડ્રગ્સ કબજે કર્યું છે. અન્ય ૪૨૭ કિલો ડ્રગ્સનો જથ્થો હાલ ચકાસણી અર્થે એફએસએલમાં મોકલવામાં આવ્યો છે. પોલીસે કંપની સંચાલક વિશાલ પટેલ સહિત અન્ય ૨ આરોપીની પણ ધરપકડ કરી છે, જ્યારે કંપનીનો માલિક વિદેશમાં હોવાની જાણકારી મળી છે. ઉલ્લેખનીય છે કે, ૧૩ ઓક્ટોબરે અંકલેશ્વરમાં આવકાર ડ્રગ્સ પ્રા. લિમિટેડ કંપનીમાં સર્ચ દરમિયાન પોલીસને ૫૧૮ કિલોગ્રામ કોકેઈન મળી આવ્યું હતું, જેની કિંમત ૫,૦૦૦ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે. ■

# રાજ્યના ૬૯ તાલુકામાં મેઘમહેરઃ રાજકોટના લોધિકામાં ૪.૬ ઈંચ વરસાદ ખાબક્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાંથી ૧૪ ઓક્ટોબરે નૈર્ઋત્ય ચોમાસાએ વિદાય લઈ લીધી છે, એમ છતાં રાજ્યના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ તો ક્યાંક ભારે વરસાદ પડી રહ્યો છે. દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે હજુ પણ રાજ્યમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૬૯ તાલુકામાં મેઘમહેર થઈ હતી. એમાં પણ સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ નોંધાયો હતો. રાજકોટના લોધિકામાં સૌથી વધુ ૪.૬ ઈંચ વરસાદ વરસ્યો હતો, ભારે વરસાદથી કપાસ, મગફળી, સોયાબીન સહિતનો પાક બરબાદ થયો હતો.

છેલ્લા ૨૪ કલાકમાં લોધિકા ઉપરાંત મોરબીમાં ચાર ઈંચ, માળિયા હાટીનામાં સાડા ત્રણ ઈંચ, મેંદરડામાં સાડા ત્રણ ઈંચ, કુકાવાવ-વડીયામાં ત્રણ ઈંચ,કાલાવડમાં અઢી ઈંચ,રાણાવાવમાં અઢી ઈંચ,રાજકોટમાં અઢી ઈંચ, કલ્યાણપુરમાં સવા બે ઈંચ, થાનગઢમાં બે ઈંચ, જૂનાગઢમાં બે ઈંચ, કડીમાં બે ઈંચ, વાંકાનેરમાં બે ઈંચ, ગોધરામાં પોણા બે ઈંચ, કોટડા સાંગાણીમાં પોણા બે ઈંચ, ખંભાળીયામાં દોઢ ઈંચ, વંથલીમાં દોઢ ઈંચ, સાવરકુંડલામાં દોઢ ઈંચ, ધોરાજીમાં સવા ઈંચ, લિલિયામાં સવા ઈંચ, કેશોદમાં એક ઈંચ, જસદણમાં એક ઈંચ વરસાદ વરસ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચોમાસાની સિઝનમાં રાજ્યમાં ૧૪૩ ટકા વરસાદ ખાબક્યો હતો. તે ઉપરાંત સૌરાષ્ટ્રમાં આ સીઝનમાં ૧૫૭ ટકા તો દક્ષિણ ગુજરાતમાં ૧૪૮ ટકા, કચ્છમાં ૧૮૮ ટકા, મધ્ય ગુજરાતમાં ૧૩૪ ટકા, ઉ.ગુજરાતમાં ૧૧૬ ટકા વરસાદ નોંધાયો હતો. ■

# અમદાવાદમાં પરોઢિયે વીજળીના કડાકા-ભડાકા સાથે એક ઈંચ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં વીજળીના કડાકાભડાકા સાથે પવન ફૂંકાયો હતો. અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં સોમવારે વહેલી સવારથી જ અમદાવાદ શહેરમાં પશ્ચિમ વિસ્તારમાં વીજળીના કડાકા ભડાકા સાથે અડધાથી એક ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. વરસાદની સાથે ભારે પવન ફુંકાતા શહેરમાં ક્યાંક વૃક્ષ, તો ક્યાંક હોર્ડિંગ્સ પણ ધરાશાયી થયાના અહેવાલ મળ્યા હતા. એસપી રિંગ રોડ પર પતરાનો શેડ પણ ધરાશાયી થયો હતો. ધોધમાર વરસાદ વરસતાં જનજીવન પ્રભાવિત થયું હતું. સવારે ઓફિસ અને ધંધાર્થે જતાં લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

શહેરમાં સૌથી વધુ વરસાદ એસજી હાઇવે, ગોતા, સાયન્સસિટી, સોલા, ઓગણજ, એસપી રીંગ રોડ, જોધપુર, સેટેલાઈટ, શિવરંજની, આનંદનગર, પ્રહલાદનગરમાં એક ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. જ્યારે બોડકદેવ, વસ્ત્રાપુર, બોપલ, ઘુમા, શીલજ, થલતેજ, શ્યામલ સહિતના વિસ્તારોમાં અડધો ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. પાલડી, વાસણા, આશ્રમરોડ, ઉસ્માનપુરા, નવાવાડજ, રાણીપ, ચાંદખેડ, જગતપૂર, ન્યુ રાણીપ, નરોડા, કોતરપુર, સરદારનગર સહિતના વિસ્તારોમાં સામાન્ય વરસાદ ખાબક્યો હતો.

અત્રે ઉલ્લેખનિય છે કે, હવામાન વિભાગની આગાહી મુજબ અરબ સાગરમાં સર્જાયેલી સિસ્ટમના કારણે ૨૩ ઓક્ટોબર સુધી ગુજરાતમાં વરસાદી માહોલ રહેશે. તો બીજી તરફ બંગાળની ખાડીમાં પણ એક સાયક્લોનિક સિસ્ટમ એક્ટિવ થઇ છે. જેની અસરથી પણ ગુજરાતમાં વરસાદ વરસી શકે છે. ■

# જિજ્ઞેશ મેવાણીનો ગંભીર આરોપ 'બાબા સિદ્દીકીની જેમ મારી હત્યા થાય તો આઈપીએસ પાંડિયન જવાબદાર'

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કોંગ્રેસના તેજતર્રાર યુવા નેતા અને વડગામના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ આઈપીએસ અધિકારી રાજકુમાર પાંડિયન પર ફરી એક વખત મોટો આરોપ લગાવ્યો હતો. જિજ્ઞેશ મેવાણીએ સોશિયલ મીડિયા સાઇટ એક્સ પર પોસ્ટ કરીને પોતાના જીવને જોખમ હોવાની વાત પણ જણાવી હતી. તે ઉપરાંત તેમણે તેમના પરિવાર, ટીમના સભ્યોને કંઈ પણ થાય તો તેના માટે આઈપીએસ રાજકુમાર પાડિંયનને જવાબદાર ઠેરવવા જણાવ્યું હતું.

ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ સોશિયલ મીડિયા સાઇટ એક્સ પર પોસ્ટ કરતા લખ્યુ હતું કે, ''બાબા સિદ્દીકીની જેમ જો મારી કે મારા પરિવારજનોની અથવા મારી ટીમના સાથીમાંથી કોઇની પણ હત્યા થાય છે તો તેના માટે માત્ર અને માત્ર આઈપીએસ રાજકુમાર પાંડિયન જવાબદાર હશે. ફેક એન્કાઉન્ટર કેસમાં ૭ વર્ષ જેલની સજા કાપી ચુકેલા આ અધિકારીના ચરિત્રને આખું ગુજરાત ઓળખે છે. ભલે પછી ગમે તે થઈ જાય, હું ગુજરાત અને દેશના દલિત-પછાત અને બહુજનના આત્મ-સન્માનની લડાઇ ક્યારેય નહીં છોડું.''

અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો અગાઉ ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી દલિતોના પ્રશ્ન મુદ્દે રજૂઆત કરવા આઈપીએસ રાજકુમાર પાંડિયનની ઓફિસમાં મળવા માટે ગયા ત્યારે ધારાસભ્યના પ્રોટોકોલનો ભંગ કરીને તેમણે ધારાસભ્ય મેવાણી સાથે મોબાઇલ બહાર રાખવાના મુદ્દે ઉદ્ધતાઈભર્યું વર્તન કર્યું હતું, બાદમાં ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી અને આઇપીએસ રાજકુમાર પાંડિયન વચ્ચે ઉગ્ર બોલાચાલી થઇ હતી. આ મામલે જિજ્ઞેશ મેવાણીએ વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીને ધારાસભ્ય સાથે ગેરવર્ણતૂક કરનારાં ઉચ્ચ પોલીસ અધિકારી પાંડિયન વિરુદ્ધ વિશેષાધિકાર ભંગ બદલ કાર્યવાહી કરવાની માગ કરી હતી. ■

# રાજ્ય સરકારની વર્ગ-૪ના કર્મચારીઓને દિવાળી ભેટ

## ₹૭ હજારની મર્યાદામાં બોનસ ચૂકવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે વર્ગ ૪નાં કર્મચારીઓને દિવાળીની ભેટ આપી હતી. રાજ્ય સરકાર વર્ગ-૪ના કર્મચારીઓને ૭ હજારની મર્યાદામાં એડહોક બોનસ ચૂકવશે. મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે આગામી દિવાળીના તહેવારો વર્ગ-૪ના કર્મચારીઓ હર્ષોલ્લાસભેર ઉજવી શકે તે માટે રૂપિયા ૭ હજારની મર્યાદામાં એડહોક બોનસ આપવાનો નિર્ણય કર્યો હતો. સાત હજારની મહત્તમ મર્યાદામાં બોનસનો વર્ગ-૪ના અંદાજે ૧૭ હજાર ૭૦૦થી વધુ કર્મચારીઓને લાભ મળશે.

મુખ્યપ્રધાને રાજ્ય સરકારના નાણાં વિભાગને આ અંગેના જરૂરી આદેશો કરવાના દિશાનિર્દેશો પણ આપ્યા હતા. આ ઉપરાંત રાજ્ય સરકાર અને પંચાયત, ગ્રાન્ટ ઈન એઈડ તથા બોર્ડ નિગમના વર્ગ-૪ ના અંદાજે ૨૧ હજારથી વધુ કર્મચારીઓને પણ બોનસનો લાભ મળશે.

રાજ્યના કર્મચારીઓ દિવાળીનો પર્વ ઉજવી શકે તે માટે મુખ્યપ્રધાન સમક્ષ વિવિધ કર્મચારી મંડળો, એસોસિએશન અને અગ્રણીઓ દ્વારા રજૂઆતો કરવામાં આવી હતી. જેનો મુખ્યપ્રધાને સકારાત્મક પ્રતિસાદ આપતાં વર્ગ-૪ના કર્મચારીઓ અને પેન્શનરોને ઓક્ટોબર માસનો પગાર અને પેન્શન પણ એડવાન્સમાં ચૂકવવા નિર્ણય કર્યો હતો. ■

# કચ્છના ભચાઉ નજીક ૩.૨ની તીવ્રતાનો ભૂકંપનો ઝટકો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: દીપોત્સવીના તહેવારો વચ્ચે રાજ્યમાં સર્જાયેલા મેઘાવી માહોલ વચ્ચે ભૂકંપ માટે સંવેદનશીલ એવા કચ્છમાં ૩.૨ની તીવ્રતાના ભૂકંપના આંચકાએ કચ્છની અશાંત ધરતી ધ્રુજાવતાં ભય ફેલાયો હતો. ગત ૧૭મી ઓક્ટોબરના રોજ ખાવડાથી ૪૪ કિલોમીટર દૂર પાકિસ્તાનની સરહદ પાસે કેન્દ્રબિંદુ ધરાવતા ચારની તીવ્રતાનો શક્તિશાળી આફ્ટર શોક આવ્યો તેના માત્ર ચાર દિવસ બાદ સોમવારે વહેલી સવારના ૫ અને ૪૫ કલાકે તાલુકા મથક ભચાઉથી ૨૨ કિમી દૂર કેન્દ્રબિંદુ ધરાવતું આ ૩.૨ની તીવ્રતાનું કંપન સિસ્મોલોજી કચેરી ખાતે નોંધાયું હતું. પ્રમાણમાં વધારે સેકન્ડ સુધી આવેલા આંચકાની અનુભૂતિ કેન્દ્રબિંદુ આસપાસનાં ગામોમાં વિશેષ થવા પામી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, સદીઓથી કચ્છની અશાંત રહેલી ધરાને સતત ધ્રુજાવી રહેલા ધરતીકંપના આંચકાઓના કેન્દ્રબિંદુ વાગડ ફોલ્ટલાઇનની આસપાસના જ રહ્યા છે જેમાં ભચાઉ, ફતેહગઢ, રાપર, કરમરીયા અને પ્રાચીન નગર ધોળાવીરાનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૪માં અત્યાર સુધી ૩થી લઇ ૪.૨ની તીવ્રતા ધરાવતા સેંકડો આંચકા નોંધાઈ ચૂક્યા છે અને મુંદરા, માંડવી અને ભચાઉ તાલુકામાં ક્યારેક થતા ભેદી ધડાકા પણ લોકોને સતત ડરાવી રહ્યા છે. ■

# બે દાયકા જૂના કરોડોના કાટમાળ કૌભાંડના લાંચ કેસમાં કચ્છના તત્કાલીન જિલ્લા વિકાસ અધિકારીનો કોર્ટમાં નિર્દોષ છુટકારો

ભુજઃ ઈ.સ ૨૦૦૧માં ભાતીગળ પ્રદેશ કચ્છને તબાહ કરનારા ગોઝારા ભૂકંપ બાદ વિવિધ કાટમાળ કૌભાંડો આચરવામાં આવ્યાં હતાં તે પૈકી વર્ષ ૨૦૦૩માં આવા જ એક આઠથી નવ કરોડના જે-તે સમયે ચકચારી બનેલા લાંચ કેસમાં કચ્છના માજી જિલ્લા વિકાસ અધિકારી વિરુદ્ધ સરકાર સાથે છેતરપિંડીનો ગુનો નોંધાયો હતો જેમાં તેને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ એસીબી કોર્ટ દ્વારા આવ્યો હતો.

આ બે દાયકા પુરાણા કેસ અંગે મળી રહેલી વિગતો પ્રમાણે, તત્કાલીન જિલ્લા વિકાસ અધિકારી એમ.એ. સૈયદ તથા અન્ય આરોપીઓ સાથે મળી પોતાના આર્થિક લાભ માટે અને કોન્ટ્રાક્ટરોને આર્થિક લાભ અપાવવા કાવતરું રચી ગ્રામ્ય બાંધકામ સમિતિના આરોપી સભ્યો, ભૂકંપ આવાસ નિરીક્ષકો, ગામના સરપંચ, ઉપસરપંચ, માજી સરપંચ, વહીવટદારે ખોટા પ્રમાણપત્રો તથા ફેરા રજિસ્ટર પત્રોમાં સહીઓ કરી, જાલી દસ્તાવેજો બનાવી કોન્ટ્રાક્ટરના માણસો સાથે મિલિભગત થકી આઠથી નવ કરોડનું ચકચારી કાટમાળ કૌભાંડ આચર્યાની વર્ષ ૨૦૦૩માં ફરિયાદ નોંધાઇ હતી. આ ફરિયાદ બાદ તપાસ પૂર્ણ થયે ચાર્જશીટ થતાં એ.સી.બી. જજની સ્પેશિયલ કોર્ટમાં કેસ ચાલી જતાં ફરિયાદ પક્ષે ૬૪ સાહેદો તપાસી બંને પક્ષની દલીલો બાદ કચ્છના માજી જિલ્લા વિકાસ અધિકારી એમ. એ. સૈયદને નિર્દોષ છોડી મૂકવા કોર્ટે હુકમ કર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. ■

# સરકારી કર્મચારીઓ માટે હેલ્મેટ-સીટ બેલ્ટ ફરજિયાત

## પોલીસ દ્વારા ખાસ ડ્રાઈવ યોજાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઇ કોર્ટ દ્વારા હેલ્મેટના કાયદાનો કડક અમલ કરાવવા રાજ્ય સરકારને ટકોર કરવામાં આવી હતી. જેના પગલે રાજ્ય સરકાર દ્વારા ૧૯ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ પરિપત્ર બહાર પાડીને સમગ્ર રાજ્યમાં હેલ્મેટ, સીટ બેલ્ટના નિયમોનો ચુસ્ત અમલ કરાવવા ખાસ ચેકિંગ ડ્રાઇવ કરવા સરકારે આદેશ બહાર પાડયો હતો. સરકારે આદેશ કરી સરકારી કર્મચારીઓ માટે હેલ્મેટ ફરજિયાત કરવામાં આવ્યું હતું. આદેશનો સોમવારથી જ અમલ શરૂ કરવામાં આવ્યો હતો.

રાજયના વાહન વ્યવહાર કમિશનર કચેરીના ખાસ ફરજ પરના અધિકારીએ પરિપત્ર બહાર પાડયો હતો. રાજયની દરેક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી (આરટીઓ)ને સંબોધીને લખવામાં આવેલા પત્રમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં વધતા જતા અકસ્માતો અને તેનાથી થતા મૃત્યુ તથા ગંભીર ઇજાના બનાવો ધ્યાને લેતા ટૂ વ્હિલર ચાલકો હેલ્મેટનો ઉપયોગ કરે અને કાયદાનો અમલ કરે તે જરૂરી છે.

આ દરમ્યાન રાજયમાં અકસ્માત નિવારણના હેતુસર ટૂ વ્હિલર ઉપરાંત ફોર વ્હિલર ચલાવતા કર્મચારીઓ સિવાયના તમામ સામાન્ય લોકો માટે પણ ડ્રાઇવ ચાલુ કરવા નિર્ણય લેવાયો હતો. હેલ્મેટ, સીટ બેલ્ટનો ઉપયોગ ટૂ વ્હિલર અને ફોર વ્હિલર ચાલકો કરે તે અનિવાર્ય છે. આ માટે કાયદામાં રાખવામાં આવેલ જોગવાઇઓનો ચુસ્તપણે પાલન કરવા સૂચના અપાઇ હતી. ■

# સુરતમાં નશાખોર કારચાલકે ચાર લોકોને અડફેટે લીધાઃ ઉશ્કેરાયેલા લોકોએ પાઠ ભણાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના અલથાણમાં ૨૦ ઓક્ટોબરે રાતના સમયે અકસ્માતની ઘટના બની હતી. નશામાં ધૂત કારચાલકે બેફામ બની કાર હંકારતા ત્રણથી ચાર લોકોને અડફેટે લીધા બાદ કાર બીઆરટીએસના ડિવાઈડર સાથે અથડાવી હતી.

આ ઘટનાથી લોકોએ રોષે ભરાઈને કારચાલકને બરાબરનો ફટકાર્યો હતો. એક યુવકે કારના બોનેટ ઉપર ચડીને કાચ પર લાતો મારી કાચ તોડી નાંખ્યો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. અકસ્માત કરનાર નબીરાને ઉશ્કેરાયેલા લોકોએ ઘટનાસ્થળે જ બરોબરનો પાઠ ભણાવ્યો હતો.

આ ઘટના અંગે અલથાણ પોલીસે જણાવ્યું હતું કે, કારચાલક પિંકેશ દલાલે રવિવારે રાત્રે સુરતના પાંડેસરા વિસ્તારમાં કારના ચાલકે બેફામ કાર હંકારીને ચારેક લોકોને અડફેટે લીધા હતા. આ નબીરો અકસ્માત સર્જીને કાર લઈ અલથાણ તરફ આવ્યો હતો, જ્યાં કારને બીઆરટીએસ રૂટમાં ડિવાઈડર સાથે અથડાવી હતી. રોષે ભરાયેલા લોકોના ટોળાએ કારને ઘેરી લીધી હતી અને કારચાલકને બહાર કાઢીને મેથીપાક ચખાડ્યો હતો.

બાદમાં પોલીસને બોલાવી હતી. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક અલથાણ પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને કારચાલકને લઈ પોલીસ સ્ટેશન રવાના થઈ હતી, અને પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. પોલીસે વધુમાં જણાવ્યું હતું કે, આરોપી પિંકેશે નશો કરી કાર ચલાવી હોવાથી તેનું ડ્રાઇવિંગ લાઇસન્સ કેન્સલ કરવા માટે આરટીઓ સુરતને રિપોર્ટ કરવાની પણ તજવીજ હાથ ધરી છે. ■

# સુરત સીઆઈડીની ડ્રગ્સ પાર્ટીમાં રેડઃ નવ યુવતી અને પાંચ યુવાનની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરના મગદલ્લા વિસ્તારમાં એક ઘરમાં ચાલી રહેલી પાર્ટીમાં રેડ પાડીને સીઆઈડી ક્રાઈમે થાઈ ગર્લ સહિત ૯ યુવતી અને ૫ યુવાનની અટકાયત કરી હતી. આ પાર્ટીમાં એન્જિનિયર, જમીન દલાલ યુવકો સામેલ હોવાનું પોલીસ સૂત્રો જણાવી રહ્યાં છે. તે ઉપરાંત રેડ દરમિયાન પકડાયેલી યુવતીઓ સિક્કિમ અને નેપાળની હોવાનું પણ જાણવા મળ્યું હતું. સીઆઈડી ક્રાઈમ દ્વારા પકડવામાં આવેલા લોકોના સુરત સિવિલ હોસ્પિટલમાં મેડિકલ ટેસ્ટ માટે સેમ્પલ પણ લેવામાં આવ્યાં હતા. આ તમામ લોકો સામે ડ્રગ્સનો ગુનો નોંધી વધુ કાર્યવાહી કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરત શહેરના મગદલ્લા વિસ્તારમાં એક મકાનમાં રાત્રે સ્પા ગર્લ બોલાવીને ડ્રગ્સની પાર્ટી ચાલતી હોવાની બાતમી સીઆઈડી ક્રાઈમને મળી હતી. બાતમીને આધારે સીઆઈડી ક્રાઈમની ટીમે આ મકાનમાં દરોડો પાડ્યો હતો. દરોડામાં સીઆઈડી ક્રાઈમે ડ્રગ્સ, ગાંજો અને દારૂ સાથે ચાલતી પાર્ટી પકડી પાડી હતી. દરોડામાં સ્પામાં કામ કરતી ગર્લ સહિત નવ મહિલા ઝડપાઈ હતી. તે ઉપરાંત પાંચ જેટલા યુવાનોની પણ અટકાયત કરવામાં આવી હતી.

પાર્ટી કરી રહેલા ૧૪ પૈકી એક આરોપી અમિતકુમાર યાદવના ઘરમાં આ પાર્ટી કરવામાં આવી રહી હતી. સીઆઈડી ક્રાઈમે નોકરિયાત, એન્જિનિયર, હીરા દલાલ, ડેટા પ્રોસેસર્સ, જમીન દલાલને પાર્ટી કરતાં રંગેહાથે ઝડપી પાડ્યા હતા. આ તમામ ૧૪ આરોપીઓને સુરત સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જઈ તેમનું મેડિકલ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. મેડિકલ પરીક્ષણ થઇ ગયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ■

# પીએમ મોદી અને સ્પેનના વડા પ્રધાન પેડ્રો સાચેઝ ૨૮ ઓક્ટોબરે વડોદરાની મુલાકાતે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આગામી ૨૮ ઓક્ટોબરના રોજ વડા પ્રધાન મોદી અને સ્પેનના વડા પ્રધાન પેડ્રો સાચેઝ વડોદરા શહેરની મુલાકાતે આવી રહ્યા છે. બંને મહાનુભાવોના આગમનને ધ્યાનમાં લઇને વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય માર્ગો, ડિવાઇડરો, ફૂટપાથ અને જાહેર સ્થળોની સાફસફાઈ કરવામાં આવી રહી છે, ક્ષતિગ્રસ્ત રોડ-રસ્તાઓનું સમારકામ યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવી રહ્યું છે.

વડોદરા શહેરની ઓળખ એવી એમ.એસ. યુનિવર્સિટી, કીર્તિ મંદિર, ન્યાય મંદિર અને લક્ષ્મીવિલાસ પેલેસને આકર્ષક અને વિશિષ્ટ લાઈટિંગથી સજાવવામાં આવ્યા છે અને સાથે ત્યાં રંગરોગાન પણ કરવામાં આવી રહ્યું છે. શહેરના મુખ્ય માર્ગોની બંને બાજુની દીવાલો પર દોરવામાં આવેલા ગ્રેફિટી ચિત્રો આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડા પ્રધાન મોદી વડોદરા ખાતે મહત્વાકાંક્ષી એરબસ પ્રોજેક્ટનું લોકાર્પણ કરવાના છે. આ એક 'મેક ઇન ઇન્ડિયા' પ્રોજેક્ટ છે, જે સ્વદેશી વિમાનોના ઉત્પાદનને પ્રોત્સાહન આપશે. વડા પ્રધાને બે વર્ષ પહેલા, ૩૦ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ વડોદરા ખાતે આ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો, બરાબર બે વર્ષ પછી તેઓ આ પ્રોજેક્ટનું લોકાર્પણ કરવા આવી રહ્યા છે. વડોદરા ખાતેનો ટાટા એરબસ પ્રોજેક્ટ ભારતીય વાયુસેના માટે પરિવહન વિમાનોનું ઉત્પાદન કરશે અને સંરક્ષણ ક્ષેત્રે નવી ઉડાનનુ નિમિત્ત બનશે. ■

# સુરતમાં ત્રણ આરોપીની ૨૧૦૦ ગ્રામ ડ્રગ્સ સાથે ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત જિલ્લાના વેલંજામાંથી સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચ, સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ અને લોકલ ક્રાઈમ બ્રાન્ચે નશાના સોદા કરનાર ત્રણ લોકોની ધરપકડ કરી હતી. એમની પાસેથી પોલીસે ૨૧૦૦ ગ્રામ એટલે કે બે કિલોથી પણ વધુ એમડી ડ્રગ્સનો જથ્થો કબજે કર્યો હતો.

આ અંગે મળતી માહિતી મુજબ, આરોપી અંકલેશ્વરથી સ્કોડા કાર નંબરમાં ડ્રગ્સનો જથ્થો લઈને જઈ રહ્યા હતા. જેની જાણકારી સુરત ક્રાઈમબ્રાન્ચને મળી હતી. પોલીસ રાજ હોટલથી વેલંજા તરફ જતા રોડ પરથી કારને ઝડપી પાડી હતી. આ કારમાંથી મોન્ટુ પટેલ, વિરાટ પટેલ અને વિપુલ પટેલની ધરપકડ કરાઈ હતી. પોલીસે તેમની પાસેથી ૨૧૦૦ ગ્રામ એમડી ડ્રગ્સનો જથ્થો કબજો કરી કાયદેસરની કાર્યવાહી ધરી હતી. આરોપીઓ પાસેથી ત્રણ મોબાઈલ પણ મળી આવ્યા હતા. આરોપીઓની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, તેઓએ આ જથ્થો અંકલેશ્વરથી લઈને આવ્યા હતા. જેથી તપાસમાં અંકલેશ્વર લિંક બહાર આવતા પોલીસ ત્યાં પણ તપાસ કરી હતી.

આ સમગ્ર મામલે સુરત પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોતે જણાવ્યું હતું કે, સુરત શહેર ક્રાઈમબ્રાન્ચની ઘણા દિવસોથી અલગ અલગ પ્રકારના ડ્રગ્સના રેકેટ અને કાર્ટેલ્સ તેમજ ડ્રગ્સ સપ્લાય કરનાર લોકો ઉપર નજર હતી. અમે આ કેસમાં લિંક શોધી રહ્યા હતા. હવે સુરત ક્રાઈમબ્રાન્ચને સફળતા મળી છે. ■

# અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટના ચારેય ગાર્ડનમાં પ્રવેશ ફીમાં તોતિંગ વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના સાબરમતી રિવરફ્રન્ટ પર બંને તરફ કુલ ચાર જેટલા રિવરફ્રન્ટ પાર્ક તૈયાર કરાયા છે. સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ દ્વારા અચાનક આ ચારેય રિવરફ્રન્ટ પાર્કની ફીમાં વધારો કરી દેવાયો છે જેમાં ૧૨ વર્ષથી ઉપરના લોકો માટે રૂ. ૨૦ અને ૩થી ૧૨ વર્ષના બાળકોના પ્રવેશની ફી રૂ.૧૦ કરી દેવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સાબરમતી રિવરફ્રન્ટની કમિટીએ પાછલા બારણે કરવામાં આવેલા ભાવ વધારાને મંજૂરી આપી દીધી હતી, જેનો અમલ પણ શરૂ કરી દેવામાં આવ્યો હતો. જેથી હવે બગીચામાં ફરવા જવા માટે પણ રૂ.૨૦નો ચાર્જ ચૂકવવો પડશે.

આ અંગે સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર દેવ ચૌધરીએ જણાવ્યું હતું કે, રિવરફ્રન્ટ પર ગાર્ડન બન્યા ત્યારથી લઈને આજ સુધી એક પણ વખત ભાવવધારો કરવામાં આવ્યો નથી. જ્યાં પાંચ રૂપિયા હતા, ત્યાં ૧૦ અને ૧૦ની જગ્યાએ ૨૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આ વધારો કરવા માટે એક મહિના પહેલા કમિટીમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. પાંચ વર્ષ સુધીના બાળકો માટે કોઈ ચાર્જ નહોતો, પરંતુ હવે ત્રણ વર્ષથી ઉપરના બાળકની પણ ફી લેવાનો નિર્ણય લેવાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, સાબરમતી રિવરફ્રન્ટ પર પૂર્વ તરફ શાહીબાગ ડફનાળા નજીક રિવરફ્રન્ટ ચિલ્ડ્રન પાર્ક અને સુભાષબ્રિજથી દધીચી બ્રિજ વચ્ચે શાહીબાગ રિવરફ્રન્ટ પાર્ક આવેલો છે. જ્યારે પશ્ચિમ વિસ્તારમાં ઇન્કમટેક્સ બ્રિજ નજીક ઉસ્માનપુરા રિવરફ્રન્ટ પાર્ક તેમજ નહેરુ બ્રિજ નજીક બી.જે. પાર્ક આવેલો છે. ■

# રાજ્યમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહીઃ દ. ગુજરાત અને સૌરાષ્ટ્ર માટે ૪૮ કલાક ભારે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ચોમાસાની વિદાય બાદ પણ વરસાદનો રાઉન્ડ ચાલુ રહ્યો છે. મોટાભાગના જિલ્લાઓમાં હળવો વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોને બાદ કરતાં રાજ્યના અન્ય વિસ્તારોમાં ભારે વરસાદની શક્યતાઓ વ્યક્ત કરી છે. અમદાવાદમાં સોમવારે વહેલી સવારથી જ ગાજવીજ સાથે ભારે વરસાદ વરસ્યો હતો. તે ઉપરાંત દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં પણ ગાજવીજ સાથે ભારે વરસાદની શક્યતાઓ હવામાન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવી છે.

હવામાન વિભાગનાના જણાવ્યા અનુસાર, હાલમાં ગુજરાત ઉપર આવતા પવનોની દિશા ઉત્તર પૂર્વથી છે, જેને કારણે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતાં કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. આ ઉપરાંત દરિયામાં એક લો પ્રેશર પણ સક્રિય છે, જેની અસરોને કારણે ગુજરાત પર આવતા પવનોની દિશા બદલાય છે.

રાજ્યમાં બે સિસ્ટમ એક સાથે સક્રિય હોવાથી હજુ પણ આગામી ૩૬થી ૪૮ કલાક દરમિયાન દક્ષિણ ગુજરાત અને દક્ષિણ સૌરાષ્ટ્રના જિલ્લાઓ માટે ભારે વરસાદની શક્યતાઓ છે. હવામાન વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાત અને દક્ષિણ સૌરાષ્ટ્રના ભાગોમાં ભારે વરસાદની આગાહીને પગલે યલો એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# રાજ્યમાં છેલ્લાં ૫૭ વર્ષમાં માત્ર ૧૬૧ મહિલા વિધાનસભ્ય બની છે

## અત્યાર સુધી ૧૦૫૬ મહિલાઓએ ચૂંટણીમાં ઝંપલાવ્યું છે

મુંબઈ: આખા દેશમાં મહારાષ્ટ્ર રાજ્ય પુરોગામી રાજ્ય તરીકે ઓળખાય છે. મહિલાઓને વધુ સશક્ત કરવા માટે 'લાડકી બહિણ' જેવી વિવિધ યોજના અમલમાં મૂકવામાં આવી છે. રાજ્યના મુખ્ય સચિવથી લઇને સચિવ અને પ્રધાનપદા જેવાં મહત્ત્વનાં પદ પર સક્ષમ મહિલા બિરાજમાન છે. તેમ છતાં રાજ્યમાં છેલ્લાં ૫૭ વર્ષમાં થયેલી વિધાનસભાની ૧૩ ચૂંટણીમાં અત્યાર સુધી માત્ર ૧૬૧ મહિલા વિધાનસભા ચૂંટાઈને આવી હોવાના આંકડા આગામી મહિનામાં થનારી વિધાનસભા ચૂંટણી નિમિત્તે સામે આવ્યા છે.

હાલના આંકડા પર એક નજર કરીએ તો મહિલા વિધાનસભ્યનું પ્રમાણ માત્ર ૮.૩૩ ટકા છે. આમાં મોટા ભાગની મહિલા વિધાનસભ્યની રાજકીય કૌટુંબિક પાર્શ્વભૂમિ છે. ૨૦૧૯માં વિધાનસભા ચૂંટણીમાં કુલ ૨૩૯ મહિલા ચૂંટણી મેદાનમાં હતી. એ પૈકી ૧૮૯ મહિલાની ડિપોઝિટ જપ્ત થઇ હતી. માત્ર ૨૪ મહિલા જ ચૂંટાઈને આવી હતી. ભાજપનાં વિધાનસભ્ય મુક્ત ટિળકનું ૨૦૨૨માં કમનસીબે મૃત્યુ થયું હતું. ત્યાર બાદ ત્રણ જુદા જુદા વિધાનસભા મતદારસંઘમાં થયેલી પેટાચૂંટણીમાં ત્રણ મહિલા વિધાનસભા ચૂંટાઈને આવી હતી. આને કારણે મહિલા વિધાનસભાની સંખ્યા ૨૬ થઇ ગઇ.

દરમિયાન છેલ્લાં ૧૦ વર્ષમાં થયેલી વિધાનસભાની ચૂંટણીમાં મહિલા વિધાનસભ્યની સંખ્યા વધી છે. ૨૦૧૪માં કુલ ૨૭૭ મહિલા ઉમેદવારે ચૂંટણીમાં ઝુકાવ્યું હતું. એ પૈકી ૨૦ મહિલા વિધાનસભ્ય તરીકે ચૂંટાઈ આવી હતી, જ્યારે ૨૦૦૯માં ૨૧૧ મહિલામાંથી ૧૧ મહિલા ચૂંટાઈ આવી હતી. ૧૯૭૨માં થયેલી વિધાનસભાની ચૂંટણીમાં કુલ ૫૬ મહિલાએ ચૂંટણી લડી હતી, પણ એમાંની એકપણ મહિલા ચૂંટાઈ આવી નહોતી.

# રાજ્યનું શૈક્ષણિક ટાઇમટેબલ સીબીએસઇ અનુસાર, હવેથી પહેલી એપ્રિલે જ સ્કૂલની પહેલી બેલ વાગશે

મુંબઈ: રાજ્યની શાળા અને જુનિયર કોલેજ શિક્ષણની દિશા નક્કી કરતી રાજ્યના અભ્યાસક્રમની યોજના જાહેર કરવામાં આવી હોઈ આમાં શાળાનું વાર્ષિક ટાઈમટેબલ સીબીએસઈ પ્રમાણે કરવા માટેની ભલામણ કરવામાં આવી હતી. આ ભલામણ માન્ય કરવામાં આવી છે. આથી આગામી સમયમાં રાજ્યની તમામ શાળાઓમાં શૈક્ષણિક વર્ષ પહેલી એપ્રિલથી શરૂ થશે. રાજ્યની તમામ સરકારી, ખાનગી અનુદાનિત, બિનઅનુદાનિત શાળામાં નજીકના સમયમાં જ સીબીએસઈની ધરતી પર અભ્યાસક્રમ અમલમાં આવશે, એવું શાળા શિક્ષણપ્રધાન દીપક કેસરકરે જાહેર કર્યું હતું. તેના અનુરૂપ શાળાનું વાર્ષિક ટાઈમટેબલ પણ સીબીએસઈ સ્કૂલ પ્રમાણેનું જ રહે એવી ભલામણ નવા રાજ્ય અભ્યાસક્રમ યોજનામાં કરવામાં આવી છે. આ ભલામ બાબતે રાજ્ય શિક્ષક અને પ્રિન્સિપાલ સંગઠન વાંધો ઉઠાવે એવી શક્યતા છે.આ અંગે સ્ટેટ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગના ડિરેક્ટર રાહુલ રેખાવારે જણાવ્યું હતું કે આજના સ્પર્ધાત્મક યુગમાં વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ ખૂબ વધી ગયો છે. હવે રાજ્યમાં બોર્ડના વિદ્યાર્થીઓને સીબીએસઈ, આઈસીએસઈ બોર્ડના વિદ્યાર્થીઓ સાથે સ્પર્ધા કરવી પડે છે. આ અભ્યાસક્રમને પૂરો કરવા માટે અને પોતાના વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્તરે સક્ષમ કરવા માટે વાર્ષિક ટાઈમટેબલમાં ફેરફાર કરવો જરૂરી છે. જોકે રાજ્યમાં વિદર્ભ અને મરાઠવાડા વિસ્તારમાં એપ્રિલ મહિનામાં ધગધગતી ગરમી હોય છે.



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) અતિકુર મોમીન | ૪૦ | ૩૦,૦૦૦ |
| ૨) અબ્દુલ કમલ | ૫૯ | ૮૦,૦૦૦ |
| ૩) અરબીના ખાતૂન | ૧૫ | ૬૦,૦૦૦ |
| ૪) અસ્લમ શાબાન | ૫૦ | ૧,૦૦,૦૦૦ |
| ૫) અબ્દુલ ખાન | ૬૨ | ૬૦,૦૦૦ |
| ૬) અદ્વૈતા દાસ | ૪૪ | ૩૦,૦૦૦ |
| ૭) અંબિકા દાસ | ૫૩ | ૬૦,૦૦૦ |
| ૮) અરબીના મંડળ | ૬૩ | ૧,૫૦,૦૦૦ |
| ૯) અનિતા રોય | ૪૭ | ૧,૦૦,૦૦૦ |
| ૧૦) અંજૂરા ખાતૂન | ૪૧ | ૪૦,૦૦૦ |
| ૧૧) આશા દાસ | ૨૬ | ૫૦,૦૦૦ |
| ૧૨) અનુપ કુમાર દેય | ૫૩ | ૧,૩૦,૦૦૦ |
| ૧૩) અમલ કીર્તનિયા | ૪૨ | ૧,૫૦,૦૦૦ |
| ૧૪) અનન્યા અતુલ વૈદ્ય | ૭ | ૩,૧૦,૪૦૦ |
| ૧૫) અસિત મોન્ડલ | ૩૮ | ૪,૪૦,૦૦૦ |
| ૧૬) અનિતા બિસ્વાસ | ૫૧ | ૨,૫૦,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | | |
|---|---|---|
| ૧૭) આદિત્ય વિપુલ બાડબે | ૧૪ | ૪,૦૦,૦૦૦ |
| ૧૮) અર્ણવ સ્વપ્નીલ સોનાવાને | ૩ | ૩,૫૦,૦૦૦ |
| ૧૯) આયુષ કુમાર પ્રદીપ શાહ | ૪ | ૪,૫૦,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ હોલી સ્પિરિટ હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | | |
|---|---|---|
| ૨૦) આનંદ સખારામ સર્વેકર | ૫૪ | ૨,૩૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

## નવમા પાનાનું ચાલુ

### મુલુંડ ડમ્પિંગ

ડમ્પિંગ ગ્રાઉન્ડ બંધ થયા પછી ૭૩૧ કરોડ રૂપિયાના ખર્ચે અત્યાધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને કચરા પર પ્રક્રિયા કરવા માટેનો કૉન્ટ્રેક્ટ આપવામાં આવ્યો હતો. જોકે કોવિડ મહામારી દરમિયાન લાગુ કરવામાં આવેલા લોકડાઉન સહિત અન્ય જરૂરી મંજૂરીને કારણે કચરા પર પ્રક્રિયા કરવામાં વિલંબ થઈ ગયો હતો. તેથી તે સમયે કૉન્ટ્રેક્ટરોને બે વર્ષની મુદત લંબાવી આપવામાં આવી હતી. આ દરમિયાન કચરા પર પ્રક્રિયા કરવાનું કામ પણ ગ્રાઉન્ડ લેવલ પર ૨૦૨૧માં ચાલુ કરવામાં આવ્યું હતું. દર વર્ષે ૧૧થી ૧૨ લાખ મેટ્રિક ટન કચરા પર પ્રક્રિયા કરવાનું આયોજન હતું. જોકે આ લક્ષ્યાંક પૂરો થઈ શક્યો નથી. કામમાં થયેલા વિલંબને કારણે સુધરાઈએ ડમ્પિંગ ગ્રાઉન્ડને બંધ કરવાની અગાઉની ઑક્ટોબર, ૨૦૨૪ની મર્યાદાને જૂન, ૨૦૨૫ સુધી લંબાવી હતી. હવે જોકે આ મુદતમાં પણ કામ પૂરું થવાની શક્યતા નથી.

સુધરાઈના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ કૉન્ટ્રેક્ટની શરત અનુસાર કૉન્ટ્રેક્ટરને આઠ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. તેમ જ સમયમર્યાદાને પહોંચી વળવા માટે વધારાની મશીનરી અને મેનપાવર પણ ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. ચોમાસાની મોસમમાં કચરા પર પ્રક્રિયા કરવાનું મુશ્કેલ હોય છે. તેથી હવે કામ ઝડપી થાય તેવા પ્રયાસ કરવામાં આવશે. જોકે કામ જે ઝડપથી ચાલી રહ્યું છે, તેને જોતા હવે ગ્રાઉન્ડ પર રહેલા કચરા પર પ્રક્રિયા કરવામાં વધુ એક વર્ષનો સમય લાગવાનો છે. આ દરમિયાન સુધરાઈ પ્રશાસને આ અઠવાડિયામાં મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડની પરિસ્થિતિ અને ત્યાં ચાલી રહેલા કામનું મૂલ્યાંકન કરવા માટે એક સમીક્ષા બેઠક રાખવામાં આવી છે. કામનું સ્ટેટસ અને આગળ શું પગલા લેવા તેના પર ચર્ચા કરવામાં આવશે.મુંબઈમાં દરરોજ ૬,૫૦૦ મેટ્રિક ટન કચરો નીકળે છે. તે માટે દેવનાર, ગોરાઈ, કાંજુરમાર્ગ, અને મુલુંડમાં બનાવવામાં આવેલા ડમ્પિંગ ગ્રાઉન્ડમાં કચરાનો નિકાલ કરવામાં આવતો હતો. જોકે વર્ષો પહેલા ગોરાઈ ડમ્પિંગ ગ્રાઉન્ડની ક્ષમતા પૂરી થઈ જતા તેને બંધ કરી દેવામાં આવ્યું હતું. દેવનારની પણ ક્ષમતા લગભગ પૂરી થઈ ગઈ છે. છતાં હજી થોડો કચરો અહીં નાખવામાં આવે છે. જોકે અહીં કચરામાંથી વીજળીનું ઉત્પાદન કરવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે.

મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડની પણ ક્ષમતા પૂરી થતા તેને ડિસેમ્બર, ૨૦૧૮માં બંધ કરવામાં આવ્યું હતું.

### બાબા સિદ્દીકી હત્યા કેસ

પોતાના ઘરે જઇ રહ્યા હતા ત્યારે નિર્મલનગરમાં પુત્ર ઝીશાન સિદ્દીકીની ઓફિસ બહાર તેમના પર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો, જેમાં તેમને છાતીમાં ત્રણ ગોળી વાગી હતી અને બાદમાં તેમનું મૃત્યુ થયું હતું. ગોળીબાર બાદ શૂટર શિવકુમાર ગૌતમ ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો, જ્યારે બાકીના બે શૂટર ગુરમેલસિંહ અને ધર્મરાજને પોલીસે પકડી પાડ્યા હતા.

### એન્કાઉન્ટરમાં

સારવાર માટે ગઈ હતી ત્યારે તેની ધરપકડ કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર સુજાતા નક્સલવાદી નેતા કોટેશ્વર રાવ ઉર્ફે કિશનજીની વિધવા છે.

તાજેતરમાં, ઝારખંડના લાતેહારમાં, પોલીસે એક મોટી ખંડણી ગેંગનો પર્દાફાશ કર્યો હતો અને છ લોકોની ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આ બદમાશો પર પોતાને નક્સલવાદી ગણાવીને લોકો પાસેથી ખંડણી વસૂલવાનો આરોપ છે. નક્સલવાદીઓ પાસેથી ચાર રાઈફલ, એક દેશી બનાવટની પિસ્તોલ અને ચાર જીવતા કારતૂસ જપ્ત કરવામાં આવ્યાં છે. ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા અનિલ યાદવે પૈસા પડાવવા માટે એક ગેંગ બનાવી હતી.

### બહારગામ રહેતા

ચૅનલ્સ દ્વારા શૅર કરવામાં આવ્યો હતો. ગયા સપ્તાહે આ વીડિયો બહાર આવ્યા પછી ચૂંટણી પંચે બાંગર પાસે ખુલાસો માગ્યો હતો, જે તેમણે આપ્યો હતો. કલમનૂરી પોલીસે રવિવારે બાંગર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૭૦(૧)(૧) અને ૧૭૩ (લાંચ) હેઠળ બિનદખલપાત્ર ગુનો નોંધ્યો હતો. બાંગર ૨૦૧૯માં અવિભાજિત શિવસેનામાંથી વિધાનસભ્ય તરીકે ચૂંટાયા હતા. પક્ષમાં ભાગલા પડ્યા પછી તે શિંદે જૂથમાં જોડાયા હતા.

### કર્ણાક પુલ પર

આવી રહ્યો છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત ૫૫૦ મેટ્રિક ટન વજનના દક્ષિણ બાજુના લોખંડના ગર્ડને રેલવે ભાગ પર ૭૦ મીટર સુધી ખસેડવાનું કામ ગયા સોમવારે એટલે કે ૧૪ ઑક્ટોબર, ૨૦૨૪ના પૂરું કરવામાં આવ્યું હતું. મધ્ય રેલવે પ્રશાસને મંજૂરી આપ્યા બાદ શનિવાર ૧૯ ઑક્ટોબર શનિવાર અને ૨૦ ઑક્ટોબર રવિવાર રાતના બ્લોક મળ્યા બાદ લોખંડના ગર્ડર બેસાડવાનું કામ પૂરું કરવામાં આવ્યું હતું.

પુલને બાંધવા માટે ગર્ડરના છૂટા ભાગ મુંબઈમાં લાવ્યા બાદ ગર્ડરને જોડવાનું કામ પૂરું કરવામાં આવ્યા બાદ તેનું લોન્ચિંગ હાથ ધરાયું હતું.

લગભગ ૭૦ મીટર લાંબા અને ૯.૫૦ મીટર પહોળા ગર્ડરનું વજન લગભગ ૫૫૦ મેટ્રિક ટન છે. ગયા અઠવાડિયામાં રેલવે પાટાને અડીને ગર્ડર પૂર્વથી પશ્ચિમ તરફ સરકાવવામાં આવ્યો હતો. તો શનિવાર રાતના ૧૯ ઑક્ટોબર અને ૨૦ ઑક્ટોબર, ૨૦૨૪ રેલવે ટ્રાફિક અને વીજ પુરવઠા વિભાગ તરફથી બ્લોક મળ્યા બાદ ગર્ડર બેસાડવાનું કામ પૂરું થયું છે.

ગર્ડરને દક્ષિણ બાજુએ સંપૂર્ણ રીતે ખસેડવાનું કામ પૂરું થઈ ગયું છે. હવે ગર્ડર પર લોંખડના સળિયા બેસાડીને સિમેન્ટ-કૉંક્રીટકરણ કરવામાં આવશે. પુલનું ક્યુરિંગનું કામ પૂરું થયા બાદ હવે માસ્ટિકનું કામ પૂરું કરવામાં આવશે. આ દરમિયાન પુલના અપ્રોચ રોડનું કામ હાથ ધરવામાં આવવાનું છે.

હવે આગામી દિવસમાં બીજો ગર્ડર બેસાડવાના કામની પ્રક્રિયા હાથ ધરવામાં આવવાની છે. ડિસેમ્બર ૨૦૨૪ના અંત સુધીમાં બીજો ગર્ડર બેસાડવાનું અને બાકીનું કામ પૂરું કરવાની પાલિકાની યોજના છે.

### ફડણવીસની

મુલાકાતના જુદા જુદા અર્થ કાઢવામાં આવી રહ્યા છે. એમ કહેવાઇ રહ્યું છે કે આ પ્રસ્તાવ ઉદ્ધવ ઠાકરે તરફથી આવ્યો હતો અને ત્યાર બાદ બંને નેતાઓ વચ્ચે વાતચીત થઇ હતી. જોકે, બંને વચ્ચે શું વાત થઇ તે હજી સુધી જાણવા મળ્યું નથી, પણ કૉંગ્રેસ અને ઉદ્ધવ ઠાકરેની સેના વચ્ચે સીટ શેરિંગ મામલે પેચ અટવાયેલો છે. તેથી આ પ્રેશર પોલિટિક્સનો હિસ્સો હોઇ શકે છે. કેટલાક લોકોનું માનવું છે કે મહાવિકાસ આઘાડીમાં કૉંગ્રેસ અને શિવસેના વચ્ચે સીટ શેરિંગ મુદ્દે મતભેદ ચાલી રહ્યા હોવાથી ઉદ્ધવ ઠાકરેએ પ્લાન બી રેડી કરી રાખ્યો છે. જો, કૉંગ્રેસ સાથે નહીં જામે તો તેઓ પ્લાન બી પ્રમાણે વર્તી શકે છે.

### બળવો

આપવામાં આવી હતી અને ૧૯ નવા ચહેરાનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઐરોલીમાંથી ગણેશ નાઈક અને બેલાપુરમાંથી મંદા મ્હાત્રેને ઉમેદવારી જાહેર કરવામાં આવી છે. બેલાપુર મતદારસંઘમાંથી ઉમેદવારી મળશે એવી આશા રાખીને બેસેલા ગણેશ નાઈકના પુત્ર સંદીપ નાઈકને ઠેંગો બતાવવામાં આવતાં હવે તેની ભૂમિકા શી રહેશે તેની પર તમામ લોકોની નજર રહેશે. વર્સોવા સ્થિત વિધાનસભ્ય ભારતી લવેકર વિરુદ્ધ ભારે નારાજગી હોઇ અહીં ભાજપ અન્ય નામ પર વિચાર કરી રહ્યો છે. પશ્ચિમ મહારાષ્ટ્રમાં પણ પક્ષ અંતર્ગત અસંતોષ મોટા પ્રમાણમાં જોવા મળી રહ્યો છે. ગયા વખતની વિધાનસભાની ચૂંટણીમાં જેણે ઉમેદવારીને નકારી હતી એ પ્રદેશાધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળેને કામઠી મતદારસંઘમાંથી ઉમેદવારી જાહેર કરવામાં આવી છે. અહીંના સીટિંગ વિધાનસભ્ય ટેકચંદ સાવરકરને ફરી ઉમેદવારી આપવામાં આવી નથી.

લોકસભા ચૂંટણી માથે હતી તેમ છતાં ભાજપમાં પ્રવેશ કરીને પણ તેના પક્ષને કોઇ મોટો ફાયદો થયો ન હોઇ ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને સાંસદ અશોક ચવ્હાણની દીકરી શ્રીજયા ચવ્હાણને ભોકરમાંથી ઉમેદવારી મળી છે. નાશિકમાં અમુક જણે બળવો પોકાર્યો છે. નાશિક મધ્ય મતદારસંઘમાં વિધાનસભ્ય દેવયાની ફરાંદેનું નામ પ્રધાનપદા માટે કાયમ અગ્રેસર હતું, પણ તેમને પહેલી યાદીમાં સ્થાન નથી મળ્યું. એનસીપીમાંથી ભાજપમાં થોડાં વર્ષ પહેલાં દાખલ થયેલા વરિષ્ઠ નેતા અને વિધાનસભ્ય બબનરાવ પાચપૂતેના સ્વાસ્થ્યને કારણે તેમની ઉમેદવારી નકારવામાં આવી છે. જોકે તેમનાં પત્ની પ્રતિભા પાચપૂતેને ઉમેદવારી આપવામાં આવી છે. ભૂતપૂર્વ વિધાનસભા અધ્યક્ષ હરિભાઉ બાગડે ગવર્નરપદે નિયુક્ત થતાં ફુલંબ્રી મતદારસંઘમાંથી અનુરાધા ચવ્હાણને ઉમેદવારી જાહેર કરવામાં આવી છે.

### ૨૧૦ બેઠક માટે

શિવસેના વચ્ચે સમજૂતી નથી થતી એવી અટકળો છેલ્લા કેટલાક દિવસથી વહેતી થઈ છે. રાઉતે અમિત શાહને ફોન કર્યો અને ૨૦૧૯માં વિખુટા પડેલા શિવસેના (યુબીટી) અને ભાજપ ફરી ભેગા થશે એવા સંકેત હોવાની ધારણા વચ્ચે રાઉતની ટિપ્પણી આવી છે. ફોન પર થયેલી વાતચીત વિશે પૂછવામાં આવતા રાઉતે કહ્યું કે 'ભાજપ ખોટા સમાચાર ફેલાવી રહ્યો છે. આ કોણ કરી રહ્યું છે એ બધા જાણે છે. પક્ષને વિધાનસભાની ચૂંટણીમાં પરાજયનો ભય હોવાથી ખોટી માહિતી ફેલાવવામાં આવી રહી છે.' (પીટીઆઈ)

### કૉંગ્રેસે કહ્યું

ત્યારબાદ મહારાષ્ટ્રનું રાજકારણ બદલાઈ ગયું. મહાવિકાસ આઘાડીમાં હજી સુધી બેઠક ફાળવણીના મુદ્દે સર્વાનુમતિ નથી જોવા મળી. શિવસેના (યુબીટી)ને જેટલી બેઠક જોઈએ છે એટલી આપવા કોંગ્રેસ તૈયાર નહીં હોવાનું કહેવાય છે. સિવાય બેઠક ફાળવણી અંગે નાના પટોલેનું વલણ પણ અનેક લોકોને સ્વીકાર્ય નથી. પરિણામે ઉદ્ધવ સેના અને કૉંગ્રેસ વચ્ચે રહેલો આક્રોશ શમી નથી રહ્યો એવી ચર્ચા પણ થઈ રહી છે. આ જ કારણોસર ઉદ્ધવ ઠાકરે દેવેન્દ્ર ફડણવીસને મળ્યા અને સંજય રાઉતે અમિત શાહને ફોન કર્યો જેવા સમાચાર વહેતા થયા છે. વિજય વડેટ્ટીવારે સ્પષ્ટતા કરી કે 'ઉદ્ધવ ઠાકરે અને અમિત શાહ વચ્ચે કોઈ મુલાકાત નથી થઈ. અમારી વચ્ચે અંટસ પાડવા, અમારી વચ્ચે વિખવાદ નિર્માણ કરવા ભાજપ દ્વારા રીતસરનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. રાજ્યમાં ભાજપ ભયભીત છે. સંજય રાઉતને જેલમાં કોણે મોકલ્યા હતા? આવી કોઈ ચર્ચા જ નથી થઈ. શિવસેના ઉદ્ધવ ઠાકરે મહાવિકાસ આઘાડી સાથે છે. અમે મહાવિકાસ આઘાડી તરીકે જ લડીશું. મંગળવારે સાંજ સુધીમાં સમગ્ર બેઠક વહેંચણીનો મુદ્દો ઉકેલાઈ જશે. હાઈકમાન્ડ સાથે અમારી ચર્ચા બેઠકોની વહેંચણીની મડાગાંઠનો ઉકેલ કેવી રીતે લાવવો તે અંગે હતી. અત્યારે જે વાત ફેલાઈ છે તેમાં એક ટકો પણ સત્ય નથી. આ સમાચાર ઊભા કરવામાં આવ્યા છે. કૉંગ્રેસ અને શિવસેના ઠાકરે વચ્ચે વિવાદ ઊભો કરવા કેટલાક લોકો કોશિશ કરી રહ્યા છે.'

## હિન્દુ મરણ

બાલાસિનોર નિવાસી, હાલ મલાડ સ્વ. રમેશભાઈ શાંતિલાલ શાહ (ઉં.વ. ૮૫) પુંડરીકલાલ ચિમનલાલ શાહના જમાઈ. શ્રીમતી જ્યોત્સનાબેન શાહના પતિ. તા. ૨૦-૧૦-૨૪, રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. અ.સૌ. સ્મિતાબેન અને સ્વ. વિપુલભાઈના પિતા. કેતનભાઈ શાહ અને મમતાબેન પરીખના સસરા. તે આકાશ, ખુશ્બૂ, વિરાલી, વૈભવ, યસ્વી, હર્ષના દાદા. લૌકિક વ્યવહાર બંધ છે.

રાજુલા નિવાસી (હાલ વિલેપાર્લે (ઈ) લક્ષ્મીદાસ હરગોવિંદદાસ વોરા (ઉં. વ. ૯૯) તે સ્વ. કાંતાબેનના પતિ. ચૈતન્ય, પલ્લવી વિજય સંઘવી, સંગીતા કીર્તિ શાહના પિતા. દીનાબેનના સસરા. પ્રતિક, આદિત્ય, જયરાજ, વિશાલ, જનક, કુશલ તથા દિશા રૂષી શાહના દાદા/નાના. સ્વ. વૃન્દાવનદાસ, સ્વ. શામળદાસ, સ્વ. મગનલાલ, સ્વ. ગુલાબબેન કાંતીલાલ ગોરડિયા, સ્વ. કળાબેન કાકુભાઈ મહેતાના ભાઈ તથા પ્રેમજીભાઈ રણછોડદાસ દોશી (મહુવા)ના જમાઈ ૨૦-૧૦-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

**કોળી પટેલ**

ગામ ખરસાડ લુહાર ફરીયા હાલ મલાડ (ચિંચોલીબંદર) સ્વ. વિનોદભાઇ નગીનભાઇ પટેલ શનિવાર તા. ૧૯-૧૦-૨૪ના અવસાન પામેલ છે. તે સ્વ. મોતીભાઇ બુચાભાઇના દોહિત્ર. સ્વ. ભાનુબેન તથા સ્વ. નગીનભાઇના પુત્ર. જ્યોત્સનાબેનના પતિ. બીના અને ચેતનના પિતા. સ્વ. પાર્વતીબેન, શાંતિલાલ, સ્વ. રમીલાબેન તથા ભાવનાબેનના ભાઇ. ચેતનભાઇ તથા ભાગ્યશ્રીબેનના સસરા. ગામ કોથા, હાલ વિરાર સ્વ. મોહનભાઇ છનાભાઇ તથા સ્વ. લક્ષ્મીબેન મોહનભાઇના જમાઇ. તેમનું બન્ને પક્ષનું બેસણું બુધવાર, તા. ૨૩-૧૦-૨૪ના બપોરે ૨થી ૫. તથા તેમના બારમાની વિધિ અને પુચ્છપાણી બુધવાર, તા. ૩૦-૧૦-૨૪ના બપોરે ૩થી ૪. મલાડ નિવાસસ્થાને. ઠે. રૂમ નં.૭, કિશન ધોડી ચાલ, ચિંચોલી બંદર રોડ, સુરેશ ભવનની સામે, મલાડ (પ).

**ચોરવાડ ગિરનારા બ્રાહ્મણ**

વર્ષાબેન ધનેશંદ્ર પાઠક (ઉં. વ. ૭૪) સ્વ. અનુમતિબેન તથા સ્વ. ધનેશંદ્ર કેશવલાલપાઠકના સુપુત્રી. પ્રજ્ઞાબેન અશ્વિનભાઈ ભટ્ટ, અતુલા મનોજભાઈ ભટ્ટ, ભારતી બકુલભાઈ આચાર્ય, બીનાબેન દ્વૈપાયન દ્વિવેદી, વિજય, જયકૃષ્ણ, અજય પાઠકના બેન, શનિવાર તા.૧૯.૧૦.૨૪ના મુંબઈ મુકામે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

મહુવા નિવાસી, હાલ ઘાટકોપર મનહરલાલ (મનુભાઈ) છોટાલાલ મહેતા (ઉં.વ. ૮૫) તા. ૨૦-૧૦-૨૪ને રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ઈલાબેનના પતિ. કેતન વૈશાલી, બિમલ દિપ્તી, અ.સૌ. ફાલ્ગુની કિર્તીકુમાર મહેતાના પિતાશ્રી. સ્વ. બળવંતરાય, સ્વ. પ્રતાપરાય, સ્વ. રમાબેન વિજયકાંત મહેતા, સ્વ. કલાબેન જયંતીલાલ મહેતા, અ.સૌ. કપિલાબેન વિનોદરાય મોદીના ભાઈ. ક્રિના, નિયતી, સલોની, અદિતી તથા અચીતના દાદાજી. સાસરા પક્ષે મહુવાવાળા સ્વ. ગુલાબરાય ભગવાનદાસ દોશીના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ગં.સ્વ. તરુલતાબેન આડાસાણી (ઉં.વ. ૬૫) કચ્છ ગામ અંજાર, હાલે મુલુંડ, તે અ.નિ. મગનલાલના ધર્મપત્ની. તે અ.નિ. પ્રેમાબાઈ પ્રાગજીના પુત્રવધૂ. તે અ.નિ. સીતાબાઈ અર્જુનભાઈ પંડિતપૌત્રાના પુત્રી. તે શરદ, મયુરના માતુશ્રી. હિનલ, ઈશિતાના સાસુ. રવિવાર, તા. ૨૦-૧૦-૨૪ના અક્ષરનિવાસી પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૨૨-૧૦-૨૪ના ૫થી ૭. સ્થળ: ગોપુરમ હોલ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**મોઢ વાણીયા**

જામનગરવાળા હાલ વાશી નવી મુંબઈ ઈશ્વરલાલ દ્વારકાદાસ શેઠના પુત્ર મહેન્દ્રભાઈ (ઉં. વ. ૮૪) તા.૨૦-૧૦-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. રજની (રાજુ)ના પતિ. રવિશ અને લીપાબેનના પિતા. જતીન મહેતા અને જયશ્રીબેન શેઠના સસરા. શ્રીમતી ઈશા સ્મિત શાહ, શ્રુતિના દાદા. સ્વ. બિપીનભાઈ, સ્વ. યશોશભાઈ, સ્વ. ઈન્દીરાબેન અનિલ પટેલના મોટાભાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે. ૬, દેવઆશીષ, પ્લોટ નં ૨૩૨, સેક્ટર-૨૮, વાશી, નવી મુંબઈ.

**નાયક ભોજક બ્રાહ્મણ**

દીપકકુમાર ઈશ્વરલાલ નાયક (ઉં. વ. ૭૦) તે માલતીબેનના પતિ. વિશાલના પિતા. સુહાનીના સસરા. સૌમ્યના દાદા. સ્વ. પ્રવિણભાઈ, હર્ષદભાઈ, મુકેશભાઈ, દેવ્યાની, હર્ષા, વિરબાળા, આશા, જયશ્રી, હેમા, હીનાના ભાઈ ૧૯-૧૦-૨૪ના રોજ દેવલોક પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર ૨૪-૧૦-૨૪ના સાંજે ૪ થી ૬ પાવનધામ, મહાવીર નગર, કાંદીવલી (વે).

**રાજપુત ક્ષત્રિય**

ગામ સણોસરા (કચ્છ) હાલ-કાંજુરમાર્ગ મુંબઈ નિવાસી શ્રી શિવુભા જાડેજા, ધીરુભા જાડેજાનાં ભાઈ. જનકબાના પતિ. ધર્મેન્દ્રસિંહ જાડેજા, જીગ્નાબા ચૌહાણના પિતાશ્રી. ખુશાલીબા હર્ષિતસિંહના નાના બાપુ. પલકબાના દાદાજી. પ્રવિણસિંહ મિઠુભા જાડેજા તા. ૧૮-૧૦-૨૪ના સ્વર્ગવાસ પામેલ છે. ઉત્તરક્રિયા તા. ૨૫-૧૦-૨૪ના ગામ સણોસરા કચ્છ, ભુજ ખાતે તેમના નિવાસસ્થાને રાખવામાં આવેલ છે.

**નાગર બ્રાહ્મણ**

ઓલપાડ નિવાસી હાલ દહિસર ઓમપ્રકાશ મહેન્દ્રભાઈ વહાલિયા (ઉં. વ. ૭૩) ૨૦/૧૦/૨૪ના દેવલોક પામેલ છે. તે બાવકીબેનના પતિ. સ્વ.રાકેશ તથા સ્વીટીના પિતા. વિજયકુમાર તથા પ્રેરણાના સસરા. સ્વ. લીલાવતીબેન પ્રાગજીભાઈ અજમેરાના જમાઈ. નિશાંત તથા શુભના દાદા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ પોરબંદર (દ્રાફા) હાલ દહિસરના સ્વ. રામકુંવરબેન તથા સ્વ. કાનજીભાઈ હરજીભાઇ ઠક્કર (ચોટાઇ)ના પુત્રવધૂ તથા કલ્યાણજી (કનુભાઈ) ઠક્કરના ધર્મપત્ની અ. સૌ. ચંદ્રિકાબેન ઠક્કર (ઉં. વ. ૭૫) ૨૦/૧૦/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે સાગરના માતુશ્રી. સ્વ. શાંતાબેન તથા સ્વ. કાંતિભાઈ ગોરધનદાસ પોપટ રાજકોટવાળાના દીકરી. બંને પક્ષની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. રૂમ, નં ૨, અંબાલાલ પોખરાય જૈન ચાલ, સી એસ રોડ, વિદ્યામંદિર સ્કૂલની પાસે, દહિસર ઈસ્ટ.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

ઊખરલા નિવાસી હાલ બોરીવલી નવનીતભાઈ વૃજલાલ શાહના ધર્મપત્ની ગં. સ્વ. હંસાબેન (ઉં. વ. ૯૦) શ્રીજીચરણ પામેલ છે. તે બીપીનભાઈ, કીરણબેન મહેતા તથા હરીશભાઈનાં માતુશ્રી. ગીતાબેન, વર્ષાબેન, ભરતભાઈના સાસુજી. મિત્તલ, હાર્દિક, હીરલ ભાવિન શાહ તથા દિશીતા આશીષ કામદારના દાદીમા. રણછોડભાઈ ભોગીલાલ કંપાણીના દીકરી. લૌકીક વહેવાર બંધ છે.

**દશા મોઢ માંડલિયા વણિક**

વેરાવળ નિવાસી હાલ બોરીવલી ગં. સ્વ. પુષ્પાબેન (ઉં. વ. ૮૮) ૧૮/૧૦/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ.મોહનલાલ શામજીભાઈ શાહના પુત્રવધૂ. સ્વ. ચંદ્રકાન્ત શાહના ધર્મપત્ની. સ્વ.ભરત, શૈલેષ, હરેશ તથા પ્રજ્ઞા, ચેતનાના માતુશ્રી. નીતા, નયના, નીલમ, કિરીટકુમાર તથા મુકેશકુમારના સાસુ. સ્વ.વૃજલાલ પરષોત્તમ સોલંકીના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. બી /૧૦૨, પ્રેમનગર, નં.૧૦, એસ. વી પી રોડ બોરીવલી વેસ્ટ.

**મેઘવાળ**

ગામ વાળુંકડ નિવાસી હાલ માટુંગા સ્વ.નાથાલાલ માલજી પડાયાના દીકરી સ્વ.રતનબેન પરમાર (ઉં. વ. ૭૫) ૧૮/૧૦/૨૪ના રામશરણ પામેલ છે. તે સ્વ.પ્રેમજીભાઈ ગોવિંદભાઇ પરમારના ધર્મપત્ની. પ્રવીણ તથા વિજયના માતુશ્રી. હર્ષા તથા નૈનાના સાસુ. વિનોદભાઈ, રતિલાલ, સ્વ. વાલજી, દિનેશ, સ્વ. મીઠીબેન વાઘેલા, કંકુબેન ગોહિલના ભાભી. તેમનું કારજ ૨૨/૧૦/૨૪ના ૫ કલાકે, મેઘવાડી, રૂમ.નં. ૪૪, ટી એચ કટારીયા માર્ગ, માટુંગા ઈસ્ટ.

**મોઢ વાણિયા**

જામનગરવાળા હાલ વાશી નવીમુંબઈના શ્રી ઈશ્વરલાલ દ્વારકાદાસ શેઠના પુત્ર મહેન્દ્રભાઈ (ઉં.વ. ૮૪) તા. ૨૦-૧૦-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. રજની (રાજુ)ના પતિ. શ્રી રવિશ અને લીયાબેનના પિતા. શ્રી જતીન મહેતા અને શ્રીમતી જયશ્રીબેન શેઠના સસરા. શ્રીમતી ઈશા સ્મિત શાહ તથા શ્રુતિના દાદા. તે સ્વ. બિપિનભાઈ, સ્વ. યશેશભાઈ તથા સ્વ. ઈન્દિરાબેન અનિલ પટેલના મોટાભાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

જાફરાબાદવાળા, હાલ જુહુસ્કીમ સ્વ. નિર્મળાબેન નારણદાસ ગોરડીયાના પુત્ર અતુલભાઈ (ઉં. વ. ૭૨) ૨૦-૧૦-૨૪ને રવિવારે શ્રીજીચરણ પામ્યા છે. તે ભાવનાના પતિ. ગૌરાંગ-સલોની અને પરાગ-મોનાના પિતાશ્રી. ક્રીષા, નીલ અને કરીનાના દાદા. જાફરાબાદવાળા સ્વ. ગોરધનદાસ મોહનલાલ મહેતાના જમાઈ. સ્વ. જસવંતભાઈ-ઈંદીરાબેન, રાજેશભાઈ-પ્રભાબેન અને સ્વ. ધરમદાસ-પ્રવીણાબેન, સ્વ. વસુબેન, સ્વ. અનુબેન તથા રંજનબેનના ભાઈ. લૌકિક પ્રથા બંધ છે. પ્રાર્થનાસભા સ્થળ: વિશ્વકર્માબાગ, બજાજ રોડ, વિલેપાર્લે (વે). ૨૪-૧૦-૨૪, ગુરુવાર, સાંજે પ્રાર્થનાસભા ૫ થી ૭.

## પારસી મરણ

ફ્રેની રુસી ટોડીવાલા, તે મરહૂમ રુસીના પત્ની. મરહૂમ વિલેર અને મરહૂમ બહેરામજીના પુત્રી. તે પેરિનાજના માતા. તે મિનૂના સાસુ. તે બેરેઝિદા અને નિયોશાના ગ્રાન્ડમધર. તે મરહૂમ માકી, બાપુ, નાજુના બહેન. તે વિલૂના આન્ટી. તે મરહૂમ સૂનામાઈ અને મચેરશાના વહુ. (ઉં. વ. ૮૧) ર.ઠે.: ૨૨-એ, સાગર સંગીત, ૫૮, શહીદ ભગતસિંહ રોડ, કોલાબા, મુંબઈ-૪૦૦૦૦૫.

પીલુ અદી કેરમાની તે મરહુમ અદીના ધનિયાની. તે મરહુમો ગોવર, બેહરામ ઇરાનીના દીકરી. તે બોમસી ને કૈઝાદના માસી સાસુ. તે ડોલી તથા મરહુમો રોશન ને જમશેદના બહેન. તે હાવોવી ને મીથરાના ગ્રેન માસી. તે દેલના ને ઝીનોબીયાના માસી. (ઉં.વ. ૮૧) રે. ઠે. સિંઘ ચેમ્બર બિલ્ડિંગ, ફલેટ નં.૫, ત્રીજે માળે, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૫.

કેતી કેરસી કજોતીયા તે મરહુમ કેરસીના ધનિયાની. તે મરહુમો આલામાય ગુસ્તાદજી પટેલના દીકરી. તે દારાયસના મમા. તે નીલોફરના સાસુ. તે કેરબાનુ, ઝરીન, એમી, ફીરોઝ, દીલનાવાઝ. તે મરહુમ મીનુના બહેન. તે વાહબીઝ, દાનેશના બપઇજી. (ઉં. વ. ૮૫) રે. ઠે. ૫૧, કરમ વીદો ચાલ, મર્ઝબાન કોલોની ગીલદર લેન, મુંબઇ-૪૦૦૦૦૮.

ફીરોઝ જીજીભાઇ પાગદીવાલા તે મરહુમ ફ્રેનીના ધની. તે મરહુમો બચા જીજીભાઇ પાગદીવાલાના દીકરા. તે દારાયસના પપા. તે શેરુ, ખોરશેદ અને મરહુમ જેમીના ભાઇ. તે શીરીન ને હસનુરના ફૂઆ. તે કેકી ને તનુજાના કાકા. તે ફ્રેની, રોની, ફિરોઝા, ફ્રનસીયસ, જેની, ગુસ, આઇરીન ને મરહુમ ખુશરૂના મામા. (ઉં. વ. ૯૩) રે. ઠે. વિજય નિવાસ, બીજે માળે, પ્લોટ નં-૫, નોશીર ભરૂચા રોડ, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સિંધેર (ભાવનગર) હાલ-મુલુંડ સ્વ. નગીનદાસ વેણીલાલ શાહના ધર્મપત્ની વસંતબેન (ઉં.વ. ૮૪) રવિવાર, તા. ૨૦-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે અતુલ, રૂપા રમેશકુમાર શાહ, સોનલ પ્રકાશકુમાર ગાંધીના માતુશ્રી. પ્રતિભા અતુલના સાસુ. સ્વ. મનુભાઈ, સ્વ. રસિકભાઈ, સ્વ. વિનુભાઈ તથા સ્વ. ચંદ્રકાંતભાઈના ભાભી. મીત અને વૃષ્ટિના દાદી. (પાલીતાણા) સ્વ. ખાંતીલાલ ભાયચંદ વોરાની દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સ્થળ: ૬૦૨, પારિજાતક સોસાયટી, ડે આઈના સ્કૂલની બાજુમાં, ડૉ. આંબેડકર રોડ, મુલુંડ (વેસ્ટ).

**ઝા. સ્થા. જૈન**

લીંબડી નિવાસી હાલ અંધેરી સ્વ. રસિકભાઈ છબીલદાસ વોરાના ધર્મપત્ની ઈન્દીરાબેન વોરા (ઉં. વ. ૯૩) તા.૨૦-૧૦-૨૪ના અરિહંતશરણ પામ્યા છે. તે પરેશભાઈ, મેહુલભાઈ તથા રૂપલબેનના માતુશ્રી. પારૂલ, દિપકભાઈ, માધવીના સાસુ. મોનલ-નિશાંતકુમાર, દેવલ, પરમ અને મહેંકના દાદી. પિયર પક્ષે છબીલદાસ લક્ષ્મીચંદ મહેતાના દિકરી. લૌકિક વહેવાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાની તુંબડીના કિશોર જેવત કેશવજી છેડા (ઉં. વ. ૬૬) તા.૨૦-૧૦-૨૪ના અવસાન પામેલ છે. રત્નાબાઈ વેલજી (કેશવજી) તેજપારના પૌત્ર. સ્વ.હાંસબાઈ (મકાંબાઈ) જેવત કેશવજીના સપુત્ર. કોડાયના દેવકાંબેન લધુ ગણશી લાલનના દોહિત્ર. સ્વ.લક્ષ્મીચંદ, સ્વ.રવિલાલ, હરખચંદ, સ્વ.કમલેશ, અમૃતબેન, રામાણીયાના સ્વ.સુંદરબેનના ભાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. નિ : અમૃતબેન જેવત છેડા ઈન્દુબાગ નં.૨, રૂમ નં.૨૧, સીતારામ જાધવ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૧૩.

ડુમરાના માતુશ્રી જેતબાઇ તેજશી સાવલા (ઉં. વ. ૮૭) ૧૯-૧૦ના અવસાન પામેલ છે. નાનબાઇ મુરજી દેવરાજના પુત્રવધૂ. તેજશીના ધર્મપત્ની. કલ્યાણજી, ભરત, હરેશ, નયનાના માતા. ડુમરાના સુંદરબેન પ્રેમજી રવજી કારાણીના સુપુત્રી. તલકશી, જયંતીલાલ, લક્ષ્મીચંદ, રમણીકલાલ, ડુમરાના હાંસબાઇ ભવાનજી, કાંતા મણીલાલ, સાભરાઇના વેજબાઇ જેઠાલાલ, ભાનુમતી હીરજી, ચંચળબેન ટોકરશી, દેવપુરના જવેરબેન માવજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હંસા સાવલા, એ-૧૦, પાર્વતી સદન, તિલક રોડ, ઘાટકોપર (ઇસ્ટ) ૭૭.

મકડાના શ્રી દેવજીભાઈ ગાલા (ઉં. વ. ૯૦) ૨૦-૧૦ના અવસાન પામેલ છે. પાલઇબાઈ હીરજીના પુત્ર. લીલબાઈના પતિ. અરવિંદ, ભાવેશ, લક્ષ્મી, કુસુમ, ચંદ્રિકાના પિતા. દામજી, સુંદરબેન, પ્રેમિલાબેન, કેસરબેન, કસ્તુરબેનના ભાઈ. કોટડા (રો) રતનબેન પાસુભાઈ પાસડના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, ૧લે માળે, દાદર (ઈ), ટા. ૩ થી ૪.૩૦.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી દેરાવાસી જૈન**

બોટાદ નિવાસી હાલ નાલાસોપારા સ્વ.મણીલાલ છગનલાલ બગડિયાના સુપુત્ર નવીનભાઈ બગડીયાં (ઉં. વ. ૮૨) તે સરલાબેનના પતિ. સૌરભ-હેતલ, તુશાર-રીના, ચેતન -સુનીતાના પિતાશ્રી. શારદાબેન નગીનદાસ શાહ, ગુણીબેન સુરેન્દ્રભાઈ શાહના ભાઈ, વ્રજલાલ, સ્વ. મનહરભાઈના બનેવી. તા.૧૭.૧૦.૨૪ના ગુરુવારે અરિહંતશરણ પામેલ છે. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે. બી૭, સમ્રાટ શ્યામ બિલ્ડિંગ, એસ ટી ડેપો રોડ, ગલેક્સી હૉટલની સામે, નાલા સોપારા વેસ્ટ.

**દશા શ્રીમાળી પાંત્રીસી જૈન**

મૂળ વતન ખાંભેલ હાલ બોરીવલી સ્વ.હંસાબેન શાહ તે સ્વ.રમણલાલ શાંતિલાલ શાહના ધર્મપત્ની. વિનય, પરેશ, વર્ષા, નીલમનાં માતુશ્રી. મીના, પારુલ, જયેશ, પિનાશનાં સાસુ. ચાર્મી મનોજ, રિચા ભાવિક, ઋતુ-મિતનાં દાદી. રિપન, ક્ષિતીજ, ધ્રુવ, પાર્થનાં નાની. શુક્રવાર તા.૧૮-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

અગિયાળી નિવાસી હાલ વાલકેશ્વર સેવંતીભાઈ મુલચંદભાઈ શાહના ધર્મપત્ની જ્યોતિબેન (ઉં. વ. ૮૧) ચન્દ્રકાંતભાઈ, સૂર્યકાંતભાઈના ભાભી. રાજેશ, જયદીપ, કાશ્મીરા, ભરત જોબનના કાકી. પિયરપક્ષે તણસા નિવાસી હાલ નવસારી રમણીકભાઇ મોહનલાલ વોરાના સુપુત્રી રવિવાર તા.૨૦ ઓક્ટોબર ૨૪ વાલકેશ્વર મુકામે અરિહંતશરણ પામેલ છે. ઠે. ૭ આર્યવ્રત નારાયણ ડાભોલકાર રોડ, વાલકેશ્વર, મુંબઈ. લૌકિક વહેવાર બંધ છે.

**જામનગર હાલાર વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જામનગર નિવાસી હાલ મુલુંડ સ્વ. મુક્તાબેન પ્રભુલાલ હરીલાલ શાહના સુપુત્ર બીપીનચંદ્ર શાહ (ઉં. વ. ૮૩) રવિવાર, ૨૦-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તેઓ સ્વ. ઠાકરશીભાઈ લાલચંદ શેઠના જમાઈ. તેઓ કુમારભાઈ, મહેન્દ્રભાઈ, યોગેશભાઈ અને સુધાબેનના ભાઈ. અશોકભાઈ-ભાવનાબેન, સંદીપભાઈ-શીલ્પાબેન અને રૂપલબેન-કીરણભાઈના પિતાશ્રી તથા ધ્વની-મનન-પ્રથમ-શુભમ-રાખી-રવીના દાદા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રી માળી જૈન**

રાળગોન નિવાસી, હાલ ઘાટકોપર સ્વ. પ્રવિણચંદ્ર નેમચંદ શાહના ધર્મપત્ની અરૂણાબેન (ઉં. વ. ૭૬) ૧૯/૧૦/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે નિમેષ, સંકેતના માતુશ્રી. વિભા, શ્વેતાના સાસુ. તે બળવંતભાઈના ભાઈના પત્ની. રમેશભાઈ, સ્વ. ચંદ્રકાંત, સુર્યકાંત, અરવિંદ, દિનેશ, સુશીલાબેન, મીતાબેન, સ્વ. કિરણબેન, રંજનબેનના ભાભી. તે કીળીયાકવાળા સ્વ. હરીલાલ તારાચંદ શાહના દીકરી. ૨૩-૧૦-૨૪ બુધવાર ૯.૩૦થી ૧૧.૩૦ માતૃવંદના રાખેલ છે. ઍડ્રેસ: ગ્રાન્ડ નાલંદા બેંકવેટ, ડો. બાબા સાહેબ આંબેડકર કોલેજ, પી.કે. લોખંડે માર્ગ, ચેમ્બુર રેલવે સ્ટેશનની બાજુમાં, ચેમ્બુર (વેસ્ટ).

**ઝાલા દશાશ્રી. સ્થા. જૈન**

ચુડા નિવાસી હાલ માલાડ સ્વ. અંબાલાલ શાહના પત્ની વસુમતી (ઉં. વ. ૯૩) ૨૦-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે મહેશ, બિંદુ, ધીરેનના માતુશ્રી. તે રમીલા, અશોકકુમાર, વીણાના સાસુ. રીના સંકેત, વિધિત, પ્રાચી, મિહીર, જીલના દાદી. તે શ્વેતા, સચીનભાઈ, કૃપાના મોટા સાસુ. રાજભાઈના નાની સાસુ. સ્વ. છોટાલાલ મોહનલાલ ગોસલિયાના દીકરી. સાદડી પ્રથા બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી શ્વે. મૂ. પૂ. જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ મલાડ સ્વ. અમુલખભાઈ ભવાનભાઈ ચિકાણીના સુપુત્ર તરૂણભાઈ શાહ (ચિકાણી) (ઉં. વ. ૭૪) તે સ્વ. પ્રેમિલાબેનના પતિ. તે હિમાંશુ તથા મયુરના પિતા. સ્વ. પ્રાણભાઈ, સ્વ. મણીભાઈ, સ્વ. વિનુભાઈ, સ્વ. રમેશભાઈ, સ્વ. શારદાબેન, સ્વ. ગુણીબેન તથા યશોમતીબેનના ભાઈ. મેઘા તથા પ્રિતિના સસરા. વાગરા નિવાસી જગજીવનદાસ લક્ષ્મીચંદ ગાંધીના જમાઈ ૨૦-૧૦-૨૪ના રવિવારે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

તન-મન-ધનથી રહો તરોતાજા

# નિવૃત્ત જીવનમાં ક્યાં કરવો વસવાટ?




ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

ઘરમાં જેને શાંતિ મળે એ સૌથી વધુ સુખી માણસ કહેવાય, પછી તે રાજા હોય કે રંક. દરેક વ્યક્તિ માટે એનું ઘર મહેલ સમાન જ હોય છે. એ આપણો ગઢ હોય છે. નિવૃત્તિ પછી જે ઘરમાં રહેવાનું નક્કી થાય એ ઘર મનખાદેહ માટેનું છેલ્લું ઘર હોય એવી શકયતા વધારે હોય છે. પાછલાં વર્ષોમાં સુખી રહેવા માટે આપણે નિવૃત્તિ બાદના ઘરની પસંદગી સમજી વિચારીને કરવી જરૂરી છે.

નિવૃત્ત વ્યક્તિ સંતાનો સાથે કે પૌત્રો સાથે રહેવાની હોય તો વાત જુદી છે, અન્યથા મેટ્રો શહેરમાં રહેવાનું વ્યવહારું નથી. આવતાં વર્ષોમાં મહાનગરોમાં રહેવાનો ખર્ચ ઘણો જ વધી જવાનો છે. આ શહેરોમાં જીવનની ગતિ પણ ઘણી જ ઝડપી હોય છે.

સામાન્ય સંજોગોમાં નિવૃત્ત વ્યક્તિઓએ એવા શહેર કે નગરની પસંદગી કરવી જ્યાંથી સગાંસંબંધીઓ સુધી જલદીથી પહોંચી શકાય અથવા તો જ્યાં એ લોકો રહેતા હોય. પોતાનું વતન પણ રહેવા માટેની સારી જગ્યા બની શકે છે. એમ ન હોય તો સંતાનો જ્યાં રહેતાં હોય ત્યાંથી નજીકના કોઈ નાના શહેરમાં રહેવા જવું. મિત્રો અને સંગાસંબંધીનો સાથ મળે એવી રીતે ઘરની પસંદગી કરવી.

આ ઉપરાંત એ પણ ધ્યાન રાખવું કે ઘર જ્યાં હોય ત્યાં આરોગ્ય સેવાઓ સારી હોય. વરિષ્ઠ નાગરિકો સામેના ગુનાઓ વધી રહ્યા હોવાથી કાયદો - વ્યવસ્થાની સારી સ્થિતિ ધરાવતી જગ્યાની પસંદગી કરવી. નિવૃત્તિ પછીની પ્રવૃત્તિઓને લીધે પ્રવાસ કરવો પડવાનો હોય તો પરિવહનના સાધનો સહેલાઈથી મળે એવા સ્થળે ઘર પસંદ કરવું અને ત્યાં વસવાટ રાખવો..

રહેવા માટે શહેર કે નગર પસંદ કરી લીધા બાદ ત્યાંના વિસ્તારની પસંદગી પર ધ્યાન આપવું. બજારના ઘોંઘાટની આજુબાજુ રહેવું છે કે શાંત જગ્યા જોઈએ છે એ પસંદગી દરેક વ્યક્તિ અનુસાર બદલાતી હોય છે. તમે શાંત જગ્યામાં રહીને ખરીદી એકસામટી કરવા માટે જ બજારે જવાનું નક્કી કરી શકો છો. આસપાસ લીલોતરી, બગીચો કે શાંતિપૂર્ણ વાતાવરણ હોય એવો વિસ્તાર પસંદ કરવો. કોઈ વિસ્તારમાં વરિષ્ઠ નાગરિકો માટેની પ્રવૃત્તિઓ ચાલતી હોય તો એ વિસ્તારને પ્રાથમિકતા આપવી.

ઘરની નજીક બેન્ક, પોસ્ટ ઑફિસ, કેમિસ્ટ જેવી સંસ્થાઓ હોય અને સાથે સાથે ઈલેક્ટ્રિશિયન, પ્લમ્બર, વગેરે જેવા વ્યવસાયીઓની સેવા મળી રહે એવા સ્થળે રહેવા જવું.

શક્ય હોય ત્યાં સુધી ઘર ભોંયતળિયે હોવું જોઈએ. જો મોટું બિલ્ડિંગ હોય તો લિફ્ટની વ્યવસ્થા હોવી જરૂરી છે. વતનમાં પોતાનું મોટું ઘર હોય તો પણ બધી વસ્તુઓ ભોંયતળિયે જ રાખો, જેથી ચડઊતર કરવાની જરૂર ન પડે. ક્યાંક દાદરા ચડવા પડે એમ હોય તો પકડીને ચાલવા માટેની રેલિંગ હોવી જોઈએ. ઘરમાં કોઈ વોકર, વોકિંગ સ્ટિક કે વ્હિલચેર વાપરતું હોય તો એમના ચડવા-ઊતરવા માટે ઢાળવાળો માર્ગ પણ હોવો જોઈએ. આ બધી વસ્તુઓ કહેવા માટે ઘણી જ સામાન્ય લાગતી હોય છે, પરંતુ તેનું ઘણું જ મહત્ત્વ હોય છે.

નિવૃત્તિ પછીનું ઘર નક્કી થઈ ગયું હોય તો નિવૃત્તિના થોડા વખત પહેલાથી જ ત્યાં રહેવા જવું. નિવૃત્તિ એ મોટું સંક્રમણ હોય છે. એકથી બીજા ઘરમાં રહેવા જવું એ પણ મોટું સંક્રમણ હોય છે. આમ, બે સંક્રમણ ભેગાં થઈ જાય તો તકલીફ પડી શકે છે. મોટાભાગના દંપત્તિને આ બંને સંક્રમણને એકસાથે પહોંચી વળવામાં તકલીફ પડતી હોય છે. નિવૃત્તિ પહેલાનું અને પછીનું ઘર એક જ શહેરમાં હોય તો નિવૃત્તિનાં ઓછામાં ઓછાં બે વર્ષ પહેલાંથી જ નવા ઘરમાં રહેવા ચાલ્યા જવું. આમ, નિવૃત્તિ વખતે બન્ને સંક્રમણ ભેગાં નહીં થાય.

આજકાલ તો અનેક પ્રતિષ્ઠિત બિલ્ડરો નિવૃત્ત દંપત્તિઓ માટે વસાહતોનું નિર્માણ કરવા લાગ્યા છે. આવી કોઈ વસાહતમાં ઘર ખરીદવાનો વિચાર કરવા જેવો છે. ખાસ વરિષ્ઠ નાગરિકો માટેની વસાહતો હોવાને લીધે તેમાં એ ઉંમરની વ્યક્તિઓ માટે આવશ્યક સુખ-સુવિધાઓ હોય એ સ્વાભાવિક છે.

આખરે, ધરતીનો છેડો 'ઘર' એ કહેવત સાચી જ છે. ■

# આલિયા ભટ્ટ જેનો શિકાર છે એ ADHD શું છે?

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક



તાજેતરમાં જ એક ઇન્ટરવ્યૂમાં આલિયા ભટ્ટે જણાવ્યું કે નાનપણથી જ અચાનક 'ઝોન આઉટ' થઇ જવા ની સમસ્યા થી એ પીડાય છે. એ કલાસરૂમ હોય કે પછી કોઈની સાથેની વાતચીત કરતી હોય. અચાનક તે એકાગ્રતા ગુમાવી બેસતી હતી. આલિયાએ હમણાં જ કરાવેલા ટેસ્ટમાં જણાયું કે એ ADHD (Attention Deficit Hyperactivity Disorder) તરીકે ઓળખાતી સમસ્યાનો શિકાર છે.

આપણે ઘણાં માતા-પિતાઓને ફરિયાદ કરતા સાંભળીએ છીએ કે તેમનું બાળક કોઈ વાતમાં એકગ્રતા જ નથી રાખી શકતું. જરૂરી નથી કે તેનું કારણ દર વખતે એડીએચડી જ હોય, પણ જો આપણે એડીએચડી શું છે તે જાણતા હોઈએ તો કદાચ બાળકોની સમસ્યાને ઓળખવામાં વધુ સરળતા રહે.એટલે આજે એડીએચડી શું છે? તેના ઉપર થોડો પ્રકાશ પાડીએ.

અટેન્શન-ડેફિસિટ હાયપરએક્ટિવિટી ડિસઓર્ડર (એડીએચડી ) એ બાળકોને અસર કરતી સૌથી સામાન્ય માનસિક વિકૃતિઓમાંની એક છે. એડીએચડીના લક્ષણોમાં બેદરકારી (ફોકસ રાખવા માટે સક્ષમ ન હોવું), હાયપરએક્ટિવિટી (અતિશય સક્રિયતા) અને આવેગ (વિચાર્યા વિના ક્ષણમાં જ થતું કાર્ય અથવા પ્રતિભાવ)નો સમાવેશ થાય છે.

એડીએચડીને એક ક્રોનિક (લાંબા ગાળાની ) અને માનસિક રીતે નિર્બળ કરી દે તેવો ડિસઓર્ડર ગણવામાં આવે છે અને તે વ્યક્તિના જીવનના અનેક પાસાઓમાં, જેમ કે શૈક્ષણિક અને વ્યાવસાયિક સિદ્ધિઓ, આંતરવ્યક્તિત્વ સંબંધો અને રોજિંદા કાર્ય સહિતની બહુ આયામી અસર કરી શકે છે.

એડીએચડીના કેટલાક વધુ સામાન્ય લક્ષણો નીચે પ્રમાણે છેઃ

કાર્યો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં અથવા એકાગ્રતામાં મુશ્કેલી

કાર્યો પૂર્ણ કરવા વિશે ભૂલી જવું

સરળતાથી વિચલિત થવું

સ્થિર બેસવામાં મુશ્કેલી

જ્યારે લોકો વાત કરી રહ્યા હોય ત્યારે તેમને અવરોધવું

હાયપરએક્ટિવિટી અને આવેગનો અનુભવ કરતી વ્યક્તિમાં આ લક્ષણો હોઈ શકેઃ

વર્ગમાં સ્થિર રહેવું અને બેસવું મુશ્કેલ લાગે

રમવામાં અથવા શાંતિથી કાર્યો હાથ ધરવામાં મુશ્કેલી

વધુ પડતું બોલબોલ કરવું

રાહ જોવામાં અકળામણ અનુભવવી

જ્યારે કોઈ બોલતું હોય, રમતું હોય, અથવા કોઈ કાર્ય કરતું હોય ત્યારે તેને અટકાવે

ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી

અભ્યાસ કરતી વખતે અથવા કામ કરતી વખતે વારંવાર ભૂલો અથવા વિગતો ચૂકી જવી. વાતચીત કરતી વખતે, સાંભળતી વખતે અથવા વાંચતી વખતે ધ્યાન જાળવવું મુશ્કેલ લાગવું

રોજિંદા કાર્યોને ગોઠવવામાં મુશ્કેલી પડવી

વારંવાર વસ્તુઓ ગુમાવવી

આસપાસ બનતી નાની વસ્તુઓથી સરળતાથી વિચલિત થવું

અમેરિકન સાયકિયાટ્રિક એસોસિએશન એડીએચડીના ત્રણ પ્રકારમાં વિભાગ પાડે છે.

મુખ્યત્વે એકાગ્રતા રહિત

આ પ્રકારના એડીએચડી ધરાવતા લોકોને ધ્યાન કેન્દ્રિત કરવામાં, કાર્યો પૂર્ણ કરવામાં અને સૂચનાઓનું પાલન કરવામાં ભારે મુશ્કેલી પડે છે.

હાયપરએક્ટિવ-ઇમ્પલ્સિવ પ્રકાર

આ પ્રકારના એડીએચડી ધરાવતા લોકો મુખ્યત્વે અતિ સક્રિય અને આવેગજન્ય વર્તન દર્શાવે છે. અન્યો સાથેના વ્યવહાર વખતે અસ્વસ્થતા અનુભવવી પણ આ પ્રકારમાં સામેલ છે.

સંયુક્ત હાયપરએક્ટિવ-ઇમ્પલ્સિવ અને બેદરકારીનો પ્રકાર

આ એડીએચડીનો સૌથી સામાન્ય પ્રકાર છે. આ સંયુક્ત પ્રકારના એડીએચડી ધરાવતા લોકો બેદરકાર અને અતિ સક્રિય લક્ષણો બન્ને દર્શાવે છે. આમાં ધ્યાન આપવામાં અસમર્થતા, આવેગભર્યું વલણ અને પ્રવૃત્તિ અને ઊર્જાના સરેરાશ સ્તરથી ઉપરનો સમાવેશ થાય છે.

## એડીએચડીનું કારણ શું છે?

એડીએચડી ઘણી સામાન્ય સમસ્યા હોવા છતાં, ડૉક્ટરો અને સંશોધકો હજુ પણ તેના કારણ વિશે ખાતરીપૂર્વક કહી શકતા નથી. તેનું મૂળ ન્યુરોલોજીકલ હોવાનું માનવામાં આવે છે. આનુવંશિકતા પણ ભૂમિકા ભજવી શકે છે. જોકે, કેટલાક લોકોમાં પારિવારિક ઇતિહાસ વિના સ્વયંભૂ સમસ્યા પણ જોવા મળે છે.

આમ તો આ સમસ્યા બાળકોમાં જોવા મળે છે, પણ જેમ આલિયાએ જણાવ્યું તેમ તે બાળપણની સમસ્યા પુખ્ત વયે પણ કાયમ હોઈ શકે. એડીએચડી ધરાવતા ૬૦% બાળકો પુખ્તાવસ્થામાં લક્ષણોનો અનુભવ કરવાનું ચાલુ રાખે છે.

## શું છે ઉપચાર?

ઉપચારના પ્રકારોમાં મનોરોગ ચિકિત્સા અથવા ટૉક થેરાપીનો સમાવેશ થાય છે. ટૉક થેરાપી સાથે તમે અથવા તમારા બાળક પર એડીએચડી કેવી રીતે અસર કરે છે અને તેને સંચાલિત કરવામાં તમારી મદદ કરવાની રીતો વિશે ચર્ચા કરશે.

અન્ય ઉપચાર પ્રકાર બિહેવિયરલ થેરાપી છે. આ ઉપચાર તમને અથવા તમારા બાળકને તમારી વર્તણૂકનું નિરીક્ષણ અને સંચાલન કેવી રીતે કરવું તે શીખવામાં મદદ કરી શકે છે. જરૂર પડ્યે નિષ્ણાતો દવાઓ પણ સૂચવી શકે છે. ■

# આરોગ્ય વીમામાં કૅશલેસ ક્લેમ કઈ રીતે કરી શકાય ?

વીમા સુરક્ષાકવચ

નીશા સંઘવી
feedback@bombaysamachar.com



## એના આ મહત્વના મુદ્દા જાણી લો...

આરોગ્ય વીમો એટલે કે મેડિક્લેમ પૉલિસીમાં ક્લેમ કરવો ન પડે એ જ ઈચ્છનીય સ્થિતિ છે, પરંતુ ન કરે નારાયણ ને કોઈ બીમારીને કારણે હૉસ્પિટલમાં દાખલ થવું પડે તો એ સ્થિતિમાં આપણે શું કરવું જોઈએ એ વિશે આજે વાત કરીએ.....

હૉસ્પિટલાઇઝેશનના ખર્ચના ક્લેમની ચુકવણી બે રીતે થાય છે : એક, કૅશલેસ ક્લેમ અને બે, રિઇમ્બર્સમેન્ટ ક્લેમ. આજે આપણે કૅશલેસ ક્લેમની વાત કરીએ. આવતા વખતે રિઇમ્બર્સમેન્ટ ક્લેમ વિશે વાત કરીશું...

## કૅશલેસ ક્લેમઃ

ક્લેમ પ્રોસેસ કરવાની આ ઘણી સરળ અને સહેલી પ્રક્રિયા છે. વીમો આપનાર કંપનીના નેટવર્કમાં હોય એ હૉસ્પિટલમાં સારવાર કરાવવામાં આવે તો જ કૅશલેસ ક્લેમ શક્ય છે. કૅશલેસ ક્લેમમાં વીમાધારકે પોતાના ખિસ્સામાંથી કોઈ ખર્ચ કરવાનો હોતો નથી. જો કોઈ સર્જરી અચાનક કરવાને બદલે પહેલેથી નક્કી હોય અને સારવાર કરનાર ડોક્ટર નેટવર્કની હૉસ્પિટલમાં હોય તો એ સર્જરી કૅશલેસ સિસ્ટમથી જ કરાવવી જોઈએ.

કૅશલેસ ક્લેમ માટે દાવો કરતી વખતે અહીં દર્શાવેલી કેટલીક વાતનું ધ્યાન રાખવું જરૂરી છેઃ

૧) હૉસ્પિટલમાં ટીપીએ ડેસ્કનો સંપર્કઃ

હૉસ્પિટલમાં પ્રવેશ્યા બાદ સીધા ટીપીએ ડેસ્ક પર જઈને તપાસ કરવાની હોય છે કે સંબંધિત પૉલિસી કૅશલેસ સારવાર માટે સ્વીકાર્ય છે કે નહીં. એ પૉલિસી હેઠળ કૅશલેસ સુવિધા ઉપલબ્ધ છે એવું કન્ફર્મ થાય ત્યારે ડેસ્ક મારફતે હૉસ્પિટલ ઍડમિશન અર્થે વીમા કંપની/ટીપીએ (થર્ડ પાર્ટી ઍડમિનિસ્ટ્રેટર)ની આગોતરી પરવાનગી લેવામાં આવે છે.

૨) વીમા કંપની/ટીપીએ પાસે આગોતરી પરવાનગી લેવા માટેનું ફોર્મ ટીપીએ ડેસ્ક પર ભરવાનું હોય છે, જેથી વીમા કંપની/ટીપીએને જાણ કરી શકાય. શરૂઆતમાં હૉસ્પિટલમાં પ્રવેશ માટેનું કન્ફર્મેશન મળે છે અને પૉલિસીના આધારે સારવારના ખર્ચ માટે પૉલિસી હેઠળની મર્યાદા નક્કી થાય છે.

૩) દાખલ થવાની પ્રક્રિયાઃ

આગોતરી પરવાનગી માટેની પ્રક્રિયા પૂરી થયા બાદ હૉસ્પિટલમાં દાખલ થવા માટેનાં કાગળિયાં તૈયાર કરવાનાં હોય છે.

૪) સારવાર અને ખર્ચની મર્યાદાઃ હૉસ્પિટલમાં દાખલ થયા બાદ સારવાર શરૂ થાય અને હૉસ્પિટલને પૉલિસી હેઠળની ખર્ચની નિશ્ચિત મર્યાદા વિશે જાણ કરવામાં આવે છે. એ મર્યાદા પૂરી થયા બાદ પણ જો હૉસ્પિટલમાં રહેવું પડે એવી સ્થિતિ હોય તો હૉસ્પિટલ તરફથી વીમા કંપની/ટીપીએને ખર્ચની મર્યાદા વધારવાનું કહેવામાં આવે છે.

૫) છેલ્લું બિલિંગઃ

સારવાર પૂરી થયા બાદ ડૉક્ટર જ્યારે દરદીને રજા આપવાનું કહે ત્યારે હૉસ્પિટલનાં બધાં ખાતાંમાંથી એ દરદીનાં બિલ મગાવવામાં આવે છે અને તેના આધારે છેલ્લું બિલિંગ થાય છે. હૉસ્પિટલનો બિલિંગ વિભાગ દરદીને રજા આપવા માટે આખરી ક્લેમની મંજૂરી અર્થે ટીપીએ ડેસ્કને જાણ કરે છે.

૬) ક્લેમની મંજૂરીઃ

વીમા કંપની/ટીપીએ ક્લેમ મંજૂર કરે ત્યારે દરદીને રજા આપવામાં આવે છે. એ તબક્કે દરદી અને હૉસ્પિટલ વચ્ચેની આખરી પ્રક્રિયા પૂરી થાય છે.

૭) હોસ્પિટલમાંથી રજાઃ

બિલિંગ ખાતું બિલની ચુકવણી થયાનું કહે ત્યાર બાદ દર્દીને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવે છે.

અહીં આપણે આવા એક કેશલેસ કેસ વિશે જાણીએ...

મેડિક્લેમ વીમાની રકમ રૂ. ૧૦ લાખ છે અને નેટવર્ક હૉસ્પિટલમાં દાખલ છે જ્યાં દાવો

કૅશલેસ પ્રક્રિયા કરશે. દાવો હાર્ટ સર્જરી સંબંધિત છે અને દાવાની રકમ રૂ. ૧૨ લાખ.

હૉસ્પિટલ રૂ.૧૨ લાખમાં પ્રક્રિયા કરશે અને બાકીના રૂ.૨ લાખ દર્દીએ ખિસ્સામાંથી ચૂકવવાના રહેશે.

હા, બાકીના રૂ.૨લાખનો દાવો અન્ય કોઈપણ વીમા પૉલિસીમાંથી રિઇમ્બર્સમેન્ટ તરીકે કરી શકાય છે

***

**પ્રશ્ન ૧** : કૅશલેસ અને રિઇમ્બર્સમેન્ટ એ બન્ને પ્રકારમાં સારવારનો ખર્ચ અલગ અલગ હોય છે?

**ઉત્તર** : સામાન્ય રીતે બન્ને પ્રકારમાં ખર્ચ સરખો જ હોય છે. અમુક હૉસ્પિટલોમાં રિઇમ્બર્સમેન્ટ ક્લેમ કરતાં

કૅશલેસ ક્લેમ વધુ ખર્ચાળ હોય છે.

**પ્રશ્ન ૨** : વીમા કંપનીના નેટવર્ક બહારની હૉસ્પિટલમાં કૅશલેસ ધોરણે સારવાર કે સર્જરી કરાવી શકાય ખરી?

**ઉત્તર** : ના, કૅશલેસ સારવાર વીમા કંપનીની નેટવર્ક હૉસ્પિટલમાં જ કરાવી શકાય છે.

**પ્રશ્ન ૩** : હૉસ્પિટલમાં દાખલ થવા પૂર્વેના અને પછીના ખર્ચ માટે ક્લેમ કેવી રીતે કરવાનો હોય છે? એ ક્લેમ કૅશલેસ થાય કે રિઇમ્બર્સમેન્ટ ધોરણે થાય?

**ઉત્તર**: હૉસ્પિટલમાં દાખલ થવા પૂર્વેના અને પછીના ખર્ચ સાથે હૉસ્પિટલને કોઈ સંબંધ નહીં હોવાથી એ ખર્ચ હંમેશાં રિઇમ્બર્સમેન્ટ ધોરણે જ ક્લેમ કરવાનો હોય છે. એ ક્લેમ માટે અલગ ફોર્મ ભરીને તેની સાથે ખર્ચના પુરાવા પૂરા પાડવાના હોય છે. ■



પ્રકરણ ૯૩

# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા

'કબીર, કહાનીમાં ટિવસ્ટ હવે આવે છે. ગાયત્રીએ પણ રિવોલ્વર ચલાવી હતી એ ખરું , પણ એ ગોળી જગમોહનને વાગી જ નથી..! .'

'એટલે?' કબીર ચિલ્લાયો.

'યસ... જગમોહન દીવાનના શરીરમાંથી જે ગોળી નીકળી છે એ કોઈ ત્રીજી જ રિવોલ્વરમાંથી છૂટી છે. એટલે કે એકસાથે ત્રણ રિવોલ્વર ફાયર થઈ એમાં જગમોહનને જે બુલેટ વાગી એ ત્રીજી રિવોલ્વરમાંથી છૂટી હતી...! '

કબીરના કાનમાં કમિશનર રવિ શ્રીવાસ્તવના આ શબ્દો : 'જગમોહન દીવાનના શરીરમાંથી જે ગોળી નીકળી છે એ કોઈ ત્રીજી જ રિવોલ્વરમાંથી છૂટી છે. એટલે કે એક સાથે ત્રણ રિવોલ્વર ફાયર હએ હતી!' થોડી ક્ષણો સુધી પડઘાતા રહ્યા... કબીરનું મગજ ઝડપથી કામ કરવા લાગ્યું.

'શું થયું કબીરભાઈ... ઓહ કબીરસાહેબ?' જતીનકુમારે પૂછ્યું. કબીર જતીનકુમારના પ્રશ્નને અવગણીને વિચારતો રહ્યો :

સૌથી પહેલાં કુમાર ચક્રવર્તી જગમોહનના કમરામાં દાખલ થયો. એની પાછળ ગાયત્રી પ્રવેશી. હવે કાં તો ત્રીજી વ્યક્તિ પહેલાંથી જ જગમોહનના કમરામાં સંતાયેલી હતી અથવા એ ગાયત્રીની પાછળ પાછળ પ્રવેશી. પહેલાં કુમારે જગમોહનને ગોળી મારવા રિવોલ્વર ચલાવી. રિવોલ્વર ચાલી પણ બુલેટ સામેની દીવાલમાં ખૂંપી ગઈ. કમિશનરે આ વાતનું સમર્થન આપ્યું. કુમાર જ્યારે રિવોલ્વર ચલાવતો હતો ત્યારે જ ગાયત્રીએ જગમોહનને બચાવવા પોતાના હાથમાં રહેલી ગનથી ગોળી છોડી. ગાયત્રીને એમ કે એની બુલેટ જગમોહનને વાગી છે, પણ હકીકતમાં ગાયત્રીની પાછળ રહેલી અથવા કમરામાં છુપાયેલી કોઈ વ્યક્તિએ પણ ગોળી છોડી હતી. આ ત્રીજી વ્યક્તિની બુલેટ જગમોહનને વાગી હતી. તો પછી ગાયત્રીની રિવોલ્વરમાંથી છૂટેલી ગોળી ક્યાં ગઈ? એ તો ચોક્કસ હતું કે ત્રણે રિવોલ્વર ચલાવવામાં આવી હતી. બે બુલેટનો તાળો મળતો હતો.ગાયત્રીએ છોડેલી બુલેટ ક્યાં?

કબીર દોડ્યો.

એની પાછળ જતીનકુમાર, કરણ, રેવતી, પૂજા અને પ્રભા પણ દોડ્યાં.

'અરે, આ કબીરભાઈ શેના દોડે છે કોઈ કહેશો? ઓ કબીરભાઈ, તમે શું કોઈનું ભૂત જોયું?' જગમોહનના બેડરૂમમાં દોડીને અટકેલા કબીર પાછળ હાંફતાં હાંફતાં જતીનકુમારે પૂછ્યું.

'આ ઘરમાં હું કોઈનો વિશ્વાસ કરતો નથી. મારે મન બધા ભૂત જ છે.' કબીરના અવાજમાં ખિન્નતા અને કડવાશ હતાં.

'ભ'ઈસાબ, આ ઘરની સ્ત્રીઓને ભૂત કહીને તમે એમનું અપમાન ન કરો. મારા ખ્યાલ મુજબ મર્યા બાદ સ્ત્રીઓ ભૂત નથી થતી.' જતીનકુમારથી બોલ્યા વિના ન રહેવાયું.

કબીરને જોકે જતીનકુમારની વાત સાંભળવામાં રસ નહોતો. એ જગમોહનના બેડરૂમની સામેની દીવાલ ઝીણવટથી તપાસવા લાગ્યો હતો. ગાયત્રીની બુલેટ અહીં જ ક્યાંક દીવાલમાં લાગી હશે. ગાયત્રી શિખાઉ છે, અગાઉ ક્યારેય રિવોલ્વર ચલાવી નહોતી. એવું બને કે રિવોલ્વર ચલાવતી વખતે એનો હાથ ધ્રૂજી ગયો હોય અને ગોળી બારીની બહાર નીકળી ગઈ હોય.... તો?

જો એવું બન્યું હોય તો બુલેટને શોધવી મુશ્કેલ થઈ જાય, પણ સામેની દીવાલ અને બારી વચ્ચે સોફો રાખવામાં આવ્યો હતો એટલે કે જ્યાં જગમોહન ઊભો હતો ત્યાંથી બારી વચ્ચેનું અંતર આશરે આઠથી દસ ફૂટ હતું.

'શું ગાયત્રીનું નિશાન આટલું બધું ચૂક્યું હોય એ શક્ય છે?' ગાયત્રીનો ઇરાદો કુમારને મારવાનો હતો, જેથી એ જગમોહનનું ખૂન ન કરી શકે.

એનું નિશાન એટલું ફંટાઈ ન શકે કે આઠ-દસ ફૂટ દૂર આવેલી બારીની બહાર ગોળી નીકળી જાય.

જો ગોળી દીવાલમાં ન હોય તો...

કબીરના મગજમાં બત્તી થઈ... તો ગોળી સોફામાં ખૂંપી ગઈ હશે. એણે સોફો પહેલાં પણ ચકાસ્યો હતો, છતાંય એ ફરી સોફાની કિનારીઓ તપાસવા લાગ્યો.

'કબીર અંકલ, શું થયું એ અમને પણ જણાવશો? અમે તો બાઘાની જેમ ઊભા છીએ, કંઈ સમજાતું જ નથી.' કરણે ફરિયાતના સૂરમાં કહ્યું.

'તમે બધાં આટલાં અધીરાં થાઓ છો તો સાંભળો, જગમોહન પર ગોળી ગાયત્રીએ નથી છોડી. જગમોહનને કુમારની ગોળી પણ નથી વાગી...'

'તો શું સસરાએ સાચે જ ફરી આપઘાત કરવાની કોશિશ કરી?' જતીનકુમારના શબ્દો કોઈને રુચ્યા નહીં પણ એમની સાથે જીભાજોડીમાં ઊતરવા કોઈ તૈયાર નહોતું.

'ના, જતીનકુમાર, પહેલીવાર જગમોહને આત્મહત્યા કરવાની કોશિશ કરી ત્યારે ગાયત્રીએ એને બચાવી લીધો હતો. આ વખતે પણ એનો જીવ જોખમમાં લઈને ગાયત્રીએ જ એને બચાવવાની કોશિશ કરી.' કબીર બોલ્યો.

'ઓહ... ઓહ... બિચારી, એણે તો બચાવવાની કોશિશ કરી પણ એના કમનસીબે એ બુલેટ પપ્પાને વાગી ગઈ.' પૂજાએ મમરો મૂક્યો.

'ના, ગાયત્રીએ જગમોહનને બચાવવાની કોશિશ કરી એ વાત સાચી પણ એની બુલેટ જગમોહનને વાગી જ નથી.'

'તો પછી?' કરણ પૂછતાં પૂછતાં અટકી ગયો. બધાંના મોઢાં ખુલ્લાં રહી ગયાં હતાં.

'જગમોહનને તો કોઈ ત્રીજી જ વ્યક્તિની ગોળી વાગી છે ! .'

'કોની?' બધાંએ એકસાથે પ્રશ્ન કર્યો.

'એ કેમ કહી શકાય?' કબીરે કહ્યું. પછી સહેજ અટકીને ઉમેર્યું :

'એ તમારામાંથી કોઈ એક વ્યક્તિ પણ હોઈ શકે....! '

બધાં સ્તબ્ધ થઈ ગયાં. પળભર તો જતીનકુમારને પણ શું બોલવું એ સૂઝ્યું નહીં.

'કેમ જતીનકુમાર, કોઈ કોમેન્ટ નહીં કરો?...' કબીર હસ્યો.

'હું એ જ વિચારું છું કે અમારામાંથી કોની પાસે રિવોલ્વર છે. એટલિસ્ટ, મારી પાસે તો નથી એ બધા જાણે છે. એટલે મેં તો સસરાની હત્યા કરવાનો પ્રયાસ ન જ કર્યો હોય.' જતીનકુમાર ગેલમાં આવી ગયા.

'તમે થાપ ખાઓ છો , જતીનકુમાર. કુમાર ચક્રવર્તીએ કદાચ રિવોલ્વર ખરીદી હોય, પણ ગાયત્રી પાસે પોતાની રિવોલ્વર નહોતી. પોતાની માલિકીનું હથિયાર ન હોય, તો માણસ ખૂની ન હોઈ શકે એવું કંઈ જરૂરી નથી. ખૂન કરવા માટે કોઈનું હથિયાર પણ ચાલે, ઉધાર લીધેલું કે પછી ચોરલું.' જતીનકુમારના ચહેરા પર ઝડપથી પલટાતા ભાવને જોવાની કબીરને ગમ્મત પડતી હતી.

'કબીરભાઈ, આપણો કોઈ હિસાબ બાકી છે?' જતીનકુમારે પૂછ્યું.

'કેમ? આમાં હિસાબની વાત ક્યાં આવી?' કબીરે નિર્દોષભાવે પૂછ્યું.

'ના... ના... જો આપણો કોઈ જૂનો હિસાબ બાકી ન હોય તો પછી મારી પાછળ શા માટે પડી ગયા છો? મેં તો તમને ભાઈ કહેવાનું પણ છોડી દીધું છે.' કાકલૂદી કરતા હોય એવા સ્વરે જતીનકુમાર બોલ્યા.

'જતીનકુમાર,' કબીરનો સ્વર ગંભીર થઈ ગયો, મારે તમારી સાથે કોઈ નિસ્બત નથી. મારું કામ હત્યારાને શોધવાનું છે અને એને હું શોધીને રહીશ અને હું ક્યાં કહું છું કે તમે હત્યા કરવાનો પ્રયાસ કર્યો છે. કદાચ કરણ પણ હોઈ શકે, વિક્રમ પણ હોઈ શકે...' કબીરનો ચહેરો હજી ગંભીર હતો.

'હું પણ એ જ કહેતો હતો.' જતીનકુમાર ફરી ગેલમાં આવી ગયા.

'હત્યાનો પ્રયાસ ઘરની કોઈ સ્ત્રીએ પણ કર્યો હોઈ શકે.' કબીરે પ્રભા સામે જોઈને કહ્યું.

'શું કબીરભાઈ' પ્રભાનો અવાજ ગળગળો થઈ ગયોઃ શું હું મારા ધણીનું ખૂન કરવાની હિંમત કરી શકું?'

'પ્રભાભાભી , ધણીનું ખૂન કરવાની હિંમત ન કરી શકો, પણ ધણીનું ખૂન કરવાની ઇચ્છા તો કરી શકો કે નહીં?'

'ના... ના... એવું નથી, ધણી-ધણિયાણી વચ્ચે તો આખી દુનિયામાં રકઝક ચાલતી હોય, તો શું એનો અર્થ એવો થાય કે પત્ની પતિને ગોળી મારી દે?' પ્રભાના અવાજમાં ગુસ્સો હતો.

દુનિયાભરમાં પતિ-પત્ની વચ્ચે ખટરાગ હોય એ વાત સાચી. બંને વચ્ચે વિખવાદ ચાલતો હોય એ પણ એટલું જ સાચું. પણ ભાભી, મને જણાવશો દુનિયાના કેટલા પતિદેવોએ ઘરથી કંટાળીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હોય?'


પ્રભા નીચું જોવા લાગી.

'મને છેલ્લાં કેટલાંક વરસોથી જગમોહનમાં ઘણું પરિવર્તન દેખાતું હતું. એના વર્તનમાં, એના અભિગમમાં, એના સમગ્ર વ્યક્તિત્વમાં પરિવર્તન હતું. યુવાનીમાં ખડખડાટ હસી શકતો માણસ એક મામૂલી સ્મિત કરતાં પણ ભૂલી ગયો હતો.' કબીરના અવાજમાં ખેદ પ્રગટ થતો હતો.

એ જ પળે વિક્રમ રૂમમાં દાખલ થયો :

'ડોક્ટરે કહ્યું કે અહીં રહેવાની જરૂર નથી. જરૂર પડશે તો અમે ખબર કરી દેશું એટલે જયને હોસ્પિટલ રાખીને આવ્યો છું.' વિક્રમે કહ્યું. એનો ચહેરો જગમોહનની સ્થિતિમાં કોઈ ફરક નથી પડ્યો એ વાતની ચાડી ખાતો હતો.

કબીરે એ પછી વિક્રમને ટૂંકમાં ત્રણ પિસ્તોલ થિયરીની વાત કરી. વિક્રમ ચોંકી ઊઠ્યો.




'ઓહ માય ગોડ... તો તો ખૂની કોઈ ત્રીજી જ વ્યક્તિ છે?' વિક્રમના મોઢામાંથી ઉદ્ગાર સરી પડ્યા.

'હા, સાળાબાબુ, અને આ પોલીસ ઑફિસર એમ માને છે કે એ ત્રીજી વ્યક્તિ આપણામાંથી એક છે.' જતીનકુમારે સાળાને આ માહિતી આપવાની તક જતી ન કરી.

વિક્રમ મૌન રહ્યો. એ ફક્ત કબીર સામે જોતો રહ્યો.

'હું હમણાં તમારાં મમ્મીને એ જ વાત કરતો હતો કે ખૂની કોઈ પણ હોઈ શકે. ઘરના પુરુષ કે ઘરની સ્ત્રી.'

'કોઈ દીકરી એના બાપનું ખૂન કરે એવું સાંભળ્યું છે?' રેવતીના ગળામાં ડૂસકું અટવાયું હતું.

'દીકરી હત્યા ન કરે પણ દીકરીનો વર કરી શકે.' જતીનકુમાર સામે જોઈને કબીરે કહ્યું.

'હવે છાનીમાની મરને... બધાને ખબર છે કે દીકરી બાપનું ખૂન ન કરે, પણ જોતી નથી... ફરીફરીને લિસોટો મારી તરફ જ ખેંચાય છે!' જતીનકુમાર ખિજાઈ ગયા.

'ના... ના... જતીનકુમાર, આ તો અમસ્તું જ...' કબીરને જતીનકુમારની અકળામણ જોઈને હસવું આવતું હતું.

'અંકલ,' વિક્રમે પૂછ્યું, જો ત્રણ રિવોલ્વર ચાલી હોય તો ગાયત્રીએ છોડેલી બુલેટ ક્યાં ગઈ?'

'યસ, અમે એને જ શોધવા આ રૂમમાં આવ્યાં હતાં. મને લાગે છે કે બુલેટ આ સોફામાં જ...' બોલતાં બોલતાં કબીર અટકી ગયો. સોફાની સાઈડની કિનારી પાસે એક છિદ્ર પર એની આંગળી અટકી ગઈ. ઘટ્ટ નીલા રંગના સોફામાં પડેલું છિદ્ર દૂરથી દેખાતું નહોતું.

અરે, આ રહી બુલેટ... કોઈ ચાકુ લઈ આવો !

રેવતી દોડીને ચાકુ લઈ આવી.

'હવે ધ્યાન રાખ, આ ચાકુ પર તારા હાથનાં નિશાન પડ્યાં હશે એને ભૂંસી નાખ, નહીંતર આ પોલીસના માણસ તો તને વગર મફતની ફાંસીએ લટકાવી દેશે...'

રેવતીના હાથમાંથી ચાકુ લેતાં કબીરે કહ્યુંઃ

'ડોન્ટ વરી, જતીનકુમાર, હવે ચાકુ પર મારી આંગળીનાં પણ નિશાન છે. એની વે, ખૂન રિવોલ્વરથી થયું છે. આઈ મીન... ખૂનનો પ્રયાસ...'

સોફામાં પડેલા છિદ્રની આસપાસ કપડાને સાવચેતીથી કાપીને કબીરે છિદ્ર પહોળું કર્યું અને ચાકુની નોક વડે જ અંદર ખૂંપી ગયેલી ગોળીને બહાર કાઢી. હથેળીમાં બુલેટ લઈને કબીરે ચારેતરફ બધાંને દેખાડી...

'આ છે ગાયત્રીની રિવોલ્વરમાંથી નીકળેલી બુલેટ. હવે આ બુલેટના આધારે આપણે કોણ ખૂની છે એ તો પુરવાર નહીં કરી શકીએ પણ કોણે ખૂન કરવનો પ્રયાસ નથી કર્યું એ સાબિત કરી શકશું.'

'એટલે ?' કરણની જિજ્ઞાસા ઊછળી પડી.

એટલે કે ગાયત્રી આ ખૂન કેસમાં સંડોવાયેલી નથી એ આપણે કોર્ટમાં પુરવાર કરીને એને આવતીકાલે જામીન અપાવી શકશું...'

'લ્યો... તો તો તમારું કામ થઈ ગયું...' જતીનકુમાર ઊછળી પડ્યા.

'ના... મારું કામ ખૂનીને પકડવાનું છે અને આમેય જગમોહન હોંશમાં આવશે ત્યારે તો અસલી ખૂનીનો પત્તો લાગી જ જશે...' કબીર બોલ્યો.

'એ કેવી રીતે?' પૂજાએ પૂછ્યું.

'જ્યારે ખૂનીએ ગોળી છોડી હશે ત્યારે જગમોહને તો એને જોઈ જ લીધો હશે.' કહીને કબીરે હાજર રહેલા સર્વના ચહેરાનું નિરીક્ષણ કર્યું. દરેક જણ અસ્વસ્થ થઈ ગયાં.

'અંકલ, તમે તો સિરિયસલી એમ માની બેઠા છો કે ખૂનનો પ્ર્યાસ અમારામાંથી જ કોઈએ કર્યું હશે. શું હત્યારો બહારની વ્યક્તિ ન હોઈ શકે?' વિક્રમ નારાજ થઈ ગયો.

'ઘરમાં જેનાં આટલાં દુશ્મનો હોય એને બહાર શત્રુ શોધવાની શી જરૂર પડે?' કબીરના અવાજમાં ભારોભાર કટુતા હતી.

'તું આવ્યો એ પહેલાં જ હું એ જ વાત તારાં મમ્મીને કહેતો હતો. મને ખબર નથી તમારામાંથી કોણે જગમોહનનું કાટલું કાઢવાનું કાવતરું કર્યું છે. જગ્ગેનું વસિયતનામું હું જોઈ ચૂક્યો છું. દરેકના ભાગે કંઈક ને કંઈક તો આવે જ છે. છેલ્લે છેલ્લે ગાયત્રીના નામનો પણ ઉમેરો થયો છે...'

દરેક જણના કાન સરવા થઈ ગયા.

'હા, એક વ્યક્તિના નામનો ઉલ્લેખ નથી... અને બની શકે કે એ વ્યક્તિને વેર વાળવા...' કબીરે વાક્ય અધૂરું મૂકીને જતીનકુમાર સામે જોયું.

(ક્રમશઃ)■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| મુદતિયો તાવ | MEASLES |
| ટાઢિયો તાવ | YELLOW FEVER |
| પીળો તાવ | TYPHOID |
| કમળો | MALARIA |
| ઓરી | JAUNDICE |

## ઓળખાણ પડી?



બહારથી ભીંગડાવાળું આવરણ ધરાવતા પણ તોડતાની સાથે લસણની કળી જેવા દેખાતા એક્ઝોટિક ફ્રૂટની ઓળખાણ પડી? સ્વાદમાં ખટમીઠું હોય છે.

અ) CRANBERRY બ) AUBERGINES
ક) SALAK ડ) PANDANUS

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ હ | ૨ કી | ક | ૩ ત | | ૪ બે | બા | ૫ ક | ળા | |
| ૬ ર | મા | | ૭ ક | ૮ બ | ડ | | લ | | ૯ વિ |
| ૧૦ ક | મ | | ૧૧ સા | ળુ | | ૧૨ સ | મા | ૧૩ ન | તા |
| ત | | ૧૪ ધું | ધુ | કા | | મા | | ૧૫ ચા | વ |
| | ૧૬ સા | ધો | | | ૧૭ અ | પ | ના | વ | વું |
| ૧૮ ભા | ગ | | ૧૯ ના | ૧૯અ મ | ધૂ | ન | | વું | |
| ૨૦ ગી | રી | ૨૧ શ | | ૨૨ હે | રું | | ૨૩ પા | | ૨૪ અ |
| ૨૫ દા | ત | ણ | | ર | | ૨૬ વ | ળ | ૨૭ ગ | ણ |
| રી | | | ૨૮ બા | બા | ગા | ડી | | ૨૯ ર | જા |
| | ૩૦ કુ | ર | બા | ની | | ૩૧ લ | જા | મ | ણી |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | ૫ | ૬ | | |
| | | ૭ | | ૮ | | ૯ | | | ૧૦ |
| ૧૧ | ૧૨ | | | ૧૩ | | | | ૧૪ | |
| ૧૫ | | | ૧૬ | | | | ૧૭ | | |
| | ૧૮ | ૧૯ | | | | ૨૦ | | | |
| ૨૧ | | | | | ૨૨ | | | | |
| ૨૩ | | | ૨૪ | ૨૫ | | | | | ૨૬ |
| | | ૨૭ | | | | | ૨૮ | | |
| ૨૯ | ૩૦ | | | ૩૧ | ૩૨ | | | | |
| | ૩૩ | | | | | | ૩૪ | | |

### આડી ચાવી

૧. અલ્પ સમય (૪)
૪. બારોબાર (૪)
૭. જૂના જમાનાની મોટી લાકડાની પેટી (૩)
૯. --- ઉપર તો થડ ઊભું રહે (૨)
૧૧. હડતાળનું એક સ્વરૂપ (૨)
૧૩. ધૈર્ય (૩)
૧૪. ચોથી તિથિ (૨)
૧૫. ધારણ કરનારું (૨)
૧૬. શરીર, તન (૨)
૧૭. હું તો બસ--- આવ્યો છું (૩)
૧૮. તમે કામમાંથી (૪)
૨૧. સુખડ, લેપ (૩)
૨૨. આભૂષણ, ઘરેણાં (૪)
૨૩. મોટો કૂવો, ભઠ્ઠી (૨)
૨૪. પ્રચ્છન્ન, છાનું (૪)
૨૭. એક દેવી (૩)
૨૮. 'ખપાવવું'નું આજ્ઞાર્થ (૩)
૨૯. પૂછપરછ, શોધ (૩)
૩૧. ફરિયાદ (૪)
૩૩. સૌંદર્યમાં, શ્રેષ્ઠ (૫)
૩૪. તમે-- આવો ને વાત કરો (૩)

### ઊભી ચાવી

૧. જથ્થાબંધ, ઢગલાબંધ (૪)
૨. ડાબું (૨)
૩. પ્રસ્તૃત (૨)
૫. ગમ્મત, વિનોદ, મજાક (૩)
૬. નાનું, બાળક (૨)
૮. આશ્વાસન, સાંત્વના, ટેકો (૪)
૧૦. સાથ, સંગાથ (૪)
૧૨. કાયદેસરની અટક (૫)
૧૪. ચોરી કરે તે (૨)
૧૬. ડાયરામાં --- કસુંબા થાય (૨)
૧૯. 'રટવું'નું આજ્ઞાર્થ (૨)
૨૦. બહાદુર લડવૈયો (૩)
૨૧. બોધદાયક બે પંક્તિનું કાવ્ય (૪)
૨૨. અગ્નિ (૨)
૨૪. ભમરો (૨)
૨૫. પ્રકાશવાળું, છપાયેલું (૪)
૨૬. વિચિત્ર, અદ્ભુત, નવતર (૪)
૨૭. સંદેશવાહક (૩)
૨૮. પૂરું, સમાપ્ત (૩)
૩૦. પડખું (૨)
૩૨. કાર્ય (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'આયુર્વેદના પ્રખર વૈદ્યોની હાજરી હતી' પંક્તિમાં પ્રખર શબ્દનો અર્થ જણાવો.

અ) જાણકાર બ) નિદાન ક) પ્રવૃત્ત ડ) મહાન

## માતૃભાષાની મહેક

અશ્વિનીકુમાર, દેવોના બે વૈદ્ય જે સ્વર્ગવૈદ્ય તરીકે પણ ઓળખાય છે. દેવના શિલ્પી ત્વષ્ટાની પ્રભા નામની દીકરીથી થયેલા સૂર્યના બે દીકરા. એક વખત સૂર્યનું તેજ સહન ન કરી શકવાથી પ્રભા ઘોડીનું રૂપ લઈ ભાગી. સૂર્ય ઘોડાનું રૂપ લઈ તેની પાછળ ગયો. એમના સંયોગથી જે બેલડું થયું તે અશ્વિનીકુમાર કહેવાયું. તેઓ સુંદર અને સદા જુવાન ગણાય છે.

## સુડોકુ-૭૦૧૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૩ | | ૬ | | ૫ | |
| ૨ | ૯ | | | | | | | |
| ૧ | | | | | | ૬ | | ૨ |
| ૬ | | ૮ | ૨ | | | | | |
| | ૫ | | | | | | ૭ | |
| | | | | | ૫ | ૯ | | ૧ |
| ૫ | | ૯ | | | | | | ૬ |
| | | | | | | | ૧ | ૩ |
| | ૧ | | ૫ | | ૪ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૭૦૧૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૫ | ૧ | ૨ | ૭ | ૮ | ૪ | ૩ | ૬ |
| ૭ | ૮ | ૬ | ૪ | ૯ | ૩ | ૧ | ૨ | ૫ |
| ૩ | ૪ | ૨ | ૧ | ૫ | ૬ | ૭ | ૯ | ૮ |
| ૧ | ૩ | ૭ | ૯ | ૬ | ૨ | ૮ | ૫ | ૪ |
| ૨ | ૬ | ૮ | ૭ | ૪ | ૫ | ૯ | ૧ | ૩ |
| ૫ | ૯ | ૪ | ૮ | ૩ | ૧ | ૬ | ૭ | ૨ |
| ૮ | ૭ | ૯ | ૩ | ૨ | ૪ | ૫ | ૬ | ૧ |
| ૪ | ૨ | ૫ | ૬ | ૧ | ૯ | ૩ | ૮ | ૭ |
| ૬ | ૧ | ૩ | ૫ | ૮ | ૭ | ૨ | ૪ | ૯ |

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ ONOMASTICS ના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) માચીસ બ) તહેવાર ક) નામ ડ) પ્રદેશ

## ઈર્શાદ

મૃત્યુની ઠેસ વાગશે તો શું થશે જલન'?
જીવનની ઠેસની તો હજુ કળ વળી નથી.

- જલન માતરી

## માઈન્ડ ગેમ

યુરોપના ગ્રીસ દેશના યુનાન પ્રદેશમાં અનોખી 'યુનાની ઉપચાર પદ્ધતિ' શરૂ કરવાનો શ્રેય કોને જાય છે એ વિકલ્પમાંથી શોધી કાઢો.

અ) સ્પાર્કટાસ બ) હોમર
ક) હિપોક્રેટીસ ડ) સોક્રેટિસ

## ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| અચેતન | ANESTHESIA |
| છીંક | SNEEZE |
| ઉલટી | VOMIT |
| ચક્કર | GIDDINESS |
| બેભાન | UNCONSCIOUS |

માઈન્ડ ગેમ
ઊંઝા

ઓળખાણ પડી?
કરમદા

ગુજરાત મોરી મોરી રે
ભાષા

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
ગળાનો ભાગ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) ભારતી બુચ (૩) નીતા દેસાઈ (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) શીરીન ઔરંગાબાદવાલા (૬) તાહેર ઔરંગાબાદવાલા (૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૮) ડૉ. પ્રકાશ કટકિયા (૯) ભારતી પ્રકાશ કટકિયા (૧૦) વિભા મહેશ્વરી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) લજિતા ખોના (૧૩) અશોક સંઘવી (૧૪) મુલરાજ કપૂર (૧૫) પુષ્પા પટેલ (૧૬) મીનળ કાપડિયા (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) શ્રદ્ધા આશર (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) નૂતન વિપીન (૨૨) સુરેખા દેસાઈ (૨૩) ભાવના કર્વે (૨૪) રજનીકાંત પટવા (૨૫) સુનીતા પટવા (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) મહેન્દ્ર લોઢાવિયા (૨૮) મહેશ દોશી (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) વિણા સંપટ (૩૧) અંજુ ટોલિયા (૩૨) જ્યોત્સના ગાંધી (૩૩) રમેશભાઈ દલાલ (૩૪) હિના દલાલ (૩૫) ઈનાક્ષી દલાલ (૩૬) પ્રવીણ વોરા (૩૭) પુષ્પા ખોના (૩૮) મીના બંગાળી (૩૯) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) મહેન્દ્ર લોઢાવિયા (૪૩) મનીષા શેઠ (૪૪) ફાલ્ગુની શેઠ (૪૫) અરવિંદ કામદાર (૪૬) કિશોર બી. સંઘરાજકા (૪૭) જયવંત પદમશી ચિખલ (૪૮) મહેશ સંઘવી (૪૯) નિતીન બજરીયા

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

# શવાસનના અભ્યાસથી 'માનસિક તાણ'ની અવસ્થામાંથી મુક્ત થઇ શકાય છે.



(૧) શવાસનની પદ્ધતિ અને તેના અભ્યાસના ફળનું વર્ણન કરતાં 'હઠપ્રદીપિકા'માં સ્વાત્મારામજી કહે છેઃ

उत्तानं शववद् भूमो शयनं तच्छवासनम्!
शवासनं श्रान्तिहरं चित्तविश्रान्तिकारकम्!!
ह.प्र: १-३२

''ભૂમિ પર શબની જેમ ચત્તા સૂઇ જવાની અવસ્થાને શવાસન કહેવામાં આવે છે. શવાસન શરીરના થાકને દૂર કરે છે અને ચિત્તને પણ આરામ આપે છે.''

આ આસનમાં શરીરને મૃત શરીરની જેમ સાવ ઢીલું છોડી દેવામાં આવે છે, તેથી તેને શવાસન કહેવામાં આવે છે. શવ એડલે મૃત શરીર.

અહીં સ્વાત્મારામજી શવાસનને श्रान्तिहरं અર્થાત્ શરીરના થાકને દૂર કરનાર તો કહે જ છે. પરંતુ તે ઉપરાંત चित्तविश्रान्ति અથાત્ ચિત્તને આરામ આપનાર પણ કહે છે. આપણા માટે અહીં આ શબ્દપ્રયોગ चित्तविश्रान्तिकारकम् મહત્ત્વપૂર્ણ છે. આનો અર્થ એમ છે કે શવાસનના અભ્યાસની અસર ચિત્તની ભૂમિકા સુધી પણ પહોંચે છે. આનો અર્થ એમ છે કે શવાસનના અભ્યાસથી 'માનસિક તાણ'ની અવસ્થામાંથી મુક્ત થઇ શકાય છે.

(૨) શવાસનનો અભ્યાસ કરવાની પદ્ધતિ આ પ્રમાણે છેઃ

ગાલીચા કે રજાઇ પર ચત્તા સૂઇ જાઓ. બંને પગ વચ્ચે આશરે દોઢેક ફૂટનું અંતર રાખો. બંને પગના પંજા બાજુએ ઢળેલા અને ઢીલા છોડી દો. બંને પગના ઢીંચણના સાંધા ઢીલા છોડી દો. પરિણામે ઢીંચણના સાંધા પાસે સહેજ વળાંક આવશે. બંને હાથ શરીરથી થોડા દૂર રાખો. હાથ ચત્તા રાખો. હાથના પંજા ઢીલા છોડી દો. પરિણામે હાથનાં આંગળાં થોડાં વળેલાં રહેશે. માથા નીચે ઓશીકું ન રાખવું. માથું સીધું રાખી શકાય કે ડાબી અથવા જમણી બાજુ સહેજ ઢળેલું રાખી શકાય. બંને જડબાં ઢીલાં છોડી દો. દાંતની બંને પંક્તિ વચ્ચે સહેજ અંતર રહેશે.

આ થઇ શવાસનની પ્રારંભિક અવસ્થા અર્થાત્ પ્રથમ તબક્કો. આ પ્રથમ તબક્કામાં અભ્યાસી શવાસન માટે ઉપયુક્ત અવસ્થા ધારણ કરે છે.

શવાસનની શારીરિક અવસ્થા બરાબર ધારણા કર્યા પછી બીજા તબક્કાનો પ્રારંભ થાય છે. આ બીજા તબક્કામાં અભ્યાસી જાગૃતિપૂર્વક શરીરના એકએક ભાગને ઢીલા છોડતો જાય છે. બંને પળના અંગૂઠાથી જાગૃતિપૂર્વક શરીરના એકએક ભાગને ઢીલા છોડતો જાય છે. બંને પગના અંગૂઠાથી પ્રારંભ કરો. બંને અંગૂઠા ઢીલા છોડી દો. પછી પગનાં અન્ય આંગળાંઓ, તળિયાં, એડીઓ, ઘૂંટી એમ એકએક અવયય ક્રમશઃ લેતા જાઓ અને તેમને ઢીલા છોડતા જાઓ. પગની પિંડીઓ, ઢીંચણ, સાથળ, નિતંબ, કમર, પેડુ, પેટ, છાતી, બંને હાથનાં આંગળાં, હથેળીઓ, કોણી, ખભા, ગરદન, દાઢી, હોઠ, ગાલ, જીભ, દાંત, ભ્રમર, કપાળ અને છેલ્લે મસ્કતને ઢીલું છોડી દો.

શરીરના અવયવોને ઢીલા છોડવાની આ પ્રક્રિયામાં સહેજ પણ ઉતાવળ ન કરો. શરીરના એકએક અવયયને ક્રમશઃ લઇને ખૂબ ધીમેધીમે ઢીલા છોડતાં-છોડતાં આગળ વધો.

જેમ શરીરના અંગૂઠાથી ક્રમશઃ મસ્તક સુધી પહોંચીએ છીએ તે જ રીતે ત્યારપછી મસ્તકથી પ્રારંભીને ક્રમશઃ એકએક અવયયને ઢીલા છોડતાં-છોડતાં અંગૂઠા સુધી પહોંચવાનું છે.

શરીરના અવયવોને આ રીતે છોડવાની પ્રક્રિયામાં જાગૃતિ અને સ્વસૂચનનો ઉપયોગ કરવાનો છે.

આ રીતે શરીરના એકે એક અવયવોને ઢીલા છોડી દો અને આખરે સમગ્ર શરીરને યથાશક્ય સંપૂર્ણતઃ ઢીલું છોડી દો.

આ રીતે શવાસનને દ્વિતીય તબક્કો પરિપૂર્ણ થાય છે.

શવાસનના તૃતીય તબક્કામાં શાંતભાવે સમગ્ર શરીરનું ક્રમશઃ નિરીક્ષણ કરવાનું છે. નિરીક્ષણ દરમિયાન જ્યાંજ્યાં સૂક્ષ્મ તણાવ જણાય તે ભાગને જાગૃતિ અને સૂચન દ્વારા તણાવમુક્ત કરતા જાઓ. મસ્તકથી પ્રારંભીને નીરખતાં ક્રમશઃ મસ્તકથી પગના અંગૂઠા સુધી અને પગના અંગૂઠાથી તળિયા સુધી - એમ અનુલોમ-વિલોમ નિરીક્ષણ કરતા રહો. આ ક્રિયામાં શરીરના અવયવોનું એક પછી એક નિરીક્ષણ મુખ્ય છે. આ નિરીક્ષણમાં તણાવ દૂર થઇ જાય છે. કોઇ પણ અવયવમાં તણાવ જણાય તો તે સ્થાને અટકી જાઓ અને શાંતભાવે તણાવનું નિરીક્ષણ કરો. શાંત નિરીક્ષણમાં તણાવને દૂર કરવાનું સામર્થ્ય છે. તણાવ વિશે જાગૃત બનવું તે તણાવને દૂર કરવાનો કીમિયો છે. તણાવ વિશે બેભાન રહેવાથી જ તણાવ દઢમૂલ બની જાય છે અને તણાવ વિશે જાગૃત થવાથી તે દૂર થવા માંડે છે.

શરીરના એકએક અવયવનું ક્રમશઃ નિરીક્ષણ કરવાની આ અનુલોમ-વિલોમ- પ્રક્રિયાનાં એકથી અધિક આવર્તનો પણ કરી શકાય છે.

આ તબક્કાના અંતમાં સમગ્ર શરીરને એકસાથે નીરખો, શાંત, જાગૃત અને તટસ્થ નિરીક્ષણથી સમગ્ર શરીર તણાવમુક્ત-હળવુંફૂલ બને જશે.

આ રીતે શવાસનનો તૃતીય તબકકો પરિપૂર્ણ થાય છે.

શવાસનના ચતુર્થ તબક્કામાં શ્વાસોચ્છ્વાસનું શાંતભાવે નિરીક્ષણ કરવાનું હોય છે.

પ્રથમ શ્વાસોચ્છ્વાસ સાથે પેટની ગતિ થાય છે તેનું નિરીક્ષણ કરો. શ્વાસની સાથે પેટ અંદરબહાર આવે છે તે જોયા કરો. પછી સમગ્ર શ્વાસોચ્છ્વાસની ક્રિયા પ્રત્યે તટસ્થ જાગૃતભાવ રાખો. કોઇ વિશેષ પ્રયત્ન વિના શાંતભાવે માત્ર શ્વાસોચ્છ્વાસની ક્રિયાનું નિરીક્ષણ કર્યા કરો. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન શરીર શાંત અને તણાવમુક્ત અવસ્થામાં ભૂમિ પર પડેલું રહેશે. આ તબક્કામાં શ્વાસને લાંબા કે ટૂંકા કરવાનો પ્રયત્ન ન કરો. શ્વાસને જેમ ચાલે તેમ ચાલવા દો અને માત્ર તેને જોયા કરો.

આ રીતે શવાસનને ચતુર્થ તબક્કો પૂર્ણ થાય છે.

શવાસનના પાંચમા તબક્કામાં શ્વાસોચ્છ્વાસને નિયમિત અને સપ્રમાણ બનાવવાના હોય છે. આ તબક્કામાં રેચક-પૂરક સપ્રમાણ બને અને શ્વાસોચ્છ્વાસની ગતિ એકધારી અને નિયમિત બને તેમ કરવું જોઇએ. શ્વાસોચ્છ્વાસ નિયમિત બનતાં શરીર-મનના સૂક્ષ્મ તણાવ પણ દૂર થવા માંડશે.

શવાસનનાદ્ર છઠ્ઠા રેચક-પૂરક થોડા લાંબા કરવાના હોય છે. આ પ્રક્રિયા ખાસ પ્રયત્ન વિના શાંતભાવે થવી જોઇએ. જેમજેમ શ્વાસોચ્છ્વાસ લાંબા થશે અને શ્વસનક્રિયા શાંત થતી જશે તેમતેમ શરીર અને મન શાંત થતાં જશે. શ્વાસની ગતિને શારીરિક અને માનસિક અવસ્થા સાથે સંબંધ છે જ.

આ સમ્રગ પ્રક્રિયા દરમિયાન કોઇ પણ સ્વરૂપે તણાવ વધે નહીં, તેની કાળજી રાખવી જોઇએ. શવાસનનો હેતુ શરીર-મનને તણાવમાંથી મુક્ત કરવાની છે તે સતત દષ્ટિ સમક્ષ રાખવું જોઇએ.

ધૈર્યપૂર્વકના અને દીર્ઘકાળના અભ્યાસથી એક એવી અવસ્થા આવશે કે શરીર અને મન સંપૂર્ણ શાંત થઇ જશે. વિચારો પાંખા પડી જશે અને કોઇ તબક્કે બંધ પણ પડી જશે. આ અવસ્થા શવાસનની ચરમ અવસ્થા છે. આ અવસ્થામાં પહોંચાય એટલે શવાસન સિદ્ધ થયું છે તેમ ગણી શકાય.

(૩) શવાસન વિશેની કેટલીક વિશેષ હકીકતોની આપણે અહીં નોંધ લઇએ છીએ.

માત્ર ચત્તા સૂઇ રહેવું તે શવાસન નથી. તે તો શવાસનની માત્ર પ્રારંભિક અવસ્થા જ છે. શરીરની તણાવમુક્ત અવસ્થા અને ચિત્તની સમાહિત અવસ્થા આવે તો જ શવાસન સિદ્ધ થવું ગણાય. તે માટે તબક્કાવાર પ્રગતિ સાધવી જોઇએ. શવાસન પ્રથમ દષ્ટિએ દેખાય છે. તેટલું સરળ નથી. જરા પણ પ્રમાદ વિના, શાસ્ત્રીય પદ્ધતિથી દીર્ઘકાળપર્યંત ધૈર્યપૂર્વક અભ્યાસ કરવાથી જ શવાસન સિદ્ધ થઇ શકે છે.

શવાસનમાં ઊંઘ ન આવે તેવી કાળજી રાખો. ઊંઘ આવી જાય તો કશું નુકસાન નથી, પરંતુ તે ટેવ ખોટી છે. તેમાં શવાસનનો હેતુ સિદ્ધ થતો નથી.■



feedback@bombaysamachar.com
ફોકસ
સ્મિતા સોલંકી પરમાર

# હાર્ટ-અટૅક ને કાર્ડિયાક અરેસ્ટ વચ્ચે શું છે તફાવત?

હાર્ટ-અટૅક અથવા તો કાર્ડિયાક અરેસ્ટ આવે તો બન્નેના કારણે જીવ પર જોખમ તો તોળાય જ છે. હંમેશાં લોકો હાર્ટ-અટૅક અને કાર્ડિયાક અરેસ્ટને લઈને કન્ફ્યુઝ હોય છે. તેમને આ બન્ને એક જ લાગે છે, પરંતુ બન્ને અલગ છે. આજે ફાસ્ટલાઇફ સ્ટાઇલને કારણે લોકોને વિવિધ બીમારીઓ ઘેરી વળે છે. દર વર્ષે હાર્ટ-અટૅક અથવા તો કાર્ડિયાક અરેસ્ટને કારણે લાખો લોકોના અવસાન થાય છે.

## આ બન્ને વચ્ચેનો તફાવત આજે આપણે સમજીશું

**હાર્ટ-અટૅક**

બ્લડ જ્યારે હાર્ટ તરફ વહેતા અટકી જાય છે, ત્યારે પૂરતા પ્રમાણમાં ઑક્સિજન હાર્ટ સુધી ન પહોંચતાં હાર્ટ-અટૅક આવે છે. એને કારણે શરીરનાં અવયવોને જરૂરી પ્રમાણમાં ઑક્સિજન મળતો નથી.

**હાર્ટ-અટૅકના લક્ષણો**

હાર્ટ-અટૅકની શરૂઆત છાતીમાં દુખાવા સાથે થાય છે, એ દુખાવો ધીમે-ધીમે શરૂ થાય છે, જે કલાકો સુધી સતત રહે છે. દરકેમાં હાર્ટ-અટૅકના લક્ષણો જુદા હોય છે. સ્ત્રી-પુરુષોમાં પણ એના લક્ષણો અલગ જોવા મળે છે. શ્વાસ લેવામાં તકલીફ થવી, ઉલટીઓ આવવી અને પીઠમાં કાં તો જડબામાં પીડા ઊભી થાય છે.

**હાર્ટ-અટૅક થવાનું કારણ**

કોરોનરી ધમનીઓમાં અવરોધ આવતાં હાર્ટ-અટૅક આવે છે. એને કારણે હૃદય સુધી લોહી પહોંચી નથી શકતું અને ઑક્સિજન નથી મળતો. એ સ્થિતિ જીવલેણ બની શકે છે. હાર્ટ એક પમ્પ જેવુ કામ કરે છે તે જ્યારે સંકોચાઈ જાય છે ત્યારે ઑક્સિજન અને પોષક તત્ત્વોથી ભરેલા લોહીને શરીરના અન્ય અવયવોમાં પહોંચાડે છે. હૃદયની માંસપેશીઓને પમ્પના રૂપમાં અસરકારક ઢબે કામ કરવા માટે એને કોરોનરી ધમનીઓ દ્વારા પહોંચાડનારા લોહીના પુરવઠાની જરૂર હોય છે. એવામાં જો આ ધમનીઓમાં કોઈ બ્લૉકેજીસ આવે તો હાર્ટને લોહી નથી મળતું. એનાથી હૃદયની માંસપેશીઓ ઘાયલ થઈ શકે છે, એને કારણે હાર્ટ બરાબર રીતે પમ્પ નથી થતું.

**કારણો**

અનહેલ્ધી ડાએટ, સ્મોકિંગ, હાઇ કોલેસ્ટ્રોલ, હાઇ બ્લડપ્રેશર, હાઇ બ્લડ શુગર, એક્સરસાઇઝનો અભાવ અને વધારે પડતું વજન

**નિદાન**

અમુક ટેસ્ટ દ્વારા હાર્ટ-અટૅકનું સમયસર નિદાન થઈ શકે છે. ડૉક્ટર ફિઝિકલ એક્ઝામિનેશન અને ઇસીજી મારફતે હાર્ટની ઍક્ટિવિટી જાણી શકે છે. ઇકો-કાર્ડિયોગ્રામ વડે પણ હાર્ટની સ્ટ્રેન્ગ્થ જાણી શકાય છે. સાથે જ બ્લડના સેમ્પલ દ્વારા પણ હાર્ટના મસલ ડૅમેજ થયા છે કે નહીં એ જાણીને યોગ્ય સારવાર શરૂ કરી શકાય છે.

**કાર્ડિયાક અરેસ્ટના લક્ષણો**

કાર્ડિયાક અરેસ્ટ હંમેશાં એવા લોકોને જ થાય છે જેમને જાણ નથી હોતી કે તેમને હાર્ટની સમસ્યા છે. કાર્ડિયાક અરેસ્ટ આવતા વ્યક્તિ ઢળી પડે અને બેભાન થઈ જાય છે. શ્વાસ લેવાનું બંધ થઈ જાય અથવા તો શ્વાસ લેવામાં તકલીફ ઊભી થાય છે.

**કાર્ડિયાક અરેસ્ટ થવાનું કારણ**

કેટલીક ચોક્કસ સ્થિતિઓ અને પરીબળો કાર્ડિયાક અરેસ્ટનું જોખમ વધારે છે. હૃદયની પ્રણાલી ઠીક રીતે કામ ન કરે ત્યારે આવી સ્થિતિ સર્જાય છે. એવે વખતે છાતીમાં દુખાવો, હૃદયની ધડકનોમાં અનિયમિતતા અથવા ચક્કર આવી જાય છે. નિષ્ણાતોનું કહેવુ છે કે જો પીડિતને સમયસર સીપીઆર આપવામાં આવે તો તેનો જીવ બચાવી શકાય છે. સીપીઆર એક એવી ટૅક્નિક છે કે જેમાં હાર્ટને ધબકતું રાખવા માટે છાતીને જોરથી દબાવવામાં આવે છે. સાથે જ જેમ બને એમ વહેલાસર વ્યક્તિને ઇમરજન્સી સારવાર પૂરી પાડવામાં આવે. જે લોકોને હાર્ટની સમસ્યા છે, તેમણે એ સંદર્ભે ડૉક્ટરની સલાહ લેવી જોઈએ.

**કારણો**

સ્મોકિંગ
હાઇ કોલેસ્ટ્રોલ
આલ્કોહોલ
હાઇ બ્લડપ્રેશર
કેફી દ્રવ્યોનું સેવન
હાઇ બ્લડ શુગર
એક્સરસાઇઝનો અભાવ
પરિવારમાં હાર્ટ સંબંધી બીમારી
અગાઉ હાર્ટ-અટૅક આવ્યો હોય

**નિદાન**

કાર્ડિયાક અરેસ્ટનો અર્થ તમારું હૃદય કામ કરતું બંધ થઈ જવું. એવામાં ડૉક્ટર જો તમારા હાર્ટને ફરીથી ધબકતું કરવામાં સફળ થાય અને રક્તસંચાર ફરીથી શરૂ થાય તો ડૉક્ટર જરૂરી ટેસ્ટ્સ કરાવીને સારવાર શરૂ કરી શકે છે. એમાં તેઓ ઇકો-કાર્ડિયોગ્રામ, બ્લડ ટેસ્ટ્સ અને છાતીનો એક્સ-રે કઢાવીને ચોક્કસ નિદાન કરી શકે છે.

સામાન્ય રીતે ઠંડી અને ફ્લુના લક્ષણ દિલ પર એક જોખમની ઘંટી સમાન છે. એવામાં જો તમે મેદસ્વી હોવ અને ડાયાબિટીસના દર્દી હોવ તો તમારે વધુ સચેત રહેવાની જરૂર છે. વધુ પડતાં કેફી દ્રવ્યોનું સેવન અને નિંદર પૂરી ન થવું પણ એક મુખ્ય કારણ હોઈ શકે છે. જો તમને એમ લાગે કે તમારા દિલના ધબકારા સામાન્યથી અમુક સેકન્ડ માટે ઝડપથી ધબકે છે તો સમય વેડફ્યા વગર તરત ડૉક્ટરની સલાહ લેવી જોઈએ.

એક રિસર્ચ મુજબ મહિલાઓની સરખામણીએ પુરુષોમાં બેથી ત્રણ ગણા હાર્ટ-અટૅકનું જોખમ રહે છે.

આહારમાં ફાસ્ટ ફૂડ અને તળેલા પદાર્થોને બદલે સ્વસ્થ ખોરાકનો સમાવેશ કરવો જરૂરી છે. શાકભાજી, ફળો અને ડ્રાયફ્રૂટ્સનો આહારમાં ઉમેરો કરવો. કસરત કરવાથી શરીરને તંદુરસ્ત રાખી શકાય છે. દરરોજ યોગ, પ્રાણાયામ કરવાથી તણાવને ઘટાડવામાં મદદ મળે છે. ■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# કેવું નઈ? આપણા બેસણામાં બધા હાજર ને આપણે જ ગેરહાજર?

'નઇ, બિલકુલ નઇ વગર આમંત્રણે એમ કોઈના પ્રસંગમાં જવાય જ નઈ' સરોજ બોલી

'અરે માય બ્યુટીફુલ રાણી, તું સમજતી કેમ નથી, આ લગ્નનો પ્રસંગ નથી, આ બેસણાનો પ્રસંગ છે આમાં ચંબુના ઘરેથી આમંત્રણ પત્રિકા ન આવે કે' આત્મીય સ્વજન, સહર્ષ જણાવવાનું કે ઇષ્ટદેવ શ્રી ઇન્દ્રદેવની અસિમ કૃપાથી, તેમજ પરિવાર અને ડોક્ટરોના અદ્ભુત સાથ-સહકારથી અમારા બાપુજી શ્રી ચંપકલાલ ઝવેરી તારીખ ૨૦ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. આ લાડકા પિતાશ્રીનું બેસણું તારીખ ૨૨ ઓક્ટોબર મંગળવારે સાંજે ચાર વાગે લુહાણા મહાજન વાડી કાંદિવલી પશ્ચિમમાં નિરધાર્યું છે. તો બાપુજીના આત્માની શાંતિ માટે આપ સહકુટુંબ પધારી શુભ અવસાનના (અવસર) ભાગીદાર બની શોભામાં અભિવૃદ્ધિ કરશો. આપની હાજરીથી હુફથી બેસણાનું વાતાવરણ ઝળહળી ઉઠશે. (ટહુકોઃ અમાલા દાદાના બેસનામાં જલુલ જલુલથી આવજો ..સ્વીટી-પિંકી-છોટુ ) 'અમે આપની આતુરતાપૂર્વક રાહ જોઈશું. લી. ચંબુપ્રસાદ ચંપકલાલ ઝવેરી પરિવારના જયશ્રીકૃષ્ણ.... 'આવી પત્રિકા જોઈ?'

'અરે મારા હેન્ડસમ રાજા, બેસણું તો બેસણું. આપણા બાપુજીએ આપણને મૃત્યુ પહેલા શું કીધેલું? કે આપણા બેસાણામાં જે ન આવે એના બેસણામાં આપણે પણ નઇ જવાનુ. સ્વમાન જેવું કંઇ હોય કે નઇ? ને તમે તો વગર ઓળખાણે

કેટલાના બેસણામાં પહોંચી જ જાઓ છો!'

'તું યાર મગજની નસ ન ખેંચ, આ કંઈ જમવાનું આમંત્રણ નથી કે આજે એ બોલાવે ને કાલે આપણે બોલાવવાના, યાદ રાખ જિંદગીમાં આ એકજ પ્રસંગ એવો છે કે ન બદલો આપી શકાય કે ન લઈ શકાય. જેના બેસાણામાં આપણે જઈશું એ આપણા બેસાણામાં ન આવી શકે ને ભવિષ્યમાં આપણા બેસણામાં જે આવશે એના બેસણામાં આપણે હાજર ન રહી શકીએ. સમજી?'

કેવું નઇ? આપણું બેસણું ને આપણે જ ગેરહાજર, વાહ રે ઈશ્વર શું તારી કારીગરી? ચાલો હવે તમારી ઇચ્છા ને આગ્રહ છે તો આવું છું. નિકળીએ?'

'અરે પણ બકા સાડી તો બદલ, આવી ભડક રંગીન સાડીમાં....'


'કેમ આ સાડી પહેરીશ તો બાપુજી પાછા આવશે? એ ચંપકલાલ પોતે જ રંગીન સ્વભાવના હતા એમને રંગીન સાડી બહુ ગમતી. જ્યારે જ્યારે મને રંગીન સાડીમાં જોતા ત્યારે રાજી રાજી થઈ જતા એટલે...'

'અરે એ ડોહાને તો તારી બા પણ બહુ ગમતી ને મર્યા ત્યાં સુધી તારી બા પર લાઇન મારતા પણ ખાનદાન એવા કે કોઈ દિવસ તારી બાને ઘરે રોકાવા ન બોલાવી? કે તારી બા ફ્રેશ થવા કે હવાફેર કરવા ચંપકલાલ પાસે રોકાવા ગઈ? પ્લીઝ તું નસ ખેંચ્યા વગર ચંપકલાલે ખોળિયું બદલ્યું એમ પેલી શોકસભામાં પહેરવા માટેની સાડી પહેરી લે'

થોડીવારમાં તો કડક-કડક ધોળી સાડીમાં 'દીવાર'ની વિધવા નિરૂપારોય જેવી ઝટપટ ને ચટકમટક તૈયાર થઇ પ્રગટ થઇ ને અમે પોણાચારે પહોંચ્યા તો હોલમાં ૧૫૦ માણસો સફેદ વસ્ત્ર પરિધાનમાં સજ્જ થઇ બેઠેલા જોઈ નવાઈ એ લાગી કે આટલા વહેલા આ લોકો? એટલે એક શ્વેતધારીને સીધું પૂછ્યું 'શું હતુ બાપુજીને?'

'કોના બાપુજીને?'એના પ્રતિપ્રશ્નથી પહેલા ચમક્યો ને પછી મુંઝાયો મને થયું કે કંઈક લોચો વાગ્યો લાગે છે.' અરે પેલા ચંબુના ડેડ ડેડ થઇ ગયા ને એમનું આજે ...બેસણું છે...'

એ અહીં નથી. ઉપરના માળે હૉલ નંબર ૨-માં અહીં તો કોંગ્રેસના દર વખતે જે ભગા થાય છે એની મીટિંગ છે. હરિયાણામાં કેમ ધબડકો થયો એને ફરી જીવંત કરવા....'



'ઓકે ઓકે સોરી સોરી' બોલતાં બોલતાં શરમાતા શરમાતા જલદી જલદી નીકળી ગયા હૉલ નંબર ૨માં પહોંચ્યા ને સામેની દીવાલ પરની તસવીર જોઈ સરોજ ચમકીઃ

'સુભાષ, સમજાતું નથી આપણે તો ભૂલી જ ગયાં આ હૉલમાં તો છ મહિનામાં ત્રીજીવાર આવ્યા પણ ત્રણેવાર આજ ભાઇનો ફોટો હતો તો આ જ ભાઈ કેટલીવાર ગુજરી જાય છે? એમણે જનમ-મરણની મુસાફરીનો પાસ કઢાવ્યો છે?' પ્લીઝ આટલી ગરમીમાં તું મને વધુ ગરમ ન કર આ હૉલના દાતાનો ફોટો છે, ચંપકલાલનો અંદર ટેબલ પર હવે મુકાશે.

'તો ઠીક, બાકી યાદ છે ને ગયા મહિને પેલા રમણલાલની શોકસભામાંથી બહાર ને રમણલાલ સામે મળ્યા ત્યારે તમે કેવા ડઘાઈ ગયેલા પાછું એમને જ પૂછ્યું ઠાકર, તમે અહીં?' ત્યારે તમે ગેંગેફેફે થઈ ગયા ...પછી ખબર પડી કે શોકસભા રમણલાલની નઇ પણ રમણીકલાલની હતી. જરાક નામમાં ગોટાળો થાય તો આપણી દશા કેવી ખરાબ થઇ જાય?

'ને અચાનક ફોટો સામે જોઈ ચમકીને બોલી' સુભુ...સુભુ...સુભુ...સાલુ લોચો તો છે જ તે માર્ક કર્યું?

ચંપકલાલ ઉપડી ગયા છે તો પણ આ હારવાળી તસવીર કેમ ચંબુની મૂકી છે? તું કનફોર્મ કર ખરેખર કોણ ટપકી પડયું છે? ચંબુ તો ફોટાની બાજુમાં જીવતો જાગતો, હાલતો ચાલતો, ફૂટબોલ જેવો કડેધડે બેઠો છે .

તમે લજામણીના છોડ જેવા શરમાળ છો એટલે નઇ પૂછો હું જ ચંબુને પુછું છું 'આ શું ચંબુભાઇ. ફાધરના બેસણામાં દીકરાનો ફોટો, ચંપકલાલના બદલે ચંબુ.. વોટ એ સરપ્રાઇઝ..!'

'ધીરા પાડો ભાભી, એ બાપુજીનો જ ફોટો છે પણ નાનપણનો છે, એક્ચ્યુયલી એમાં એવું છે કે બાપુજીને વૃદ્ધાશ્રમમાં મૂકયા એ પહેલા આ ફોટો ક્લિક કરીને રાખેલો. પછી ઉમ્મરના હિસાબે બાપુજી જાય તો એમની યાદગીરી પણ જતી રહે. વૃદ્ધાશ્રમથી બાપુજીને ઘરે આવવામાં તકલીફ ન પડે એટલે ક્યારેય ઘરે પાછા લાવ્યા જ ન હતા છતાં અમારો એક નિયમ તો નક્કી ગમે તે થાય પણ મહિનામાં એકવાર તો બાપુજીની મુલાકાત લેવાની એટલે લેવાનીજ. સમય ન મળે તો મોબાઇલથી ખબર પૂછી લેવાની, પણ ધ્યાન તો રાખવાનું જ. ગમે તેમ તોયે બાપુજી છે, એમને કંઈ થાય તો આપણો જીવ ન બળે? અરે ભાભી અમે મોબાઈલવાળો ફોટો મોટો કરાવવા આપ્યો પણ સમય હતો નઇ ને કાલે હતો રવિવાર. સાલું આપણને ખબર ન હતી કે બાપુજી શુક્રવારે પરમાત્મા પાસે પહોંચી જશે, ખૂબ વિચાર્યું સાલું બાપુજીના બેસણામાં ને બાપુજીના ફોટામાં બાપુજીનું જ મોઢું ન દેખાય તો સમાજમાં આપણે મોઢું શું બતાવવું?. ફોટાની બાબતમાં મને જરાય બેદરકારી ગમે નઇ એટલે બા-બાપુજીનો એક ભેગો ફોટો હતો એમાંથી બાનો અલગ કરી આ મૂકી દીધો. ફોટામાં આ ડાબી બાજુની બાંય દેખાય છે એ બાપુજીના શર્ટની નથી પણ મારી બાનુ બ્લાઉઝ છે, બીજું ડોક્ટરે કીધેલું ઉમ્મર છે એટલે દવા કરાવશો તો પણ વધુમાં વધુ એક વર્ષ કાઢે પછી તુર્તજ તારા ભાભી બોલ્યા 'તો પછી દવામાં ખર્ચ કરવો એના કરતાં બેસણાની પ્રાર્થનાસભા માટે અગાઉથી હૉલની ડિપોઝિટ ભરી દઈએ પછી હૉલ મળે ન મળે, જો કે મુંઝવણ તો હતી જ કે બાપુજી ન ગયા તો શું કરશું? તો પછી તારા ભાભીએ મને પુછ્યું વિચારી લો ડિપોઝિટ બચાવવી છે કે બાપુજી? બન્ને બાજુ રિસ્ક તો છે જ પણ ઈશ્વરની મરજીથી ખૂબ વિચારી ડિપોઝિટ ભરી તો હવે પ્રાર્થનામાં વાંધો નઇ આવે. આપણા બાપુજી પ્રત્યે આપણને લાગણી ન હોય તો બીજા કોઈને થોડી હોય,' બોલો, તમે શું કહો છો ?

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# મસાલાની રાણી એલચીના છે કમાલના લાભ



દિવાળી નજદીક આવી રહી છે. ત્યારે મીઠાઈની સાથે મુખવાસની વિવિધતાથી સ્વજનોનું સ્વાગત કરવામાં આવતું હોય છે. સ્વાદ-સુગંધથી મન મોહી લેતી એલચીના કમાલના લાભ જાણી લઈએ. જેથી તેનો ઉપયોગ કરવાની ઈચ્છા પ્રબળ બને.

મુખવાસની વાત નીકળે અને ઘરમાં કોઈ મુખવાસ ના હોય ત્યારે દાદા-દાદી અચૂક એક એલચી ખાવાની સલાહ આપતા હોય છે. 'મસાલાની રાણી' તરીકે ઓળખાતી એલચી જેવી મોંમાં મૂકીને ચાવીએ તેની સાથે સુવાસ પ્રસરે. બધા જ પૂછવા લાગે શું ખાધું ? એલચી ખાધી.. !! એક અજબ પ્રકારની મીઠી સુગંધ ફેલાઈ જાય. આજુબાજુમાં બેઠેલી વ્યક્તિ પણ એલચી ખાવા આકર્ષાય. તેવી કમાલની છે એલચીની સુવાસ-સ્વાદ, મીઠાઈનું નામ પડે અને તેમાં એલચીનો સ્વાદ ના હોય તેમ ક્યાંથી બને. એલચી પેંડા, ખીર-દૂધપાક-બાસુંદી, બુંદીના લાડુ- મોહનથાળ-મૈસુર પાક, દૂધીનો હલવો હોય કે ગાજરનો હલવો તેમાં એલચીનો ઉપયોગ અવશ્ય થાય. એલચીવાળી ચા પીવાની તો મજા જ હટકે હોય છે. નવરાત્રીમાં માતાજીને નૈવેદ્યનો ભોગ ધરાવ્યા બાદ એલચી દાણા-પાન-સોપારી-પાનના બીડા અચૂક ધરાવવામાં આવતા હોય છે. એલચી વિશે વાત કરીએ તો કાંઈ કેટલીય જાત-જાતની વાતો મંડાય. સ્વાદ-સુગંધથી લથબથ તેવી એલચીના સ્વાસ્થ્યવર્ધક અનેક લાભ છે. આપણે જે વાત કરી રહ્યા છે તે લીલી એલચીની અનેક લોકો તેને ઈલાયચી તરીકે સંબોધે છે. સામાન્ય રીતે એલચી બે પ્રકારની જોવા મળે છે. લીલી-નાની એલચી. બીજો પ્રકાર છે, કાળી-મોટી એલચી જેને મોટે ભાગે એલચા તરીકે ઓળખવામાં આવે છે.

એલચીમાં કાર્બોહાઈડ્રેટસ, પોટેશિયમ, મેગ્નેશિયમ, ફોસ્ફરસ, આયર્ન તથા ફાઈબર જેવા અનેક પોષક ગુણો સમાયેલાં છે. વળી નાની અમથી એલચીમાં ઍન્ટિ-બેક્ટેરિયલ તથા ઍન્ટિ-માઈક્રોબિયલ ગુણ હોય છે. જે સ્વાસ્થ્ય સંબંધિત અનેક તકલીફને દૂર કરવામાં મદદ કરે છે.

## એલચી ખાવાના ફાયદા

**હૃદયની તંદુરસ્તી જાળવવામાં ગુણકારી :** એલચીનો નિયમિત મુખવાસમાં ઉપયોગ કરવાથી હૃદય સંબંધિત બીમારીથી બચી શકાય છે. તેનું કારણ છે એલચીમાં ઍન્ટિ-ઓક્સિડન્ટની માત્રા વધુ જોવા મળે છે. જે હૃદયની તંદુરસ્તી જાળવવામાં ઉપયોગી છે. એલચીનું સેવન પ્રમાણભાન રાખીને નિયમિત કરવું જરૂરી છે.

**મોંની દુર્ગંધ માટે સચોટ ઉપાય :** એલચીના દાણા ચાવીને ખાવાથી મોંમાથી આવતી દુર્ગંધ અચૂક દૂર કરી શકાય છે. એલચીમાં ડિટોકસીફાઇંગ એજન્ટ હોય છે. જે ટોક્સિનને બહાર કાઢવામાં મદદ કરે છે. દાંતમાં સડો કે દુખાવો કે ઈન્ફેકશનમાં એલચી ઉપયોગી બને છે. મોંની તંદુરસ્તી જાળવવી હોય તેમણે લીલી એલચીનો ઉપયોગ ભોજન બાદ અવશાય કરવો જોઈએ.

**રોગપ્રતિરોધક ક્ષમતા વધારે છે :** પ્રત્યેક વ્યક્તિએ પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન સ્વયં રાખવું જરૂરી છે. જે તંદુરસ્ત જીવન જીવવામાં ઉપયોગી બને છે. શરીરની રોગપ્રતિરોધક ક્ષમતા જો મજબૂત હોય તો બીમારી શરીરમાં પ્રવેશી ના શકે. તેને મજબૂત કરવા માટેનો એક નાનો અમથો ઉપાય એટલે એલચીનો ઉપયોગ. એલચીના પાઉડરને મધમાં મેળવીને ખાવાથી રોગપ્રતિકારક ક્ષમતા મજબૂત બને છે.

**ફેંફસાની તંદુરસ્તી માટે ગુણકારી :** શરીરનું પ્રત્યેક અંગ જીવનને સરળતાથી જીવવા માટે અત્યંત ઉપયોગી છે. શરીરમાં નાનો અમથો દુખાવો, સોજો કે લોહી નીકળે તો પીડા સહન કરવી પડે છે. જે ક્યારેક અસહનીય બની જાય છે. શ્વાસ લેવા માટે ફેંફસાની તંદુરસ્તી જાળવવી અત્યંત આવશ્યક ગણાય છે. એવી જાણકારી મળે છે કે એલચીનું સેવન નિયમિત કરવાથી ફેંફસામાં લોહીનું પરિભ્રમણ સુચારુ રીતે થવા લાગે છે.

**શરદી-ખાંસીમાં ગુણકારી :** મોસમમાં બદલાવની સાથે શરદી-ખાંસી-અસ્થમા જેવી બીમારી દેખા દેતી હોય છે. તેનાથી બચવા માટે ઘરગથ્થુ ઉપચાર આવશ્યક બની જાય છે. એલચી-મરીનો ઉપયોગ કરીને ચા-ઉકાળો કે કૉફીની ચુસ્કી ભરવાથી ફાયદો અવશ્ય જોવા મળે છે.

### એલચીનો કાઢો



**સમગ્રી:** ૩-૪ નંગ એલચી, ૧ કપ ગોળ, ૩ નંગ મરી, ૧ ચમચી તજનો ભૂકો,૧ ચમચી છીણેલું આદું, ૧૦-૧૨ ફુદીનાના પાન, સ્વાદાનુસાર લીંબુનો રસ ૩ ગ્લાસ પાણી.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ એલચી, મરીને વાટી લેવાં. એક મોટી તપેલીમાં પાણી લેવું. હવે તેમાં ગોળ ભેળવવો. પાણીને ગરમ કરવા ધીમી આંચ ઉપર મૂકવું. તેમાં ગોળ તથા વાટેલી એલચીનો પાઉડર તથા અન્ય મસાલા વાટીને ભેળવવાં, અંતમાં લીંબુનો રસ ભેળવવો. ગરમા ગરમ કાઢો પીને સંપૂર્ણ શરીરમાં તાજગીનો અનુભવ થશે.

**લિવરની તંદુરસ્તી જાળવવામાં ગુણકારી :** એલચીનું સેવન કરવાથી લિવરની તંદુરસ્તી જાળવવામાં મદદ મળે છે. વાસ્તવમાં લીલી એલચીમાં ડિટોક્સીફાઈંગ એજન્ટ હોય છે. લિવરમાંથી ટોક્સીન બહાર કાઢીને લીવર સંબંધિત બીમારીના ખતરાથી બચાવ કરે છે.

**કૅન્સરથી બચાવે છે :** આજે કૅન્સરની બીમારી નાના-મોટા બધામાં સતત વધતી દેખાઈ રહી છે. એલચી ઍન્ટિ કૅન્સર પ્રોપર્ટીઝ ધરાવે છે. કૅન્સર સેલને ઓછા કરવામાં મદદ કરે છે. એલચીનું નિયમિત સેવન કૅન્સરથી બચવાનો એક વિકલ્પ ગણી શકાય.

**વજનને નિયંત્રણમાં રાખવામાં ઉપયોગી :** ઈલાયચીમાં એવા અનેક સત્ત્વ છે જે વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. ભોજનમાં એલચીનો સમાવેશ કરવાથી તેના પોષક તત્ત્વો ઝડપથી વજનને ઘટાડવામાં મદદ કરે છે. એલચીને ઉકાળીને તે પાણી સવારના પીવાથી પાચનક્રિયા સુધરે છે. વજન ઘટવા લાગે છે.

**પાચનમાં મદદરૂપ :** નાની અમથી દેખાતી ઈલાયચી કે એલચી ગુણોનો ભંડાર ગણાય છે. પાચનક્રિયાને મજબૂત બનાવવાની સાથે પેટ ઉપર સોજો, અપચો એસિડીટી ગેસ તથા અન્ય પેટ સંબંધિત તકલીફમાં ગુણકારી છે. પેટમાં રહેલાં ઍન્ઝાઈમને એક્ટિવ કરીને પાચન પ્રક્રિયા સુધારવામાં મદદ કરે છે. વળી તેમાં રહેલાં ઍન્ટિ-ઈન્ફલેમેટરી ગુણને કારણે છાતીમાં બળતરા કે આફરો ચડવાની તકલીફમાં ફાયદાકારક ગણાય છે.

**એલચી વિશે અવનવું :** અનેક સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાનો ઉપાય નાની અમથી એલચી ધરાવતી હોવાને તેને મસાલાની 'ડૉક્ટર' તરીકે ઓળખવામાં આવે છે.

એલચીની ગણના વિશ્વના એક મૂલ્યવાન મસાલામાં થાય છે. એલચી આદું-હળદરના કુળનું ફળ ગણાય છે. એલચીનો ઉપયોગ વિવિધ મીઠાઈની સાથે પુલાવ, બિરીયાની તથા અન્ય પંજાબી શાકમાં થાય છે.

રોમ, ઈજિપ્ત તથા ગ્રીસમાં ૪ હજાર વર્ષ પૂર્વે તેની ખેતી થતી જોવા મળતી. તેથી વિશ્વના સૌથી પ્રાચીન મસાલામાં એલચીની ગણના કરવામાં આવે છે.

ચીનમાં એવી માન્યતા છે કે લાંબું આયુષ્ય મેળવવા માટે એલચીનો ઉપયોગ શ્રેષ્ઠ ઉપચાર છે.

સાલ ૨૦૦૦ સુધી એલચીના ઉત્પાદનમાં ભારત પ્રથમ ક્રમાંક ધરાવતો હતો. હવે ગ્વાટેમાલા (સેન્ટ્રલ અમેરિકા) પ્રથમ ક્રમાંક ધરાવે છે. ભારતમાં એક વર્ષમાં ૧૫ હજાર ટન ખેતી થતી હતી. હવે ગ્વાટેમાલા વર્ષની ૨૫ થી ૨૯ હજાર ટન એલચીનું ઉત્પાદન કરે છે.

પ્રાચીનકાળમાં એવું માનવામાં આવતું કે એલચીનો ઉપયોગ દુષ્ટ પ્રભાવથી બચવામાં મદદ કરે છે.

દક્ષિણ ભારતમાં સૌ પ્રથમ એલચીની ખેતી કરવામાં આવી હશે તેમ માનવામાં આવે છે. આજે પણ ત્યાં 'એલચી પર્વતમાળા' જોવા મળે છે.

ભારતમાં એલચીની ખેતી દક્ષિણ ભારતમાં મુખ્યત્વે થતી જોવા મળે છે. જેમાં કેરલ, કર્ણાટક તથા તમિળનાડુનો સમાવેશ થાય છે. એલચીનો પાક તૈયાર થતાં ૩ વર્ષનો સમય લાગી જાય છે. ત્યારબાદ ૧૦ થી ૧૨ વર્ષ સુધી તેનો પાક પ્રતિવર્ષ એક વૃક્ષ આપે છે. કુલ ૧ લાખ હૅક્ટરમાં ખેતી થતી જોવા મળે છે. કુલ ૪ હજાર મેટ્રિક ટન પાક ઊતરે છે. તેમાંથી ૪૦ ટકા પાકનો નિકાસ વિશ્વના ૬૦ દેશોમાં થાય છે. એલચીની કિંમત તેની ગુણવત્તા દ્વારા નક્કી કરવામાં આવે છે. ૧ હજાર થી ૬ હજાર કિલોના ભાવે તે બજારમાં વેચાતી હોય છે. એલચીને લાંબા સમય સુધી તાજી રાખવા માટે ફ્રિઝમાં રાખવી જોઈએ. ■

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# 'કાચું તે સાચું'



શારીરિક સ્વાસ્થ્ય માટે સૌથી મહત્ત્વપૂર્ણ અને આવશ્યક પ્રાકૃતિક આહાર જ છે. આહાર જ જીવનનો આધાર છે. સર્વોત્તમ છે. પ્રાકૃતિક આહાર જ મનુષ્યના શરીર માટે સર્વોતમ છે. જયાં સુધી માનવ પ્રાકૃતિક આહારને અપનાવાતો નથી ત્યાં સુધી તેનું નિરોગી રહેવું સંભવ નથી. ફળ, શાકભાજી અને દૂધ મનુષ્યના પ્રાકૃતિક આહાર છે. શારીરિક અને માનસિક સ્વાસ્થ્યના વિકાસ માટે પ્રાકૃતિક આહાર જ ઉત્તમ છે જે માનવ શરીર યંત્રના સ્વાસ્થ્યની સુદઢતા અને દીર્ઘ આયું માટે આવશ્યક છે. પ્રાકૃતિક આહાર પણ સંતુલિત હોવો જોઇએ.

પ્રાકૃતિક આહાર સ્વાસ્થ્ય ઠીક તો રાખે જ છે. જયારે સ્વાસ્થ્ય બગડે તો પણ પ્રાકૃતિક આહાર સર્વોત્તમ ઔષધિનું કામ કરે છે. અનાજ કે બીજધાન્ય શરીરમાંથી વિકૃત તત્ત્વ બહાર કાઢવાના ગુણ નથી ધરાવતા. રોગોને દૂર કરવા ફળો અને શાકભાજીનું સૌથી વધુ મહત્ત્વ છે. ફળો અને શાકભાજી શરીરને કિટાણુથી મુકત કરવાવાળા તત્ત્વો ધરાવે છે. તેમ જ રક્ત શુદ્ધ કરવાવાળા ગુણોથી સંપન્ન છે. વિટામિન અને ખનિજ તત્ત્વોથી માલામાલ છે. જે રોગોના નિવારણની ક્ષમતા ધરાવે છે.

પ્રાકૃતિક ચિકિત્સા એક પ્રાચીન ચિકિત્સા પદ્ધતિ છે. જે રોગોના ઉપચાર અને સ્વાસ્થ્ય સુધાર માટે મુખ્ય છે. આધુનિક પદ્ધતિ કાયમી સ્વાસ્થ્ય નથી આપતી. આધુનિક સમયની બીમારીઓ પણ આધુનિક આહાર પદ્ધતિને કારણે જ છે. રસાયણોથી ખાદ્ય પદાર્થો બને છે, જે ટકાઉ તો છે પણ સ્વાસ્થ્યની મોટી હાનિ કરે છે. આ પદ્ધતિને કારણે રોગો વધુ ફેલાય છે. તેનો અંત આવતો નથી. અંત લાવવા માટે કે સ્વાસ્થ્ય બગડે જ નહીં તેવા પ્રયાસ કરવા જરૂરી છે. આની માટે આહાર વિદ્યા શીખવી જરૂરી છે.

આહાર મૂળરૂપે જેમ પ્રકૃતિમાંથી મળે તેવો જ લેવો એ સર્વશ્રેષ્ઠ છે. એટલે પ્રાકૃતિક રૂપે તેને લેવો. જેથી પાચનતંત્ર મજબૂત બને છે. તેના પર ભાર રહેતો નથી. ત્વચા, વાળનો દેખાવ સુંદર અને અકબંધ રહે છે. શરીરમાં કયા પણ સોજા રહેતા નથી. કોલેસ્ટ્રોલ મજબૂત બની જાય તેથી હૃદયરોગ ડાયાબિટીસ કે અન્ય કોઇપણ બીમારીથી લગભગ દૂર રહી શકાય છે. કાચા આહાર દરેક ગુણો ધરાવે છે. જેમાં કાર્બોહાઇડ્રેટ, પ્રોટીન વસા, મિનરલનું સંતુલન રહે છે. પ્રાકૃતિક આહારના સંતુલન અને લેવાની સમજ અગત્યની છે.

સવારના શાકભાજીનો ઉપયોગ શ્રેષ્ઠ છે. પાંદડાવાળી શાકભાજીનો ઉપયોગ થવો જોઇએ. સરળતાથી લઇ શકાય છે. શરીરની ફાવટ મુજબ રસો કે આખા લઇ શકાય. પાલક લોહ તત્ત્વથી ભરપૂર છે. તાંદળજો ભાજી શરીરને સાફ રાખે છે. ઝેરી તત્ત્વોને બહાર ફેંકે છે.

મૂળાપાન શરીરમાં જામેલા કોલેસ્ટ્રોલને ઠીક કરે છે. પથરી થવા દેતાં નથી.બીજી અન્ય પાંદડાવાળી ભાજી ખાટી પાલક, ખાપરા, ટાકળા, પોઇભાજી, અંબાડીભાજી, ચંદન બથુવાભાજી જેવી પાંદડાવાળી ભાજીના રસ એક કપથી શરૂઆત કરવી. બધી ભાજીઓ સરળતાથી ઉપલબ્ધ છે. વારાફરતી લઇ શકાય છે. અન્ય શાકભાજી ગાજરનો રસ, ટમેટાનો રસ, કાકડીનો રસ, દૂધીનો રસ, કોળાનો રસ, તૂરિયાનો રસ, ભીંડાનો રસ વારાફરતી લઇ શકાય છે. શાકભાજીનાં રસમાં સ્વાદ માટે કોથમીર, ફુદીનો, જીરુ વગેરે નાખી શકાય. ફણગાવેલા ધાન્યની સમૃદ્ધિ કે રસ કે તેમાંથી નીકળો તો દૂધ પણ લઇ શકાય. બપોરના જમવામાં સલાડ તરીકે ફણગાવેલા ધાન્ય અને ફળો બધા જ લઇ શકાય છે. બપોરના સીટ્રીક ફળો લેવા. ફળોની જુદી જુદી સલાડ પણ લઇ શકાય છે. છાસમાં હિંગ નાખી લેવી જેથી ખાવાનું પાચન સરળતાથી થાય છે.

સાંજના ડ્રાયફ્રૂટવાળું દૂધ કે અન્ય બીજ જેવા તલ, સૂરજમુખીના બીજ, બદામ, કાજુ, પિસ્તા, મગજતરીના બીજ કલિગરના બીજ, ભોપાલા કે કાકડીના દૂધ તેમાં ફળો નાખી સ્મૂધિ બનાવી લઇ શકાય છે. જો ગેસની સમસ્યા હોય તો શાકભાજી કે ફળોના સુપ લેવા.

શાકભાજી, ફળો અને ડ્રાયફ્રૂટની ઘણીય વેરાયટી આપણને મળે છે. બધા ફળો કે શાકભાજી કે ડ્રાયફ્રૂટનો વપરાશ કરીને શરીરનું સ્વાસ્થ્ય જાળવી શકાય છે. મોંઘી વસ્તુઓ જ વાપરવી જરૂરી નથી. સસ્તા સારા શાકભાજી અને ફળો આપણી પાસે ઉપલબ્ધ છે. તેથી જ કહેવાય છે.

'ફળમાં જ બળ છે'
'કાચું તે સાચું'
'રંધાય તે ગંધાય'

કાચા આહાર પર રહેવા માટે માનસિક તૈયારી હોવી જરૂરી છે. વસ્તુ વાપરવી સરળ છે. તેને જાળવી રાખવા માટે મહેનત કરવી પડે છે. કાચા આહારથી સ્વાસ્થ્ય ઉમદા રહે છે.

ઘણીવાર બધાને કાચું પચી રહે તેવું નથી. ત્યારે સાઇઠ ટકા જેટલો કાચો આહાર અને ચાલીસ ટકા જેટલો રાંધેલો આહાર લેવો.

અતિ તળેલો ખોરાક શરીરમાં ઓકસિજન નથી આપતો. તે શરીરમાં કાર્બ એટલે કે કાર્બન ડાયોકસાઇડ વધુ બનાવે. પરિણામે શરીરના સેલમાં ફેટ ભરાય છે. સેલ બરાબર કામ ન કરતાં બીમારીનો ઉદ્‌ભવ થાય છે.

અતિ શેકેલો પદાર્થો બ્રેડ, બિસ્કિટ, ટોસ, કેક, ખાખરા જેવા પદાર્થો શરીરમાં ઓછા પચે છે. જે આતંરડાને નુકસાન પહોંચાડે છે. ઘરમાં બનાવેલી ભાખરી કે રોટલીનો ઉપયોગ કરવો.

સાકરવાળા પદાર્થો જે શરીરનું કેલ્શિયમ બનવા દેતા નથી. પરિણામે સોજા આવવા, આંખમાંથી પાણી આવવું, કાનમાંથી પાણી નીકળવું, જેવી સમસ્યાઓ થાય છે.

કાચા ખોરાકને સુવ્યવસ્થિત આયોજન અને આહાર જ્ઞાન જરૂરી બની જાય છે. સલાડમાં પ્રાકૃતિક તેલ (જે ખાવા યોગ્ય હોય) થોડા પ્રમાણમાં નાખી ખાવું, જેથી સલાડ પચી જાય. પ્રોટીનની ગરજ પૂરી થાય. ગેસ જેવી વ્યાધિ થતી નથી. સમયસર ખાવું, ગમે તે સમય કે વારંવાર ભોજન ન લેવું. બે ભોજનની વચ્ચે પાંચથી છ કલાકનો સમય જરૂરી છે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# જીવજંતુઓ ને પ્રાણીઓના ડંખ



રોજિંદા જીવનમાં અમુક વ્યાધિ-ઉપાધિ અણધારી હોય છે. આવી જ એક ઓચિંતી આવી જતી પીડા જીવજંતુઓ તથા પ્રાણીઓના ડંખની હોય છે. વ્યવસ્થિત તબીબી સહાય મળે એ પહેલાં કેટલાક ઉપચાર વિશે જાણી લઈએ,જેમકે...

## મધમાખીનો ડંખઃ

**મધમાખી પાછળ પડી હોય ત્યારે તેનાથી બચવાના ઉપાય...**

- પવનથી વિરુદ્ધ દિશામાં દોડવું, કેમ કે, મધમાખીની સામાન્ય સ્પીડ કલાકે ૨૪ થી ૩૨ કિલો મીટર હોય છે, પરંતુ જ્યારે તેને પવનથી વિરુદ્ધ દિશામાં ઊડવાનું થાય ત્યારે તેની સ્પીડ તેનાથી અડધી થઈ જાય છે.
- વાંકા-ચૂકા નહિ, પરંતુ સીધા દોડવું. કેમ કે, વાંકા-ચૂકા દોડવાથી આપણી સ્પીડ ઘટી જાય છે. પરંતુ મધમાખીની સ્પીડ ઘટતી નથી.
- મકાનની અંદર જવાનું શક્ય હોય તો તળાવ કે નદી જેવા કોઈ જળાશયોમાં ન પડવું.
- વધારે રંગીન કપડાં, ઘરેણાં અને અત્તરની સુગંધ મધમાખીને આપણા તરફ વધારે આકર્ષે છે માટે તેવા સમયે સાવધાની રાખવી.
- શક્ય હોય ત્યાં સુધી મોઢાને ઢાંકીને રાખવું.

**મધમાખી કરડી હોય તેના એલર્જી-રિએક્શનનાં લક્ષણઃ**

- શ્વાસ લેવામાં તકલીફ પડવી.
- ડંખની જ્ગ્યાને ચામડી લાલ થઈ જવી અને સોજો ચડવો.
- મોઢા - ગળા ઉપર સોજો આવવો.
- આખું શરીર સોજી જવું અને ખંજવાળ આવી શકે.
- બ્લડપ્રેશર ઘટી જવું.

**સાવધાનીઃ**

ઉપરોક્ત લક્ષણો જણાય તો તરત જ ચિકિત્સક પાસે જઈ યોગ્ય સારવાર લેવી.

- જ્યાં મધમાખી કરડી હોય ત્યાં હાથથી ચોળવું, ખંજવાળવું કે ઘસવું નહીં.

## મધમાખી કરડી હોય તેના ઉપચારઃ

૧.) મધમાખીનો કાંટો શક્ય હોય તેટલો જલદી કાઢી નાખવો. જેટલો જલદી કાંટો કાઢવામાં આવે તેટલું તેનું ઝેર શરીરમાં ઓછું પ્રસરશે.

૨.) મધમાખી કરડી હોય તે જ્ગ્યાએ તરત જ તુલસીના પાનને મસળીને તેનો રસ લગાડવો અને ૧૦-૧૫ તુલસીના પાન ચાવી જવા.

૩.) ખાવાના સોડા જરાક પાણીમાં ઓગાળીને ડંખ પર વારંવાર લગાવવા.

૪.) મધમાખી કરડી હોય ત્યારે અહીં દર્શાવેલી કોઈ પણ વસ્તુ ડંખ પર લગાડી શકાય.,જેમકે ...

મીઠું, મીઠા લીમડાનો રસ, કપડાની અંદર બરફના ટુકડાઓ, કુંવારપાઠું, ટૂથપેસ્ટ, મધ, બટાટાના ટુકડા, પપૈયાની ચીર વગેરે ૧૫-૨૦ મિનિટ હળવા હાથે ઘસવા-લગાવવા.

૫.) ચીકણી માટી થોડા પાણી સાથે ભેગી કરી ડંખ પર લગાવવી.

## કૂતરું કરડે ત્યારે.....

- સહુ પ્રથમ જ્યાં કૂતરું કરડ્યું હોય ત્યાં સાબુ અને પાણીથી વ્યવસ્થિત સાફ કરી, પાટાથી વીંટાળી દેવું.
- જો વધારે લોહી નીકળતું હોય તો તે ભાગને પાટાથી દબાવી રાખવો.
- હૉસ્પિટલમાં ચિકિત્સક પાસે જઈ યોગ્ય સારવાર લેવી.

**સાવધાની**

- કૂતરાઓ જ્યારે ખાતા, ઝઘડતા, સૂતા કે મૈથુન કરતા હોય ત્યારે કાંઈ પદાર્થ મારીને વિક્ષેપ ન કરવો, તેમ કરવાથી તેઓ ગુસ્સે થઈ આપણા પર હુમલો કરીને કરડી શકે છે.
- કૂતરાની નજીક દોડવું નહીં, કૂતરાની આંખોમાં સીધું જોવું નહીં, જો કૂતરું તમારી નજીક આવે તો ત્યાં જ સ્થિર થઈ જાવું. મોટા ભાગના કૂતરાઓ તમને સૂંઘીને જતા રહેશે.

## સર્પનો ડંખઃ

**પ્રાથમિક સારવારઃ**




૧.) દર્દીએ અથવા સાથેના વ્યક્તિએ સર્પના ડંખના ઘાનું અવશ્ય નિરીક્ષણ કરી લેવું, જેથી સર્પડંખની ગંભીરતાનો ખ્યાલ આવી શકે,જેમકે...

૨.) જખ્મી વ્યક્તિને જમીન પર સીધો સુવડાવી દેવો. એનું હલન-ચલન બંધ કરાવી દેવું.

૩.) શરીર પર પહેરેલાં ફીટ કપડાં તથા ઈજાના ભાગવાળા અંગના ઘરેણાં વગેરે કાઢી નાખવા.

૪.) સર્પ કરડ્યો હોય ત્યારે જખ્મીને અહીં દર્શાવેલી રીત મુજબ તરત જ પાટો બાંધવો.

### સર્પ કરડયો હોય ત્યારે પાટો બાંધવાની રીત

(૧) જે અંગમાં સાપ કરડયો હોય તે અંગમાં નીચેથી પાટો બાંધવાનું શરૂ કરવું.
(૨) પાટો ખૂબ જ દબાણથી બાંધવો.
(૩) પાટો શક્ય હોય તેટલો ઊંચે સુધી બાંધવો.
(૪) ઈજાગ્રસ્ત પગમાં ખપાટ મૂકવી.
(૫) પાટો બાંધ્યા બાદ તુરંત જ ચિકિત્સક પાસે જઈ યોગ્ય સારવાર લેવી.

### સર્પ કરડ્યો હોય ત્યારે શું ન કરવું?

- જ્યારે સર્પ કરડ્યો હોય ત્યારે જખ્મીએ કોઈ પ્રકારના ભયમાં કે ટેન્શનમાં આવી જવું નહીં કારણ કે, ઘણા લોકોને ઝેરી સાપ કરડ્યો ન હોય છતાં પણ ઝેરના ડરથી જ મૃત્યુ પામી જતા હોય છે.
- જ્યાં સર્પ કરડ્યો હોય તે ભાગને કાપવો નહીં કે બરફથી ઘસવો નહીં.
- મોઢેથી સર્પનું ઝેર ચૂસીને કાઢવાનો પ્રયત્ન કરવો નહીં.
- જખ્મીને તે સમયે કાંઈ ખાવા-પીવાનું આપવું નહીં.
- કોઈપણ પ્રકારની ટ્યૂબ કે લોશન લગાવવું નહીં.

### સર્પદંશના ઉપચારઃ

૧.) કોઈપણ પ્રકારના ઝેરી જાનવર કે જીવજંતુ કરડે ત્યારે તેના ડંખ પર પોતાનો પેશાબ કરવાથી બહુ જ ફાયદો થાય છે.

૨.) જો પુરુષને સર્પ કરડ્યો હોય તો બીજા પુરુષનું અને સ્ત્રીને સર્પ કરડ્યો હોય તો બીજી સ્ત્રીનું મૂત્ર પિવડાવવું.

૩.) ૨૫૦ ગ્રામ શુદ્ધ ઘીને ગરમ પ્રવાહીરૂપ કરી દર્દીને વારંવાર પિવડાવવું, જેથી ઝાડા-ઊલટી થઈ ઝેર નીકળી જશે.

૪.) દર્દીને વારંવાર ઊલટી કરાવવી. જો કડવા લીમડાના પાન દર્દીને મીઠા લાગે તો તેને ઝેરની અસર છે તેમ સમજવું. પાન કડવા ન લાગે ત્યાં સુધી વારંવાર ચવરાવ્યા કરવા.

૫.) કરડેલા ભાગમાં તુલસીના પાનનો રસ વારંવાર લગાડવો.

૬.) કરડેલા ભાગમાં ત્યાં સુધી આંકડાનું દૂધ ભરતા રહો, જ્યાં સુધી તે ભાગ દૂધ ચૂસવાનું બંધ ન કરે.

૭) કુતરિયા નામના ઘાસને મૂળ સહિત વાટીને તેનો રસ કાઢી ડંખ ઉપર તથા આસપાસ લગાડવો. આંખ તેમ જ નાકમાં પણ તે રસના ટીપાં નાખવાં અને તેના રસમાં સાકર નાખી ચમચી-ચમચી રસ દર બે કલાકે પિવડાવવો.

૮.) કેળના થડનો રસ ૧ કપ જેટલો વારંવાર પિવડાવવો.

૯.) વટાણાના મૂળ વાટીને પાવા અને ડંખ ઉપર તેનો લેપ કરવો.

**વિષપાનના ઉપચારઃ**

૧.) ૧૦ ગ્રામ વાટેલી રાઈ અને ૧૦ ગ્રામ મીઠું ગરમ પાણીમાં પાવાથી ઊલટી થઈ ઝેર બહાર નીકળી જાય છે.

૨) ૨૦થી ૪૦ ગ્રામ જેટલું મીઠું પાણીમાં મેળવીને પાવાથી તાત્કાલિક ઊલટી થઈ ઝેર બહાર નીકળી જાય છે.

૩.) કોઈપણ પ્રકારનું ઝેર પેટમાં ગયું હોય તો તુલસીનો રસ જેટલો પી શકાય તેટલો પીવાથી ઝેરનો દોષ નીકળી જશે.

૪.) ઝેર પીધેલ વ્યક્તિને બને તેટલું ચોખ્ખું ઘી પાવું.

૫.) જ્યાં સુધી ઊલટી થઈને વાદળી પિત્ત કે જેમાં ઝેર હોય છે, તે બહાર ન નીકળે ત્યાં સુધી વારંવાર લીમડાનો રસ પાઈને ઊલટી કરાવતાં રહેવું.

નોંધઃ શરીરમાંથી વિષ નીકળ્યા બાદ રોજ ૭ દિવસ સુધી ગાજરનો રસ ૧૦૦-૨૦૦ મિલી.લીટર પીવાથી શરીરમાં રહેલો પચ્યા વગરનો કચરો, ઝેરી તત્ત્વો અને નુકસાનકર્તા પદાર્થો શરીરમાંથી બહાર નીકળી જાય છે.

### વિશેષ નોંધઃ

શક્ય હોય ત્યાં સુધી દર્દીને તુરંત જ હૉસ્પિટલ લઈ જવો. અહીંયા દર્શાવિલ ઉપચારો કોઈ વિકલ્પ ન હોય ત્યારે જ કરવા. ■

# ભાજપમાં ‘બળવો’ ચરમસીમાએ

## ટિકિટ ન મળતા વિધાનસભ્યોમાં અસંતોષ

મુંબઈઃ લોકસભાની ચૂંટણીમાં ભાખરીને ફેરવવા ગયેલા ભાજપને મોટા ફટકાનો સામનો કરવો પડ્યો હતો, જેને પરિણામે ૯૯ ઉમેદવારોની યાદીમાં મોટા ભાગના ઉમેદવારોની ફરી તક મળી છે. રવિવારે જાહેર થયેલી પહેલી યાદીમાં નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, પ્રદેશાધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળે, સુધીર મુનગંટીવાર, ચંદ્રકાંત પાટીલનાં નામ પહેલી યાદીમાં હતાં. જોકે યાદી જાહેર થયા પછી પણ અનેક મતદારસંઘમાં બળવાનું વાતાવરણ સર્જાયું છે અને એટલે જ અમુક નારાજ નેતાઓએ બળવો કરવાનું વિચારી રહ્યા છે.

લોકસભા ચૂંટણીમાં જાકારો આપીને અનેક સાંસદોને ઉમેદવારી નકારી કાઢવામાં આવી હતી. તેનો ફટકો બેસતાં ૮૦ ઉમેદવારને ફરી ઉમેદવારી (જુઓ પાનું ૪) ▶▶

### જાતીય સમીકરણ સાધવાનો પ્રયાસ

ભાજપે જાતિનું સમીકરણ સાધવાનો પ્રયાસ કર્યો છે. લોકસભા ચૂંટણીમાં મરાઠા આરક્ષણ આંદોલનનો ફટકો ભાજપને બેઠો છે. એ પાર્શ્વભૂમિ પર મરાઠવાડામાં તમામ સીટિંગ મરાઠા સમાજના વિધાનસભ્યોને ઉમેદવારી આપવામાં આવી છે. મરાઠા, આદિવાસી અને ભટકતી વિમુક્ત જેવા સમાજ ઘટકોને આમાં સમાવી લેવામાં આવ્યા છે. ■

### ફડણવીસના પીએ અંગે હજી સુધી કોઇ નિર્ણય નથી કરાયો

આર્વીના વિધાનસભ્ય દાદારાવ કેચેની હજી સુધી ઉમેદવારી જાહેર થઇ નથી. એ મતદારસંઘમાં નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના પીએ તરીકે કામ કરતા જોવા મળતા સુમીત વાનખેડે ઈચ્છુક હતા. આ જગ્યાનો નિર્ણય હજી સુધી પેન્ડિંગ છે. ફડણવીસના પર્સનલ સેક્રેટરી તરીકે અગાઉ કામ જોનારા વિધાનસભ્ય અભિમન્યુ પવારને બીજી વાર ઉમેદવારી મળી છે. ■

### સીટિંગ વિધાનસભ્યોને છે ઈંતેજારી

ભાજપે પહેલી યાદી જાહેર કર્યા બાદ હજી પણ અનેક નામની જાહેરાત થવાની બાકી છે. આમાંથી સીટિંગ વિધાનસભ્યોને ફરી ઉમેદવારી મળે એવી સંભાવના છે. સીટિંગ એમએલએમાં સુનીલ રાણે (બોરીવલી), ભારતી લવેકર (વર્સોવા), પરાગ શાહ (ઘાટકોપર), રવિશેઠ પાટીલ (પેણ), પ્રકાશ ભારસાકળે (આકોટ), હરીશ પિંપળે (મૂર્તિજાપુર), લખન મલિક (વાસીમ), દાદારાવ કેચે (આર્વી), વિકાસ કુંભારે (નાગપુર મધ્ય), ટેકચંદ સાવરકર (કામઠી), દેવરાવ હોળી (ગઢચિરોલી), સંદીપ ધુર્વે (અર્ણી), નામદેવ સસાણે (ઉમરખેડ), દિલીપ બોરસે (બાગલાણ), ભીમરાવ તાપકીર (ખડકવાસલા), સુનીલ કાંબળે (પુણે કેન્ટોનમેન્ટ), લક્ષ્મણ પવાર (ગેવરાઈ), સમાધાન આવતાડે (પંઢરપુર), રામ સાતપૂતે (માળશિરસ), દેવયાની ફરાંદે (નાશિક મધ્ય)નો સમાવેશ થાય છે.

### લોકસભામાં હારેલાઓને પણ મળી તક

જે ઉમેદવારોને લોકસભાની ઉમેદવારી મળી હતી અને તેઓ ચૂંટણીમાં હારી ગયા હતા, તેઓને વિધાનસભાની ટિકિટ પર પ્રશ્નાર્થચિહ્ન હતું. જોકે ભાજપે મુનગંટીવાર અને કોટેચાને ફરી એક વાર ઉમેદવારી આપી છે. ■

## મહાવિકાસ આઘાડીમાં ખેલા થવાના સંકેત

# ફડણવીસની ઠાકરે સાથે ગુપ્ત બેઠક

મુંબઇઃ મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીની તારીખોની જાહેરાત થઇ ગઇ છે. દરેક પક્ષ પોતાના ઉમેદવારની પસંદગી કરવામાં વ્યસ્ત છે, જેને લઇને રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. મહાયુતિ અને મહાવિકાસ આઘાડીમાં હજી સુધી સીટોની વહેંચણીને લઇને હજી મતમતાંતર ચાલી રહ્યા છે. ભાજપે ૯૯ બેઠકો પર તેના ઉમેદવારો જાહેર કરી દીધા છે, પણ મહાવિકાસ આઘાડીમાં હજી સુધી બેઠકોની વહેંચણીને મામલે અવઢવ પ્રવર્તી રહી છે અને બેઠકોની વહેંચણીનો મુદ્દો અટવાયેલો છે. કોંગ્રેસ અને શિવસેના વચ્ચે તનાતની ચાલી રહી છે, જેને કારણે બંને પક્ષો વચ્ચે વાતચીત થઈ રહી નથી અને બેઠકોની વહેંચણી થઇ શકી નથી. એવામાં એવા સમાચાર જાણવા મળ્યા છે કે કેટલાક દિવસ પહેલા દેવેન્દ્ર ફડણવીસ અને ઉદ્ધવ ઠાકરેએ ગુપ્ત રીતે મુલાકાત કરી હતી. હવે આ (જુઓ પાનું ૪) ▶▶

### કૉંગ્રેસે કહ્યું આ બધી ઉપજાવી કાઢેલી વાત છે

મુંબઈઃ મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીને હવે એક મહિનો પણ બાકી નથી રહ્યો ત્યારે અફવા બજાર અને અટકળ બજાર ધમધમી રહ્યું છે. આ દરમિયાન સૂત્રોને ટાંકી જણાવવામાં આવ્યું છે કે ઉદ્ધવ ઠાકરે અને દેવેન્દ્ર ફડણવીસની મુલાકાત થઈ છે અને સંજય રાઉતે અમિત શાહને ફોન કર્યો હતો. આ વાત કૉંગ્રેસ તરફથી વહેતી મૂકવામાં આવી હોવાનું માનવામાં આવે છે. મહારાષ્ટ્રમાં કૉંગ્રેસના નેતાઓએ પણ કૉંગ્રેસ હાઈકમાન્ડ સાથે આ અંગે ચર્ચા કરી હોવાની જાણકારી પણ વહેતી થઈ છે. આ વાતો પવનની જેમ ચારે દિશામાં ફેલાઈ ગઈ છે. મહાવિકાસ આઘાડીમાં અસ્વસ્થતા છે તેમ જ ઉદ્ધવ ઠાકરે મહાયુતિમાં જોડાઈ જશે? એ પ્રકારની અટકળો અને અફવાઓ ઘૂમી રહી છે.

વિધાનસભા ચૂંટણી ટાણે આ બધી વાત વહેતી થઈ છે, કારણ કે ૨૦૧૯માં મુખ્ય પ્રધાનપદ વહેંચી લેવાને કારણે યુતિ તૂટી અને (જુઓ પાનું ૪) ▶▶

## એમવીએનું આખરે નક્કી

# આજે બેઠકોની વહેંચણીઃ પટોલે

મુંબઇઃ ભારતીય જનતા પાર્ટીએ આગામી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે ૯૯ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે, પરંતુ હજુ સુધી મહાગઠબંધનની સીટ ફાળવણીની જાહેરાત કરવામાં આવી નથી ત્યારે ભાજપે પ્રથમ યાદી જાહેર કરી દેતા તર્કવિતર્કો શરૂ થયા છે. મહાવિકાસ આઘાડીમાં બેઠક ફાળવણી કે ઉમેદવારોની યાદી અંગે કંઈ જ જાહેર કરવામાં આવ્યું નથી. તેથી ચર્ચા શરૂ થઈ હોવાથી કૉંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ નાના પટોલેએ બેઠક ફાળવણીને લઈને મોટું નિવેદન આપ્યું છે. મહાગઠબંધનમાં સૌથી મોટી પાર્ટી ભાજપે ૯૯ ઉમેદવારોની યાદી જાહેર કરી હોવાથી હવે એવું કહેવામાં આવી રહ્યું છે કે બાકીની ૧૮૯ બેઠકો શિવસેના (એકનાથ શિંદે) અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (અજિત પવાર) વચ્ચે વહેંચવામાં આવશે. જો કે, આ સાથે જ ભાજપની આ પ્રથમ યાદી છે અને આ ૧૮૯માં ભાજપના કેટલાક વધુ ઉમેદવારો હોય તેવી સંભાવના છે. આ પૃષ્ઠભૂમિ પર વિધાનસભાની ચૂંટણીની ગણતરીઓ રજૂ કરવામાં આવી રહી છે. હવે મહાવિકાસ આઘાડી દ્વારા સીટ ફાળવણીને આખરી ઓપ આપવામાં આવ્યો છે અને તેની જાહેરાત અંગે માહિતી આપવામાં આવી છે.

તેમને એમવીએની પેન્ડિંગ સીટ એલોટમેન્ટ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે,“એમવીએનું નક્કી થઇ ગયું છે. સીટ એલોટમેન્ટ ૨૨ ઓક્ટોબરે જાહેર કરવામાં આવશે. અમે ત્રણેય મળીને મંગળવારે સાંજે યાદી જાહેર કરીશું.” ■

### ૨૧૦ બેઠક માટે એમવીએમાં સર્વસંમતિઃ સંજય રાઉતનો દાવો

મુંબઈઃ મહારાષ્ટ્રની ૨૮૮ વિધાનસભા બેઠકોમાંથી ૨૧૦ બેઠકો પર મહાવિકાસ અઘાડીમાં સર્વસંમતિ થઈ ગઈ છે જે એક ‘નોંધપાત્ર સિદ્ધિ’ છે એમ શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે સોમવારે જણાવ્યું હતું. મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેના, ભાજપ અને અજિત પવારના નેતૃત્વ હેઠળની એનસીપીના શાસક જોડાણ પર આકરા પ્રહાર કરી તેમણે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રને લૂંટતા દળોને ચૂંટણીમાં હરાવવાનો અમારો હેતુ છે.

સંવાદદાતાઓને વિગતો આપતા રાઉતે જણાવ્યું હતું કે ‘અમે ૨૧૦ બેઠક પર સર્વસંમતિ સાધી છે. આ નોંધપાત્ર સિદ્ધિ છે. અમારું લક્ષ્ય સંયુક્ત તાકાત તરીકે ચૂંટણી લડવાનું છે અને અમે મહારાષ્ટ્રને લૂંટી રહેલા દળોને હરાવી દઈશું.’ એમવીએમાં શિવસેના (યુબીટી), કોંગ્રેસ અને શરદ પવારની એનસીપી (એસપી)નો સમાવેશ થાય છે.

ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળી પાર્ટી એમવીએથી અલગ થઈ તમામ ૨૮૮ બેઠક પર પોતાના જોર પર ચૂંટણી લડી શકે છે એવા અહેવાલો ન્યૂઝ ચેનલો તરફથી વહેતા કરવામાં આવ્યા બાદ રાઉતની આ ટિપ્પણી આવી છે.

બેઠકોની વહેંચણીના મુદ્દે કૉંગ્રેસ અને (જુઓ પાનું ૪) ▶▶

# ‘હિંમત હોય તો આ સીટ પરથી ચૂંટણી લડીને બતાવો’

## ભાજપના ઉમેદવારનો સંજય રાઉત અને નાના પટોલેને પડકાર

મુંબઇઃ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીને લઈને બ્યુગલ વાગી ગયું છે, ભાજપે તેના ૯૯ ઉમેદવારોને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે. તે જ સમયે, મહાવિકાસ આઘાડીમાં હજુ પણ બેઠકો માટે ખેંચતાણ ચાલી રહી છે. આ દરમિયાન દક્ષિણ નાગપુરના ભાજપના ઉમેદવારે સાંસદ સંજય રાઉત અને કૉંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ નાના પટોલેને પડકાર ફેંક્યો છે કે જો તેમનામાં હિંમત હોય તો તેઓ દક્ષિણ નાગપુરથી ચૂંટણી લડે. જણાવી દઈએ કે દક્ષિણ નાગપુર સીટ માટે શિવસેના યુબીટી અને કૉંગ્રેસ વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે.

નાગપુરની રામટેક અને દક્ષિણ નાગપુર વિધાનસભા બેઠકોને લઈને શિવસેના યુબીટી અને કૉંગ્રેસ વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. આ સાથે જ ભાજપે બંને વિધાનસભા બેઠક માટે મહાયુતિના ઉમેદવારોની જાહેરાત કરી છે. દક્ષિણ નાગપુરથી ભાજપે ધારાસભ્ય મોહન મતેને ફરીથી મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે રામટેકથી એકનાથ શિંદેની શિવસેનાના ઉમેદવાર આશિષ જયસ્વાલને મેદાનમાં ઉતાર્યા છે. ભાજપના ઉમેદવાર મોહન મતેએ સંજય રાઉત અને નાના પટોલેને પડકાર ફેંક્યો છે અને કહ્યું છે કે દક્ષિણ નાગપુર વિધાનસભાને લઈને તેઓ એકબીજા સાથે ન લડે, પરંતુ બંનેએ અહીં આવીને લડવું જોઈએ, દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે. ભાજપના ઉમેદવારે કહ્યું કે નીતિન ગડકરી, દેવેન્દ્ર ફડણવીસ અને પોતે દક્ષિણ નાગપુર વિધાનસભામાં ઘણા વિકાસ કાર્યો કર્યા છે. ■

## બાબા સિદ્ધીકી હત્યાકેસ

# ચાર આરોપીની પોલીસ કસ્ટડી ૨૫ ઑક્ટોબર સુધી લંબાવાઇ

મુંબઈઃ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન બાબા સિદ્ધીકીની હત્યાના કેસમાં ધરપકડ કરાયેલા બે શૂટર સહિત ચાર આરોપીની પોલીસ કસ્ટડી કોર્ટે ૨૫ ઑક્ટોબર સુધી લંબાવી હતી.

હરિયાણાના ગુરમેન બલજીતસિંહ, ઉત્તર પ્રદેશના ધર્મરાજ કશ્યપ તથા હરિશકુમાર નિસાદ અને પ્રવીણ લોણકરની પોલીસ કસ્ટડી પૂરી થતી હોવાથી સોમવારે તેમને એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ વી.આર. પાટીલ સમક્ષ હાજર કરવામાં આવ્યા હતા.

તપાસકર્તા પક્ષે ચારેય આરોપીની પોલીસ કસ્ટડી લંબાવી આપવાની માગણી કરતાં જણાવ્યું હતું કે આરોપી તપાસમાં સહકાર આપતા નથી અને તેઓ ભ્રામક માહિતી આપી રહ્યા છે, જેને કારણે મુખ્ય સૂત્રોધારો સુધી પહોંચી શકાતું નથી.

તેમણે કોર્ટે જણાવ્યું હતું કે બાબા સિદ્દીકીની હત્યા કરવા અગાઉ રેકી કરતી વખતે આરોપીઓએ વાપરેલી હેલ્મેટ કુર્લાના ઘરેથી હસ્તગત કરવામાં આવી છે. દરમિયાન કોર્ટે દલીલ સાંભળ્યા બાદ ચારેય આરોપીને ૨૫ ઑક્ટોબર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

નોંધનીય છે કે બાબા સિદ્દીકીની હત્યામાં સામેલ શૂટરો કુર્લામાં ભાડાના ઘરમાં કેટલાક દિવસ રોકાયા હતા. એ પહેલા તેઓ પુણેમાં રહ્યા હતા.

બાબા સિદ્દીકી ૧૨ ઑક્ટોબરે રાતે બાંદ્રા પૂર્વમાં મીટિંગમાં હાજરી આપી (જુઓ પાનું ૪) ▶▶

# બહારગામ રહેતા મતદાતાઓને ઑનલાઈન નાણાં આપવાની વાતઃ વિધાનસભ્ય સામે ગુનો

છત્રપતિ સંભાજીનગરઃ બહારગામ હોય એ લોકો મતદાનના દિવસે પોતાના મતવિસ્તારમાં આવીને મતદાન કરશે તો તેમને ઑનલાઈન નાણાં ચૂકવવામાં આવશે, એવું કહેતો શિવસેનાના વિધાનસભ્ય સંતોષ બાંગરનો કથિત વીડિયો વાયરલ થતાં પોલીસે તેમની વિરુદ્ધ બિનદખલપાત્ર ગુનો (એનસી) નોંધ્યો હતો.

અધિકારીના જણાવ્યા મુજબ છત્રપતિ સંભાજી નગરના હિંગોલી જિલ્લામાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

રાજ્યના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે જૂથના શિવસેનાના નેતા બાંગર હિંગોલી જિલ્લાના કલમનૂરી મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે. બાંગરના વક્તવ્યનો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં તે એવું કહેતા સંભળાય છે કે બહારગામ હોય તેવા મતદારોની યાદી અમને આગામી બેથી ત્રણ દિવસમાં આપો. તેમને વાહન ભાડે લેવાનું કહો અને તેમને જે જોઈએ તે મળવું જોઈએ. તેમને ફોનપે (ઑનલાઈન પેમેન્ટ ઍપ) સહિત બધું જ ઉપલબ્ધ કરાશે. તેમને કહો કે તેઓ અમારી માટે આવી રહ્યા છે. બહારગામ રહેતા મતદાતાઓને કહો કે તે આપણા ગામમાં આવે.

આ વીડિયો અમુક રિજનલ ન્યૂઝ (જુઓ પાનું ૪) ▶▶

# ‘હિન્દુત્વ’ મુદ્દે વિહિપ અને આરએસએસ ભાજપ માટે વોટ માગશે

મુંબઇઃ મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી નજીક આવતા જ ભારતીય જનતા પાર્ટીની જીત સુનિશ્ચિત કરવા માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને તેના ૩૬ સહયોગી સંગઠનો સક્રિય થઇ ગયા છે. નાના જૂથો બનાવીને આરએસએસ અને તેની સાથે જોડાયેલા સંગઠનો લોકોના ઘર સુધી પહોંચી ભાજપની આગેવાની હેઠળની ગઠબંધન મહાયુતિની તરફેણમાં મત માગશે. આ સાથે સંઘ કાર્યકર્તાઓ જનમત તૈયાર કરવા માટે જન સંપર્ક કાર્યક્રમો શરુ કરવાની યોજના પર કામ કરી રહ્યા છે. સંઘે તેના તમામ સહયોગી સંગઠનો સાથે સંકલન કરીને લોકો સાથે વાત કરવાનું શરૂ કર્યું છે. મહારાષ્ટ્રમાં મહાયુતિને જીતાડવા માટે સંઘના સહયોગી સંગઠનો અલગ-અલગ રીતે સક્રિય બન્યા છે.

મહારાષ્ટ્રના અલગ-અલગ ભાગોમાં આ અંગે બેઠકો થઈ રહી છે. ૭-૮ લોકોના સમૂહમાં લોકોના ઘરે પહોંચીને રાષ્ટ્રીય હિત, હિન્દુત્વ, સુશાસન, વિકાસ, લોકકલ્યાણ અને સમાજને લગતા વિવિધ સ્થાનિક મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરીને લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે.

તેમ જ, વિશ્વ હિન્દુ પરિષદે સમગ્ર મહારાષ્ટ્રના સાધુ સંતોના સંમેલનો યોજવાનું શરૂ કર્યું છે. નાગપુર અને અકોલામાં બે સંત સંમેલનોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેવી જ રીતે મહારાષ્ટ્રના દરેક વિભાગમાં સંત સંમેલનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. મંદિરો અને મઠોનું પ્રતિનિધિત્વ કરતા સંતો લોકોને હિન્દુત્વ, સુશાસન, વિકાસ, લોકકલ્યાણ અને રાષ્ટ્રહિત વિશે જણાવશે. આ સાથે તેઓ વોટ જેહાદ વિરુદ્ધ તમામ હિંદુઓને ૧૦૦ ટકા મતદાન કરવાની અપીલ કરી રહ્યા છે.

વિશ્વ હિન્દુ પરિષદના મહારાષ્ટ્ર ગોવા વિસ્તારના વડા ગોવિંદ શેંડેએ કહ્યું કે જે લોકો ચૂંટાય છે તેઓ નીતિ નક્કી કરે છે. અમારો પ્રયાસ એવા લોકોને પસંદ કરવાનો હોવો જોઈએ જે ધર્મની રક્ષા કરે. ■






# કર્ણાક પુલ પર ગર્ડરની સાઈડ શિફ્ટિંગ પ્રક્રિયા પૂરી

## બીજો ગર્ડર ડિસેમ્બરમાં બેસાડાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મસ્જિદ બંદર રેલવે સ્ટેશનથી થોડા અંતરે આવેલા પી. ડી’મેલો રોડને જોડનારા કર્ણાક બ્રિજ પ્રોજેક્ટમાં મહત્ત્વનો તબક્કો ગણાતા પહેલા ગર્ડરને બેસાડવાનું કામ પૂરું થઈ ગયું છે. શનિવાર અને રવિવાર મધરાતના બે દિવસના બ્લોકમાં લોખંડના ગર્ડરને બેસાડવામાં આવ્યા બાદ ગર્ડરની સાઈટ શિફ્ટિંગની પ્રક્રિયા પૂરી કરવામાં આવી હતી. તેથી હવે બીજા ગર્ડરને બેસાડવાની પ્રક્રિયા ઝડપી થશે એવો દાવો પાલિકા પ્રશાસને કર્યો હતો.

દક્ષિણ મુંબઈમાં મસ્જિદ બંદર, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) અને મોહમ્મદ અલી પરિસરમાં વાહનવ્યવહાર માટે કર્ણાક બ્રિજ અત્યંત મહત્ત્વનો છે. લોકમાન્ય ટિળક રોડ પરનો કર્ણાક પુલ જોખમી જાહેર કરાયા બાદ બ્રિટિશ કાળના ૧૫૪ વર્ષ જૂના મસ્જિદ બંદર રેલવે સ્ટેશન પાસેના આ પુલને ૨૦૨૨માં તોડી પાડવામાં આવ્યો હતો. એ બાદ સુધરાઈ દ્વારા તેને ફરી બાંધવામાં (જુઓ પાનું ૪) ▶▶

# મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડનો ત્રાસ હજી વર્ષ

## ડમ્પિંગ ગ્રાઉન્ડના કચરાનો નિકાલ જૂન ૨૦૨૫ સુધી લાવવો અશક્ય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડમાં રહેલા ૭૦ લાખ કચરા પર પ્રક્રિયા કરવાની સમયમર્યાદાને લંબાવવામાં આવે એવી શક્યતા છે. મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડને ૨૦૧૮માં બંધ કરીને ત્યાં રહેલા કચરા પર પ્રક્રિયા કરવાનું કામ ત્રણ કૉન્ટ્રક્ટરોને આપવામાં આવ્યું હતું, અને તે માટે છ વર્ષની મુદત આપવામાં આવી હતી. જોકે અત્યાર સુધી ફક્ત ૩૨ લાખ મેટ્રિક ટન કચરા પર જ પ્રક્રિયા કરવામાં આવી છે. તેથી પાલિકાના અધિકારીના કહેવા મુજબ આ પ્રોજેક્ટને પૂરો કરવામાં હજી એક વર્ષનો સમય લાગવાની શક્યતા છે. ઑક્ટોબર ૨૦૧૮માં મુલુંડ (જુઓ પાનું ૪) ▶▶

## ગઢચિરોલીમાં સુરક્ષા દળોનું મોટું ઓપરેશન

# એન્કાઉન્ટરમાં ચાર ઠાર માર્યા

મુંબઈઃ છત્તીસગઢને અડીને આવેલા મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લાના સરહદી વિસ્તાર ભામરાગઢ તહસીલમાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અત્યાર સુધીમાં ચાર નક્સલવાદીઓ માર્યા ગયા હોવાના અને સુરક્ષાદળોના જવાનો પણ ઘાયલ થયા હોવાના અહેવાલ છે. સૂત્રોનું કહેવું છે કે નક્સલ વિરોધી વિશેષ ટુકડી સી-૬૦ને એન્કાઉન્ટર સ્થળ તરફ મોકલવામાં આવી છે. એન્કાઉન્ટરમાં નક્સલવાદીઓને ભારે નુકસાન થવાની આશંકા છે. મહારાષ્ટ્રમાં આવતા મહિને વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ એન્કાઉન્ટર મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.

તાજેતરમાં જ તેલંગણા પોલીસે એક મહિલા નક્સલવાદીની ધરપકડ કરી જેના માથા પર પોલીસે ૧ કરોડ રૂપિયાનું ઈનામ રાખ્યું હતું. આરોપી મહિલાની ઓળખ સુજાતા તરીકે થઈ હતી. તે છત્તીસગઢના સુકમામાં બનેલી ઘણી મોટી નક્સલવાદી ઘટનાઓમાં સામેલ હતી. પોલીસના જણાવ્યા અનુસાર, જ્યારે સુજાતા તેલંગાણાના હૈદરાબાદના મહબૂબનગરમાં (જુઓ પાનું ૪) ▶▶

## થાણેમાં હિટ ઍન્ડ રનનો કેસ

# મર્સિડિઝ કારે અડફેટે લેતાં સ્કૂટરસવાર યુવકનું મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણેમાં હિટ ઍન્ડ રનના કેસમાં પૂરપાટ વેગે દોડતી મર્સિડીઝ કારે સ્કૂટરસવાર યુવકને અડફેટે લેતાં તેનું મૃત્યુ થયું હતું. ઘટના બાદ મર્સિડીઝ કારનો સાથે ડ્રાઈવર ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હોવાથી પોલીસ તેની શોધ ચલાવી રહી છે.

નૌપાડા પોલીસના જણાવ્યા મુજબ ઘટના રવિવારની મધરાતે દોઢ વાગ્યાની આસપાસ થાણેના નીતિન જંક્શન પાસે બની હતી. અકસ્માતમાં મૃત્યુ પામેલા યુવકની ઓળખ દર્શન શશીધર હેગડે (૨૧) તરીકે થઈ હતી.

થાણેના વાગળે એસ્ટેટ વિસ્તારમાં સંત જ્ઞાનેશ્વર નગર ખાતે રહેતો દર્શન રાઈસ અને નૂડલ્સ લેવા ચાઈનીઝની રેકડી પર ગયો હતો. પાર્સલ લઈને તે સ્કૂટર પર આવી રહ્યો હતો ત્યારે મર્સિડીઝ કારે સ્કૂટરને ટક્કર મારી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ મર્સિડીઝ કાર અને બીજા વાહન વચ્ચે નાશિક-મુંબઈ હાઈવે પર રેસિંગ ચાલી રહી હતી. મુંબઈ તરફ આવી રહેલી મર્સિડીઝના ડ્રાઈવરે કાબૂ ગુમાવતાં સ્કૂટરને અડફેટે લીધું હતું. ■

# તીરંદાજી વર્લ્ડ કપ ફાઇનલમાં દીપિકા કુમારીએ જીત્યો સિલ્વર મેડલ, ધીરજને મળી હાર

ટિલેક્સકલા (મેક્સિકો): ભારતની ટોચની મહિલા રિકર્વ તીરંદાજ દીપિકા કુમારીએ વર્લ્ડ કપ ફાઇનલમાં તેનો પાંચમો સિલ્વર મેડલ જીત્યો હતો. તે ફાઇનલમાં ચીનની લી જિયામૈન સામે ૦.૬થી હારી ગઈ હતી. ચાર વખતની ઓલિમ્પિયન દીપિકા ડિસેમ્બર ૨૦૨૨માં તેની પુત્રીના જન્મ પછી વર્લ્ડ કપની ફાઇનલમાં પરત ફરી હતી. દીપિકાને આઠ તીરંદાજોમાં ત્રીજો ક્રમ મળ્યો હતો.

દીપિકાને સેમિફાઈનલ સુધી કોઈ સમસ્યાનો સામનો કરવો પડ્યો ન હતો પરંતુ ગોલ્ડ મેડલ મેચમાં તે જિયામૈન સામે હારી ગઈ હતી, જેણે પેરિસ ઓલિમ્પિકમાં ટીમ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો. દીપિકા નવમી વખત વર્લ્ડ કપ ફાઈનલ રમી રહી હતી. ભારત માટે ફક્ત માત્ર ડોલા બેનર્જી જ ગોલ્ડ મેડલ જીત્યો હતો. તે ૨૦૦૭માં દુબઈમાં પ્રથમ સ્થાને રહી હતી.

પુરુષોની રિકર્વ કેટેગરીમાં ધીરજ બોમ્માદેવરા ૪. ૨થી આગળ હોવા છતાં તે પ્રથમ રાઉન્ડમાં પેરિસ ઓલિમ્પિકના બ્રોન્ઝ મેડલ વિજેતા દક્ષિણ કોરિયાના લી વૂ સીઓક સામે હારી ગયો હતો. પાંચ સભ્યોની ભારતીય ટુકડીમાં ત્રણ કમ્પાઉન્ડ અને બે રિકર્વ તીરંદાજોનો સમાવેશ થાય છે. ભારતે માત્ર એક મેડલ જીત્યો હતો.

સેમિફાઇનલમાં મેક્સિકોની એલેજાન્ડ્રા વાલેશિયા સામે શાનદાર પ્રદર્શન કરનાર દીપિકા તે લય જાળવી શકી ન હતી. તેણે પહેલો સેટ એક પોઈન્ટ (૨૬.૨૭)થી ગુમાવ્યો હતો. બીજા સેટમાં તેણે વાપસી કરી હતી. લીએ ૩૦-૨૮થી જીત મેળવી હતી. ત્રીજા સેટમાં લીએ ૨૭-૨૫ પોઇન્ટથી જીત મેળવી હતી. પુરુષોની રિકર્વ કેટેગરીમાં ધીરજ એકમાત્ર ભારતીય હતો. તેમને ૪. ૬ (૨૮-૨૮, ૨૯-૨૬, ૨૮-૨૮, ૨૬-૩૦, ૨૮-૨૯)થી હારનો સામનો કરવો પડ્યો હતો. ■

# ન્યૂ ઝીલેન્ડની મહિલાઓ ટી-૨૦ની નવી વર્લ્ડ ચેમ્પિયન

## ફાઈનલમાં સાઉથ આફ્રિકાને હરાવ્યું: કેપ્ટન સોફી ડિવાઈને ભારત સામેની પ્રથમ જીતનો ખાસ ઉલ્લેખ કર્યો

દુબઈ: રવિવાર, ૨૦ ઓક્ટોબરનો દિવસ ન્યૂ ઝીલેન્ડની મહિલાઓ તેમ જ પુરુષોની ક્રિકેટ માટે સુવર્ણ અક્ષરે લખાઈ ગયો છે. દુબઈમાં રવિવારે રાત્રે ન્યૂ ઝીલેન્ડની વિમેન્સ ટીમે ફાઈનલમાં સાઉથ આફ્રિકાને હરાવીને પહેલી વાર ટી-૨૦નો વર્લ્ડ કપ જીતી લીધો હતો. ચેમ્પિયન ટીમની કેપ્ટન સોફી ડિવાઈને ટ્રોફી જીત્યા બાદ ખાસ ભારતનું નામ લીધું હતું.

એ પહેલાં, બેંગ્લૂરુમાં ટોમ લેથમના સુકાનમાં ન્યૂ ઝીલેન્ડની મેન્સ ટેસ્ટ ટીમે ટીમ ઇન્ડિયાને પ્રથમ ટેસ્ટમાં હરાવીને શ્રેણીમાં ૧-૦થી સરસાઈ લીધી હતી. એ સાથે, ભારતમાં ન્યૂ ઝીલેન્ડ ૩૬ વર્ષે ફરી ટેસ્ટ મેચ જીતવામાં સફળ થયું છે.

દુબઈમાં મહિલાઓની ફાઇનલમાં ન્યૂ ઝીલેન્ડે બેટિંગ મળ્યા પછી પાંચ વિકેટે ૧૫૮ કર્યા હતા. ભારતની ડબ્લ્યૂપીએલમાં મુંબઇ ઇન્ડિયન્સ વતી રમી ચૂકેલી એમેલી કેરના ૪૩ રન એમાં હાઈએસ્ટ હતા. જવાબમાં સાઉથ




આફ્રિકાની ટીમ ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૨૬ રન બનાવી શકી હતી. ન્યૂ ઝીલેન્ડની બોલર રોઝમેરી મેઇર અને એમેલી કેરે ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. ઓલરાઉન્ડર ઍમેલી કેરને પ્લેયર ઓફ ધ ફાઇનલ અને પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટનો અવોર્ડ અપાયો હતો.

ન્યૂ ઝીલેન્ડની ચેમ્પિયન કેપ્ટન સોફી ડિવાઇન ભારતની ડબ્લ્યૂપીએલમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લૂરુ વતી રમી ચૂકી છે. માર્ચ, ૨૦૨૪માં સ્મૃતિ મંધાનાના સુકાનમાં બેંગ્લૂરુની ટીમ ડબ્લ્યૂપીએલની નવી ચેમ્પિયન બની હતી. રવિવારે ડિવાઇનના નેતૃત્વમાં મહિલાઓની ટી-૨૦ને નવું વર્લ્ડ ચેમ્પિયન મળ્યું.

વિજેતા કેપ્ટન સોફી ડિવાઇને ચેમ્પિયનપદ મેળવ્યા પછીની સ્પીચમાં ખાસ ભારત સામેની જીતનો ઉલ્લેખ કર્યો હતો.

વર્લ્ડ કપ ત્રીજી ઓક્ટોબરે શરૂ થયો હતો. ત્યારે ટ્રોફી જીતવા માટે ઓસ્ટ્રેલિયા તેમ જ ભારતની ટીમ ફેવરિટ ગણાતી હતી. ન્યૂ ઝીલેન્ડની ગણના ત્યારે ડાર્ક કોર્સ તરીકે પણ નહોતી થતી. જોકે સોફી ડિવાઇનની એ જ ટીમ હવે ટી-૨૦ની નવી વિશ્વવિજેતા બની છે. ડિવાઇને યાદગાર વિજય મેળવ્યા પછી કહ્યું, ચોથી ઓક્ટોબરે અમે ભારત સામે પહેલી જ લીગ મેચ સારી રીતે જીતી લીધી એને જ હું ટૂર્નામેન્ટનો સૌથી મોટો ટર્નિંગ પોઇન્ટ ગણું છું. ભારત સામેના એ વિજય સાથે ટ્રોફી જીતવા માટેનો અમારો આત્મવિશ્વાસ અનેક ઘણો વધી ગયો હતો. ભારત સામેની જીત સાથે જ જાણે અમારી સુવર્ણ સફર શરૂ થઈ હતી.

ભારત સામેની મેચમાં ખુદ કેપ્ટન ડિવાઈને અણનમ ૫૭ રન કર્યા હતા અને તેની ટીમે ભારતને ૫૮ રનથી હરાવ્યું હતું. ■

# ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈએ રણજીની નવી સિઝનમાં જીતવાનું શરૂ કર્યું

## બરોડા સામેની હાર બાદ મહારાષ્ટ્રને નવ વિકેટે હરાવ્યું

મુંબઈ: અજિંક્ય રહાણેના સુકાનમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈએ મહારાષ્ટ્રને અહીં સોમવારે રણજી ટ્રોફીમાં નવ વિકેટે હરાવી દીધું હતું.

મુંબઈને જીતવા ૭૪ રનનો લક્ષ્યાંક મળ્યો હતો અને ઓપનર પૃથ્વી શો (૩૬ બોલમાં ૩૯ રન) તથા હાર્દિક તમોરે (૨૬ બોલમાં ૨૧ રન)ની અણનમ ઇનિંગ્સની મદદથી મુંબઈએ સોમવારના છેલ્લા દિવસે ૭૫/૧ના સ્કોર સાથે આસાન વિજય મેળવી લીધો હતો.

મહારાષ્ટ્રની ટીમ બીજા દાવમાં ઋતુરાજ ગાયકવાડની સદી (૧૪૫ રન)ની મદદથી ૩૮૮ રન બનાવી શકી હતી અને મુંબઈને માત્ર ૭૪ રનનો ટાર્ગેટ આપી શકાયો હતો.

મહારાષ્ટ્રની બીજી ઇનિંગ્સમાં મુંબઈ વતી તનુષ કોટિયન, શમ્સ મુલાની અને મોહિત અવસ્થીએ ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. પ્રથમ દાવમાં મહારાષ્ટ્રના ૧૨૬ રનના જવાબમાં મુંબઈએ આયુષ મ્હાત્રેના ૧૭૬ રન અને શ્રેયસ ઐયરના ૧૪૨ રનની મદદથી ૪૪૧ રન બનાવીને ૩૧૫ રનની લીડ લીધી હતી.

મુંબઈના સ્ટાર ઓપનર આયુષ મ્હાત્રેને પહેલા દાવના દમદાર ૧૭૬ રન બદલ મેન ઑફ ધ મેચનો અવોર્ડ આપવામાં આવ્યો હતો. મુંબઈ પ્રથમ મેચમાં બરોડા સામે ૮૪ રનથી



હારી ગયું હતું. રવિવારે ધરમશાલામાં રાજસ્થાને હિમાચલ પ્રદેશ સામે આઠ વિકેટે જીત મેળવી હતી. રાજસ્થાને પચીસ રનનો લક્ષ્યાંક બે વિકેટના ભોગે મેળવી લીધો હતો. ■

# કિવી મહિલા ક્રિકેટરના એક હાથમાં વર્લ્ડ કપની ટ્રોફી અને બીજા હાથમાં ચિલ્ડ બિયરનું કેન...

## જાણો, ન્યૂ ઝીલેન્ડની મહિલા ક્રિકેટરોએ વિશ્વવિજેતાપદ કેવી રીતે સેલિબ્રેટ કર્યું...

દુબઈ: ન્યૂ ઝીલેન્ડની મહિલા ક્રિકેટરોએ રવિવારે અહીં પોતાના દેશને પહેલી જ વાર ટી-૨૦ વર્લ્ડ કપની ટ્રોફી અપાવી એટલે બેહદ ખુશ હતી. વર્લ્ડ ચેમ્પિયન ટીમની કોઈ પ્લેયર ગિટાર પર ફેમસ સોન્ગ ગાતી હતી તો બીજી બાજુ ચાર-પાંચ ખેલાડીઓ ટોળે વળીને અભૂતપૂર્વ મજાક-મસ્તીનાં મૂડમાં જશન મનાવતી હતી. કોઈ પ્લેયર બિયર સાથે જીતનાં ઉન્માદમાં હતી તો કોઈએ શ્રેણીબદ્ધ ગીતોથી ડ્રેસિંગ રુમ ગજાવ્યું હતું.

દુબઈમાં રવિવારે રાત્રે ન્યૂ ઝીલેન્ડની વિમેન્સ ટીમે ફાઈનલમાં સાઉથ આફ્રિકાને ૩૨ રનથી હરાવીને પહેલી વાર ટી-૨૦ વર્લ્ડ કપનો તાજ જીતી લીધો હતો. ટી-૨૦માં સાઉથ આફ્રિકાના પુરુષોની જેમ મહિલાઓ પણ ચોકર્સ (છેલ્લી ઘડીએ પરાજિત થનાર) સાબિત થઈ. જૂનમાં મેન્સ વર્લ્ડ કપમાં રોહિત શર્માના સુકાનમાં રમનાર ભારતીય ટીમ સામેની ફાઈનલમાં સાઉથ આફ્રિકાનો પરાજય થયો હતો.

રવિવારે એ પહેલાં, બેંગ્લૂરુમાં ટોમ લેથમના સુકાનમાં ન્યૂ ઝીલેન્ડની મેન્સ ટેસ્ટ ટીમે ટીમ



ઇન્ડિયાને પ્રથમ ટેસ્ટમાં હરાવીને શ્રેણીમાં ૧-૦થી સરસાઈ લીધી હતી. એ સાથે, ભારતમાં ન્યૂ ઝીલેન્ડ ૩૬ વર્ષે ફરી ટેસ્ટ મેચ જીતવામાં સફળ થયું છે.

એ રીતે ન્યૂ ઝીલેન્ડ માટે રવિવાર ડબલ સેલિબ્રેશનવાળો સુપર સન્ડે બન્યો હતો.

મહિલા ટી-૨૦ વર્લ્ડ કપમાં ન્યૂ ઝીલેન્ડની ટીમ ભારત સામે જીત્યા બાદ ઓસ્ટ્રેલિયા સામે હારી હતી. જોકે ત્યાર બાદ કિવીઓની ટીમે શ્રીલંકા, પાકિસ્તાન અને વેસ્ટ ઇન્ડિઝને હરાવ્યા બાદ ફાઈનલમાં સાઉથ આફ્રિકાને પરાસ્ત કર્યું.

રવિવારે દુબઈની વિમેન્સ ફાઇનલમાં ન્યૂ ઝીલેન્ડે બેટિંગ મળ્યા પછી પાંચ વિકેટે ૧૫૮ કર્યા હતા. જવાબમાં સાઉથ આફ્રિકાની ટીમ ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૨૬ રન બનાવી શકી હતી. ઓલરાઉન્ડર ઍમેલી કેરને પ્લેયર ઓફ ધ ફાઇનલ અને પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટનો અવૉર્ડ અપાયો હતો.

ઐતિહાસિક વિજેતાપદ મેળવ્યા બાદ જીતની ઉજવણી દરમ્યાન કિવી ખેલાડી લીઆ તાહુહુ એક હાથમાં ટ્રોફી અને બીજાં હાથમાં ચિલ્ડ બિયરના કેન સાથે ખૂબ નાચી હતી. સુપરસ્ટાર પ્લેયર ઍમેલી કેરે પોતાના ગિટાર પર કિવી લોક ગીતની ધૂન વગાડી હતી જેના તાલ પર બાકીની પ્લેયર્સે ડાન્સ કર્યો હતો.

ટીમની સિનિયર પ્લેયર સુઝી બેટ્સે સાથીઓને ભેગા કરીને સેલિબ્રેશનની સ્પીચ આપી હતી.

ન્યૂ ઝીલેન્ડની ચેમ્પિયન કેપ્ટન સોફી ડિવાઇને ટીમના થીમ સોન્ગથી સૌના દિલ જીતી લીધા હતા. ■

# બજરંગ અને વિનેશે ટ્રાયલ્સમાં છૂટછાટ લેવાથી વિરોધ પ્રદર્શનની છબિ પ્રભાવિત થઈ: સાક્ષી મલિક

નવી દિલ્હી : ભૂતપૂર્વ ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલ વિજેતા કુસ્તીબાજ સાક્ષી મલિકે કહ્યું કે વિનેશ ફોગાટ અને બજરંગ પૂનિયાના ગયા વર્ષે એશિયન ગેમ્સના ટ્રાયલ્સમાંથી મુક્તિ લેવાના નિર્ણયથી બ્રિજભૂષણ શરણ સિંહ વિરુદ્ધ તેમના વિરોધ પ્રદર્શનની છબિ પ્રભાવિત થઇ કારણ કે તેમનું આ અભિયાન સ્વાર્થી દેખાવા લાગ્યું હતું.

સાક્ષી આ વિરોધના ત્રણ મુખ્ય કુસ્તીબાજોમાંની એક હતી. તેણે તાજેતરમાં જ રિલીઝ થયેલું તેનું પુસ્તક 'વિટનેસ'માં પોતાની કારકિર્દીના સંઘર્ષ વિશે પણ લખ્યું છે. તેણે લખ્યું છે કે જ્યારે બજરંગ અને વિનેશની નજીકના લોકોએ તેમના મનમાં લાલચ ભરવાનું શરુ કર્યું ત્યારે તેમના વિરોધ પ્રદર્શનમાં તિરાડ પડવા લાગી હતી.

ત્રણેયએ રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ડબલ્યૂએફઆઇ)ના ભૂતપૂર્વ વડા બ્રિજભૂષણ શરણ સિંહ પર તેમના કાર્યકાળ દરમિયાન મહિલા કુસ્તીબાજોનું જાતીય સતામણી કરવાનો આરોપ લગાવ્યો હતો અને આ કેસ દિલ્હીની કોર્ટમાં ચાલી રહ્યો છે.

ડબલ્યૂએફઆઇના સસ્પેન્શન પછી કુસ્તીનું સંચાલન શરૂ કરનાર એડ-હોક સમિતિએ ૨૦૨૩ એશિયન ગેમ્સના ટ્રાયલ્સ માટે બજરંગ અને વિનેશને છૂટ આપી હતી પરંતુ સાક્ષીએ તેના સાથી ખેલાડીઓના સૂચન છતાં તેમ ન કરવાનો નિર્ણય લીધો હતો પરંતુ વિનેશ ભાગ લઈ શકી નહોતી ગેમ્સ પહેલા ઈજાગ્રસ્ત થઈ હતી અને બજરંગ મેડલ જીતવામાં નિષ્ફળ ગયો હતો.

સાક્ષીની આત્મકથાના સહ લેખક જોનાથન સેલ્વરાજ છે. જોકે, સાક્ષીએ બજરંગ અને વિનેશને પ્રભાવિત કરનારા લોકોના નામ જાહેર કર્યા નથી. સાક્ષીએ લખ્યું હતું કે, પહેલાની જેમ સ્વાર્થી વિચારે ફરી પ્રભુત્વ જમાવ્યું હતું. બજરંગ અને વિનેશની નજીકના લોકો તેમના મનમાં લાલચ ભરવા લાગ્યા. તેઓએ રમતગમત માટે ટ્રાયલમાંથી મુક્તિ મેળવવાની વાત શરૂ કરી હતી.

તેણે લખ્યું, બજરંગ અને વિનેશની ટ્રાયલમાંથી મુક્તિની સારી અસર થઈ નહોતી. આનાથી અમારા વિરોધ પ્રદર્શનની છબી પર ખરાબ અસર પડી હતી. આના કારણે અમે એવી સ્થિતિ પર પહોંચી ગયાં જેમાં ઘણા સમર્થકોએ વિચારવાનું શરૂ કર્યું કે અમે આ વિરોધ અમારા પોતાના સ્વાર્થ માટે કરી રહ્યા છીએ.

હરિયાણા વિધાનસભા ચૂંટણી પહેલા આ મહિનાની શરૂઆતમાં વિનેશ અને બજરંગ બંને કોંગ્રેસ પાર્ટીમાં જોડાયાં હતાં. વિનેશ જુલાના વિધાનસભાથી જીત્યા જ્યારે બજરંગ પાર્ટીના રાષ્ટ્રીય ખેડૂત એકમના વડા બન્યા હતા.

સાક્ષીએ પુસ્તકમાં જણાવ્યું કે તે તેના બાળપણના ટ્યૂશન શિક્ષક દ્વારા કરવામાં આવેલી છેડતી વિશે તેના પરિવારને કહી શકી નહીં કારણ કે તેને લાગતું હતું કે આ તેની ભૂલ હતી. ■

# હાલમાં કોઈ દર્દ નથી, ઓસ્ટ્રેલિયાની સિરીઝને હજુ ઘણો સમય છે: મોહમ્મદ શમી

ગુરુગ્રામ : ભારતના અનુભવી ઝડપી બોલર મોહમ્મદ શમીની ફિટનેસને લઈને ઘણી અટકળો ચાલી રહી છે, પરંતુ તેણે સોમવારે કહ્યું હતું કે તેને હવે કોઈ દુખાવો થઇ રહ્યો નથી અને તે હવે આવતા મહિને શરૂ થઈ રહેલા ઓસ્ટ્રેલિયાના પ્રવાસ માટેની રેસમાંથી બહાર થયો નથી.

બેંગલુરુમાં ન્યૂ ઝીલેન્ડ સામે ભારતની શરૂઆતની ટેસ્ટ સમાપ્ત થયા બાદ તેણે નેટ્સમાં બોલિંગ કરી હતી. જો કે, થોડા દિવસો પહેલા કેપ્ટન રોહિત શર્માએ ખુલાસો કર્યો હતો કે તેના ઘૂંટણમાં સોજો હતો જેના કારણે ગયા વર્ષે પગની ઘૂંટીની ઈજામાંથી બહાર આવવા માટે તેનું રિહેબિલિટેશનને અસર પડી હતી.

'યૂજેનિક્સ હેર સાયન્સ' દ્વારા આયોજિત એક કાર્યક્રમ દરમિયાન ૩૪ વર્ષીય બોલરે પોતાની ક્રિકેટ સફર અંગે બોલતા કહ્યું હતું કે "ગઈકાલે મેં જે રીતે બોલિંગ કરી તેનાથી હું ખુશ છું. અગાઉ હું અડધા રન-અપ સાથે બોલિંગ કરતો હતો કારણ કે હું વધારે દબાણ લેવા માંગતો ન હતો. પરંતુ ગઈકાલે મેં સંપૂર્ણ રન-અપ સાથે બોલિંગ કરી હતી.

ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ૨૨ નવેમ્બરથી પર્થમાં શરૂ થનારી પાંચ મેચની ટેસ્ટ શ્રેણીનો ઉલ્લેખ કરતા શમીએ કહ્યું હતું કે , મને હવે કોઈ દર્દ નથી. તમામ લોકો બધા લાંબા સમયથી વિચારી રહ્યા છે કે શું હું ઓસ્ટ્રેલિયા સિરીઝ માટે જઈ શકીશ કે નહીં, પરંતુ હજુ તેમાં થોડો સમય બાકી છે.

રોહિતે કહ્યું હતું કે તે ફિટનેસના કારણે મહત્ત્વની શ્રેણી માટે શમીને લેવાના પક્ષમાં નથી. શમીએ એમ પણ કહ્યું કે તે હાલ ચાલી રહેલી રણજી ટ્રોફીમાં તેની રાજ્યની ટીમ બંગાળ માટે કેટલીક મેચ રમવા માગે છે. તેણે કહ્યું હતું કે , મારા મગજમાં એક જ વાત છે કે હું ફિટ રહું અને ઓસ્ટ્રેલિયા શ્રેણી માટે હું કેટલો મજબૂત બની શકું. મારે મેદાન પર વધુ સમય પસાર કરવો પડશે. શમીએ કહ્યું, હું આ પહેલા કેટલીક રણજી મેચ રમવા માગુ છું. આ ઈજાને કારણે તે ૧૯ નવેમ્બરે ઓસ્ટ્રેલિયા સામે ૨૦૨૩ વન-ડે વર્લ્ડ કપની ફાઇનલ પછી ભારત તરફથી રમ્યો નથી. ■

# જર્મની વિરુદ્ધ ટેસ્ટ મેચ માટે વરુણ કુમારની ભારતીય હોકી ટીમમાં વાપસી, શ્રીજેશ વિના ઊતરશે ભારત

નવી દિલ્હી: ડિફેન્ડર વરુણ કુમારની અહીંના મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમમાં ૨૩ અને ૨૪ ઓક્ટોબરે યોજાનારી જર્મની સામેની બે ટેસ્ટ મેચ માટે ભારતીય હોકી ટીમમાં વાપસી થઇ છે. વરુણ પેરિસ ઓલિમ્પિક અને એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની ટીમમાં એક જૂનિયર વોલીબોલ ખેલાડી દ્વારા જાતીય સતામણીના આરોપોના કારણે સ્થાન મેળવી શક્યો ન હતો.

ફેબ્રુઆરીમાં બેંગલૂરુ પોલીસે વરુણ પર પોક્સો એક્ટ હેઠળ આરોપ મુક્યો હતો, જ્યારે ૨૨ વર્ષની એક યુવતીએ આરોપ લગાવ્યો હતો કે જ્યારે તે સગીર હતી ત્યારે વરુણે છેલ્લા પાંચ વર્ષમાં વારંવાર તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. હોકી ઈન્ડિયાના સૂત્રોએ જણાવ્યું કે વરુણને તમામ આરોપોમાંથી ક્લીનચીટ મળ્યા બાદ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

હરમનપ્રીત સિંહની કેપ્ટનશિપ હેઠળની ભારતીય ટીમને મિડફિલ્ડર હાર્દિક સિંહની ખોટ પડશે. જે ઓલિમ્પિકમાં થયેલી ઈજામાંથી સ્વસ્થ થયો નથી. રાજિન્દર સિંહ અને આદિત્ય અર્જુન લાલાગે આ સિરીઝથી ડેબ્યૂ કરશે. મિડફિલ્ડમાં મનપ્રીત સિંહ, વિવેક સાગર પ્રસાદ, વિષ્ણુ કાંત સિંહ, નીલાકાંતા શર્મા, શમશેર સિંહ, મોહમ્મદ રહીન મૌસિન અને રાજિંદર સિંહ હશે.

એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી દરમિયાન બ્રેક બાદ મનદીપ સિંહ ફોરવર્ડ લાઇનમાં પરત ફર્યો છે. તેની સાથે સુખજીત સિંહ, અભિષેક, આદિત્ય અર્જુન લાલાગે, દિલપ્રીત સિંહ અને શિલાનંદ લાકડા હશે. ટીમને લઈને કોચ ક્રેગ ફુલટને કહ્યું, અમે જર્મની સામે રમવા માટે ખૂબ જ ઉત્સાહિત છીએ. અમે એક અનુભવી ટીમ પસંદ કરી છે અને તેમાં ઘણા ખેલાડીઓ એવા છે જેમણે પેરિસ ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે. રાજિન્દર અને આદિત્ય આંતરરાષ્ટ્રીય હોકીમાં ડેબ્યૂ કરશે, કેમ્પમાં ખૂબ જ સારું પ્રદર્શન કર્યું છે.

### ભારતીય ટીમ:

ગોલકીપર્સ: કૃષ્ણ બહાદુર પાઠક અને સૂરજ કરકેરા

ડિફેન્ડર્સ: હરમનપ્રીત સિંહ, જરમનપ્રીત સિંહ, અમિત રોહિદાસ, વરુણ કુમાર, સુમિત, નીલમ સંજીપ સેસ અને સંજય.

મિડફિલ્ડર: મનપ્રીત સિંહ, વિવેક સાગર પ્રસાદ, વિષ્ણુ કાંત સિંહ, નીલાકાંતા શર્મા, શમશેર સિંહ, મોહમ્મદ રહીન મૌસિન અને રાજિંદર સિંહ.

ફોરવર્ડ: મનપ્રીત સિંહ, સુખજીત સિંહ, અભિષેક, આદિત્ય અર્જુન લાલાગે, દિલપ્રીત સિંહ અને શિલાનંદ લાકડા. ■

# કડક સુરક્ષા વચ્ચે શાકિબ અલ હસન પર ફેન્સનો હુમલો

## ઢાકામાં વિરોધ પ્રદર્શન દરમિયાન બની ઘટના

ઢાકા: બાંગ્લાદેશના દિગ્ગજ ક્રિકેટર શાકિબ અલ હસનનો વિવાદ શાંત થવાનું નામ લઇ રહ્યો નથી. રવિવારે ઢાકામાં કડક સુરક્ષા વચ્ચે વિરોધ કરી રહેલા શાકિબ અલ હસનના ચાહકો પર લોકોના એક જૂથે હુમલો કર્યો હતો. શાકિબ અલ હસન બાંગ્લાદેશમાં દક્ષિણ આફ્રિકા સામેની શ્રેણી રમ્યા બાદ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવા માગતો હતો. બીસીબીએ તેની વિનંતીનો હકારાત્મક પ્રતિસાદ આપ્યો અને તેને દક્ષિણ આફ્રિકા સામેની ટીમમાં સામેલ કર્યો હતો. જો કે, બાંગ્લાદેશ સરકારે તેને અમેરિકાથી બાંગ્લાદેશ પરત ફરતી વખતે સુરક્ષા કારણોસર દુબઈ થઈને દેશમાં પ્રવેશ ન કરવાની સલાહ આપી હતી.

બાંગ્લાદેશમાં વિદાય ટેસ્ટ રમવા પર શાકિબના પ્રતિબંધ સામે ચાહકો ઘણા દિવસોથી મીરપુરના ક્રિકેટ સ્ટેડિયમની બહાર વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા. રવિવારે અચાનક એક ટોળાએ તેના પર લાકડીઓ વડે હુમલો કર્યો હતો. ત્યાં હાજર સૈન્ય અને પોલીસ જવાનોએ પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. શાકિબ સત્તાવાર રીતે ૨૦૨૩માં અવામી લીગ પાર્ટીમાં જોડાયો હતો. તેમણે ૨૦૨૪ની બાંગ્લાદેશ સામાન્ય ચૂંટણીમાં લડવા માટે મગુરા-૧ સંસદીય બેઠક પરથી અવામી લીગના ઉમેદવાર તરીકે નોમિનેશન ફાઇલ કર્યું હતું, જેમાં તેઓ જીત્યા હતા.

બે મહિના પહેલા વિદ્યાર્થીઓની આગેવાની હેઠળના આંદોલનના અઠવાડિયાના વિરોધ અને અથડામણ પછી બાંગ્લાદેશના વડા પ્રધાન શેખ હસીનાની હકાલપટ્ટી કરવામાં આવી હતી જેમાં ૬૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા. હસીના (૭૬) ૫ ઓગસ્ટના રોજ ભારત આવ્યા હતા અને નોબેલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસના નેતૃત્વમાં વચગાળાની સરકારની રચના કરવામાં આવી હતી.

અવામી લીગના નેતાઓ અને સમર્થકોને જુલાઈ-ઓગસ્ટના વિદ્રોહ દરમિયાન કથિત રીતે ગુના કરવા બદલ તેમની સામે ડઝનેક કેસોનો સામનો કરવો પડે છે. શાકિબ અલ હસન આ કેસોમાં આરોપીઓમાંનો એક છે, પરંતુ તે દક્ષિણ આફ્રિકા સામેની ટેસ્ટ શ્રેણી બાદ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવા માગતો હતો. ■

# ચેતેશ્વર પૂજારાએ રણજી ટ્રોફીમાં ફટકારી બેવડી સદી

રાજકોટ: ભારતના સ્ટાર બેટ્સમેન ચેતેશ્વર પૂજારા હાલમાં ભલે ભારતીય ટેસ્ટ ટીમમાં નથી પરંતુ તે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં સતત સારું પ્રદર્શન કરી રહ્યો છે. પૂજારાએ રણજી ટ્રોફીમાં છત્તીસગઢ સામે સૌરાષ્ટ્ર તરફથી રમતા બેવડી સદી ફટકારી હતી. નોંધનીય છે કે પૂજારા ૨૩૪ રન ફટકારી આઉટ થયો હતો. તેણે ૨૫ ફોર અને ૧ સિક્સ પણ ફટકારી હતી. આ ઈનિંગના કારણે પૂજારાએ વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેન બ્રાયન લારાના ફર્સ્ટ ક્લાસની સદીના રેકોર્ડને પાછળ છોડી દીધો હતો.

ચેતેશ્વર પૂજારાની આ ૬૬મી ફર્સ્ટ ક્લાસ સદી હતી, જેણે લારાના ૬૫ સદીના રેકોર્ડને પાછળ છોડી દીધો હતો. વિનોદ કાંબલી અને સુબ્રમણ્યમ બદ્રીનાથને પાછળ છોડીને આ તેની ૨૫મી રણજી ટ્રોફી સદી પણ હતી અને હવે તે આ યાદીમાં માત્ર પારસ ડોગરાથી પાછળ છે. સક્રિય ખેલાડીઓમાં ચેતેશ્વર પૂજારા રણજી ટ્રોફીની સદીઓમાં સૌથી આગળ છે. ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં પૂજારાની આ ૧૮મી બેવડી સદી હતી.

પૂજારા હવે સૌથી વધુ ફર્સ્ટ ક્લાસ સદીઓ સાથે ટોચના ત્રણ ભારતીય ખેલાડીઓની નજીક પહોંચી ગયો છે. તે રાહુલ દ્રવિડથી બે સદી પાછળ છે, જેણે તેની કારકિર્દીમાં ૬૮ સદી ફટકારી હતી. તે સચિન તેંડુલકર અને સુનીલ ગાવસ્કરથી પણ પાછળ છે, જેમણે ૮૧-૮૧ સદી ફટકારી હતી.

છત્તીસગઢ સામેની સદી દરમિયાન તેણે ૨૧,૦૦૦ ફર્સ્ટ ક્લાસ રનનો આંકડો પણ પાર કર્યો હતો. જે ગાવસ્કર, તેંડુલકર અને દ્રવિડ પછી આવું કરનાર ચોથો ભારતીય ખેલાડી બન્યો હતો. ગાવસ્કર હાલમાં ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૨૫૮૩૪ રન સાથે ટોચ પર છે. પૂજારા પાસે હવે ૨૦૨૪માં છ સદી છે. જે તેણે સૌરાષ્ટ્ર અને કાઉન્ટી ચેમ્પિયનશિપમાં સસેક્સ તરફથી રમતી વખતે ફટકારી છે. ૩૬ વર્ષીય ચેતેશ્વર પૂજારાએ પોતાની કારકિર્દીમાં ૧૦૩ આંતરરાષ્ટ્રીય ટેસ્ટ મેચ રમી છે. દરમિયાન તેણે ૧૭૬ ઇનિંગ્સમાં ૪૩.૬ની એવરેજથી ૭૧૯૫ રન કર્યા છે જેમાં ૧૯ સદી અને ૩૫ અડધી સદી સામેલ છે. પૂજારાએ ટીમ ઈન્ડિયા માટે પાંચ વનડે પણ રમી છે, જેમાં તેનું પ્રદર્શન ખાસ રહ્યું ન હતું. વન-ડે ફોર્મેટમાં તેના નામે માત્ર ૫૧ રન છે. ■

# ભારત આવતા વર્ષે ચેલેન્જર સ્તરની સ્પર્ધાઓનું આયોજન કરશે

નવી દિલ્હી: ઓલ ઈન્ડિયા ટેનિસ એસોસિએશન (એઆઈટીએ) એ સોમવારે પુષ્ટી કરી હતી કે દેશ ફેબ્રુઆરી ૨૦૨૫માં ચાર એટીપી ચેલેન્જર ટૂર્નામેન્ટની યજમાની કરશે જેની શરૂઆત ચેન્નઈમાં એટીપી ૧૦૦ ટૂર્નામેન્ટથી થશે. એઆઇટીએએ એક પ્રેસ રીલિઝમાં જણાવ્યું હતુ કે એટીપીએ ચેલેન્જર ઈવેન્ટ્સની તારીખો અને સ્થળોને મંજૂરી આપી દીધી છે. ચેન્નઈ ૩ ફેબ્રુઆરીથી તેનું આયોજન કરશે. આ પછી બેંગલૂરુ (૧૦મી ફેબ્રુઆરીથી), પુણે (૧૭મી ફેબ્રુઆરીથી) અને નવી દિલ્હી (૨૪મી ફેબ્રુઆરીથી) ચેલેન્જર ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવશે. ચેન્નઈ, બેંગલૂરુ અને પુણેમાં ટૂર્નામેન્ટ એટીપી ૧૦૦ સ્તરે યોજાશે, જ્યારે દિલ્હીમાં ચોથી ટૂર્નામેન્ટ એટીપી ૭૫ સ્તર પર યોજાશે. ■

# કોટક બૅંકના કડાકાને કારણે સેન્સેક્સમાં ગાબડું, નિફ્ટી ૨૪,૮૦૦ની નીચે સરક્યો, બંને બેન્ચમાર્કમાં ૭૩ પોઈન્ટ લપસ્યા!

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કોટક મહિન્દ્રા બેન્કના અપેક્ષાથી ઊણાં પરિણામને કારણે તેના શેરમાં પડેલા કડાકા તેમ જ વિદેશી ફંડોની એકધારી વેચવાલીને કારણે કથળેલા સેન્ટિમેન્ટ વચ્ચે બંને બેન્ચમાર્ક નેગેટીવ ઝોનમાં ધકેલાયા હતા. સેન્સેક્સ ૭૩.૪૮ પોઈન્ટ અથવા ૦.૦૯ ટકા ઘટીને ૮૧,૧૫૧.૨૭ પોઇન્ટના સ્તરે સેટલ થયો હતો. પ્રારંભિક સત્રમાં બેરોમીટર ૫૪૫ પોઈન્ટ ઊછળ્યો હતો, પરંતુ પાછળથી વેચવાલીનું દબાણ શરૂ થતાં તે ૮૦,૮૧૧.૨૩ પોઇન્ટની નીચી સપાટીને અથડાયો હતો. આ રીતે દિવસ દરમિયાન ૯૫૮.૭૯ પોઈન્ટની અફડાતફડી જોવા મળી હતી. જ્યારે નિફ્ટી ૭૨.૯૫ પોઈન્ટ અથવા ૦.૨૯ ટકા ઘટીને ૨૪,૭૮૧.૧૦ પોઇન્ટ પર સ્થિર થયો હતો.

સેન્સેક્સની ૩૦ કંપનીમાંથી, કોટક મહિન્દ્રા બેંક ચાર ટકાથી વધુ કડાકો બોલાયો હતો. કંપનીના પરિણામે રોકાણકારોને નિરાશ કર્યા હોવાથી આ શેરમાં વેચવાલીનું દબાણ વધ્યું હતું. જ્યારે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં એકીકૃત ધોરણે રૂ. ૧૭,૮૨૫.૯૧ કરોડના ચોખ્ખા નફામાં છ ટકાનો વધારો નોંધાવ્યા બાદ એચડીએફસી બેન્કમાં લગભગ ત્રણ ટકાનો વધારો જોવા મળ્યો હતો.

આ ઉપરાંત બજાજ ફિનસર્વ, ઇન્ડસઇન્ડ બેંક, અદાણી પોટ્ર્સ, અલ્ટ્રાટેક સિમેન્ટ, બજાજ ફાઇનાન્સ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ, ઇન્ફોસીસ, ભારતી એરટેલ, હિન્દુસ્તાન યુનિલિવર અને જેએસડબ્લ્યુ સ્ટીલ અન્ય ઘટનારા શેરોમાં સામેલ હતા. એશિયન પેઈન્ટ્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, મારુતિ અને ટેક મહિન્દ્રા વધનારા શેરોમાં સામેલ હતા.

વારી એનર્જીનું ભરણું ખુલવાના થોડા જ સમયમાં ભરાઇ ગયું હતું. શાપૂરજી પલોનજી જૂથની ફર્મ એફકોન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ રૂ. ૫,૪૩૦ કરોડના પ્રારંભિક જાહેર ઓફર સાથે ૨૫ ઓક્ટોબરે મૂડીબજારમાં પ્રવેશ કરશે. પ્રાઇસ બેન્ડ શેર દીઠ રૂ. ૪૪૦-૪૬૩નો નક્કી થઇ છે, ભરણું ૨૯મી ઓકટોબરે બંધ થશે. ફ્રેશ ઇશ્યૂ રૂ. ૧,૨૫૦ કરોડ અને ઓએફએસનો હિસ્સો રૂ. ૪,૧૮૦ કરોડનો છે.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં એચડીએફસી બેન્ક ૨.૮૩ ટકા, એશિયન પેઈન્ટ્સ ૧.૫૮ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૯૧ ટકા, ટેક મહિન્દ્ર ૦.૭૮ ટકા, રિલાયન્સ ૦.૭૬ ટકા, મારુતિ ૦.૪૬ ટકા, લાર્સન ૦.૨૮ ટકા, નેસ્લે ૦.૨૭ ટકા અને એનટીપીસી ૦.૦૮ ટકા વધ્યા હતા. જ્યારે કોટક બેન્ક ૪.૨૯ ટકા, બજાજ ફિનસર્વ ૩.૦૫ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૨.૮૬ ટકા, અદાણી પોટ્ર્સ ૨.૧૫ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૯૩ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૬૩ ટકા, ઈન્ફોસિસ ૧.૪૦ ટકા, જેએસડબલ્યુ સ્ટીલ ૧.૧૧ ટકા, ભારતી એરટેલ ૧.૧૦ ટકા, તાતા કન્સલ્ટન્સી ૧.૦૬ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૦.૮૧ ટકા, અને એચસીએલ ટેકનોલોજી ૦.૭૯ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) એ શુક્રવારે રૂ. ૫,૪૮૫.૭૦ કરોડના મૂલ્યની ઇક્વિટી ઓફલોડ કરી હતી. જોકે, ડોમેસ્ટિક ઇન્સ્ટિટ્યુશનલ ઇન્વેસ્ટર્સ (ડીઆઇઆઇ)એ રૂ. ૫,૨૧૪.૮૩ કરોડની ઇક્વિટી ખરીદી હતી.

એશિયન બજારોમાં, ટોકિયો અને હોંગકોંગ નીચા મથાળે સ્થિર થયા હતા, જ્યારે સિઓલ અને શાંઘાઈ ઊંચા સ્તરે બંધ થયા. યુરોપિયન બજારો નીચામાં ટ્રેડ થઈ રહ્યા હતા. શુક્રવારે યુએસ બજારો ઊંચા સ્તરે બંધ થયા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૦૪ ટકા વધીને ૭૩.૮૨ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. બજાર માટે મોટાભાગના અસરકર્તા પરિબળો ડિસ્કાઉન્ટ થઇ ગયા છે, પછી તે ઇઝરાયલ અને ઇરાનના અણુ યુદ્ધનો ભય હોય કે વિશ્વના સેન્ટ્રલ બેન્કોના સ્ટાન્સ અને નીતિ નિર્ણયો અથવા ક્રૂડ ઓઇલ સંદર્ભે ઓપેક દેશના નિર્ણયો! અલબત્ત કોઇ નવી અને મોટી ઘટના બનશે તો તેની અસર અવશ્ય વર્તાશે પરંતુ અત્યારે તો સટોડિયાઓએ તમામ સંભાવના સ્વીકારી લીધી હોય એવું લાગે છે. બજારના સાધનો અનુસાર અમેરિકન બજારો નવી વિક્રમી ઉંચી સપાટી બનાવી રહ્યા




છે ત્યારે વૈશ્વિક શેરબજારની તેજી અકબંધ જોવા મળી રહી છે. ક્રૂડ ઓઇલમાં સતત ઘટાડો અને યુએસ બોન્ડમાં સ્થિરતા પશ્ચિમ એશિયાઇ દેશોમાં લાંબા સમયથી ચાલી રહેલા યુદ્ધને કારણે તણાવગ્રસ્ત પરિસ્થિતિ હોવા છતાં શેરબજારે સ્થિતિસ્થાપકતા જાળવી છે.

કોર્પોરેટ ક્ષેત્રના બીજા ત્રિમાસિક સમયગાળાના પરિણામ ઉપરાંત વિદેશી સંસ્થાકીય રોકાણકારોના વલણ અને વેચવાલી, મેન્યુફેકચરર્સ પીએમઆઇના ડેટા સહિતના પરિબળો, ક્રૂડના ભાવની વધઘટ, ફોરેક્સ માર્કેટમાં ડોલર અને રૂપિયાની સ્થિતિ વગેરે બાબતો બજારના માનસ પર સત્ર પૂરતી અસર બતાવશે. ટૂંકમાં કંપની પરિણામો પર નજર સાથે બજારમાં શેરલક્ષી કામકાજ અને કોન્સોલિડેશન જોવા મળશે.

આ સપ્તાહમાં ચાલુ સપ્ટેમ્બર ક્વાર્ટરની કમાણીની સિઝનને કારણે બજાર સતત શેરલક્ષી કામકાજ સાથે કોન્સોલિડેશન મોડમાં રહેવાની ધારણા છે, પરંતુ બેન્કિંગ અને ફાઇનાન્શિયલ સ્પેસમાંથી ટેકો મળી શકે છે, જે ગયા સપ્તાહના આઉટપરફોર્મર છે. અમેરિકાની ચૂંટણી પહેલા ભૌગોલિક રાજકીય તણાવ અને સોનાના ભાવમાં હિલચાલ પર પણ નજર રાખવામાં આવશે, એમ નિષ્ણાતોએ જણાવ્યું હતું. બજારનું ફોકસ કૃષિ ક્ષેત્ર, પાવર, ડીજીટલ, ઇન્ફ્રા અને એફએમસીજી જેવા સેકટર પર રહેવાની ધારણાં છે.

વિદેશી ફંડોએ ઓકટોબરમાં દસ અબજ ડોલરના શેર ઠાલવીને એક નવો વિક્રમી આંકડો સ્થાપ્યો છે. ઑક્ટોબરના તમામ દિવસોમાં વિદેશી સંસ્થાકીય ફંડ (એફઆઇઆઇ) ચોખ્ખા વેચાણકર્તા રહ્યા હતા, જેમણે કેશ સેગમેન્ટમાં રૂ. ૮૦,૨૧૮ કરોડના શેરનું વેચાણ કર્યું હતું, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ સમાન ગાળામાં રૂ. ૭૪,૧૭૬ કરોડના શેરની ખરીદી કરી હતી.

દરમિયાન, આ સપ્તાહે પ્રાઇમરી માર્કેટનું શેડ્યૂલ ચુસ્ત રહેશે, જેમાં મેઇનબોર્ડ સેગમેન્ટમાં ચાર સહિત દલાલ સ્ટ્રીટમાં નવ નવા આઇપીઓ આવશે. રૂ. ૪,૩૨૧ કરોડનો વારી એનર્જીનો આઇપીઓ અને દીપક બિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ દ્વારા રૂ. ૨૬૦ કરોડનો પબ્લિક ઇશ્યુ ૨૧ ઓક્ટોબરના રોજ સબસ્ક્રિપ્શન માટે ખુલશે. ગોદાવરી બાયોરીફાઇનરીઝના રૂ. ૫૫૫ કરોડના પ્રારંભિક શેરનું વેચાણ ૨૩ ઓક્ટોબરથી શરૂ થશે અને એફકોન ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેનો રૂ. ૫,૪૩૦ કરોડનો આઇપીઓ ૨૫ ઓક્ટોબરે લોન્ચ કરશે.

એ જ રીતે, એસએમઇ સેગમેન્ટમાં, પાંચ કંપનીઓ પ્રીમિયમ પ્લાસ્ટ, ડેનિશ પાવર, યુનાઇટેડ હીટ ટ્રાન્સફર, ઓબીએસસી પરફેકશન અને ઉષા ફાઇનાન્શિયલ સર્વિસિસ, જાહેર ઇશ્યૂ લોન્ચ કરશે, જ્યારે ફ્રેશરા એગ્રો એક્સપોટ્ર્સ ૨૧ ઓક્ટોબરે તેનો આઇપીઓ બંધ કરશે. લિસ્ટિંગના મોરચે, હ્યુન્ડાઇ મોટર ઇન્ડિયાનું બહુપ્રતીક્ષિત શેર મેગા આઇપીઓ પછી ૨૨ ઓક્ટોબરે સેકન્ડરી માર્કેટમાં પ્રવેશ કરશે.

સોમવારે બીએસઈ સેન્સેકસ ગત શુક્રવારના ૮૧,૨૨૪.૭૫ના બંધથી ૭૩.૪૮ પોઈન્ટ્સ (૦.૦૯ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ.૪.૫ લાખ કરોડ ઘટીને રૂ. ૪૫૩.૬૫ લાખ કરોડ રહ્યું હતું.

સેન્સેકસ ૮૧,૭૭૦.૦૨ ખૂલીને ઊંચામાં ૮૧,૭૭૦.૦૨ સુધી અને નીચામાં ૮૦,૮૧૧.૨૩ સુધી જઈને અંતે ૮૧,૧૫૧.૨૭ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. બીએસઈ સેન્સેક્સની નવ સ્ક્રિપ્સ વધી હતી અને ૨૧ સ્ક્રિપ્સ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૧૭૫ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૧૨૩ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૯૧૪ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૩૮ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૨૫૪ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૭૧ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૧.૬૩ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૫૧ ટકા ઘટ્યો હતો. સ્ટ્રટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૯૩ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૪૧ ટકા ઘટ્યો હતો.

સેકટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ ઓટો એકમાત્ર ૦.૨૭ ટકા વધ્યો હતો. અન્ય સેકટરલ ઈન્ડેક્સ ઘટ્યા હતા. સર્વિસીસ ૧.૯૨ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૬૮ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૬૫ ટકા, રિયલ્ટી ૧.૫૨ ટકા, મેટલ ૧.૪૪ ટકા, પાવર ૧.૪૨ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૪૧ ટકા, કોમોડિટીઝ ૧.૪ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૧.૩૧ ટકા, એનર્જી ૧.૨૫ ટકા, ટેક ૧.૨૨ ટકા, એફએમસીજી ૧.૨૧ ટકા, હેલ્થકેર ૦.૮૬ ટકા, યુટિલિટીઝ ૦.૮૧ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૮ ટકા, કંઝ્યુંમર ડ્યુરેબલ્સ ૦.૫૯ ટકા, કંઝ્યુમર ડિસ્કેશનરી ૦.૩૮ ટકા, બેન્કેક્સ ૦.૩૬ ટકા અને ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૨૫ ટકા ઘટ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં શુક્રવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૧૪૧.૪૪ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૦૮૪ સોદામાં ૧,૬૭૬ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૨૦,૮૦,૭૪૯ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૧,૪૫,૮૫,૩૭૧.૮૦ કરોડનું રહ્યું હતું.

## શૅરબજારને ડોલાવશે ૪૦૦ કંપનીના પરિણામ, જાણો કઇ મુખ્ય કંપનીઓ સામેલ છે?

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: શેરબજારની નજર સપ્ટેમ્બર ક્વાર્ટરની કમાણીની સિઝન પર રહેશે કારણ કે ૨૧ ઓક્ટોબરથી શરૂ થતા સપ્તાહમાં ૪૦૦થી વધુ કોર્પોરેટ ખેલાડીઓ તેમના નાણાકીય પરિણામ જાહેર કરશે. આ સપ્તાહમાં ચાલુ સપ્ટેમ્બર ક્વાર્ટરની કમાણીની સિઝનને કારણે બજાર સતત શેરલક્ષી કામકાજ સાથે કોન્સોલિડેશન મોડમાં રહેવાની ધારણા છે, પરંતુ બેન્કિંગ અને ફાઇનાન્શિયલ સ્પેસમાંથી ટેકો મળી શકે છે, જે ગયા સપ્તાહના આઉટપરફોર્મર છે.

આ કંપનીઓમાં આઇસીઆઇસીઆઇ બેંક, હિન્દુસ્તાન યુનિલિવર, આઇટીસી, અલ્ટ્રાટેક સિમેન્ટ, બજાજ ફાઇનાન્સ, બજાજ ફિનસર્વ, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન, કોલ ઇન્ડિયા અને જેએસડબલ્યુ સ્ટીલ જેવા અગ્રણી નામોનો સમાવેશ થાય છે.

એ જ સાથે એસીસી, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, બેંક ઓફ બરોડા, બજાજ હાઉસિંગ ફાઈનાન્સ, એમએન્ડએમ ફાઈનાન્સિયલ સર્વિસ, ઈન્ટરગ્લોબ એવિએશન, વન ૯૭ કોમ્યુનિકેશન્સ (પેટીએમ), ઝોમેટો, ઇન્ડસ પાવર, આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ લાઈફ ઈન્સ્યોરન્સ, એસબીઆઇ લાઈફ ઈન્સ્યોરન્સ, કોફોર્જ, જેએસડબ્લ્યુ એનર્જી, ટીવીએસ મોટર કંપનીના નાણાકીય પરિણામ પણ જાહેર થશે.

આ ઉપરાંત પર્સિસ્ટન્ટ સિસ્ટમ્સ, યુનાઈટેડ સ્પિરિટ્સ, કોલગેટ પામોલિવ, સીજી પાવર એન્ડ ઈન્ડસ્ટ્રિયલ સોલ્યુશન્સ, વરૂણ બેવરેજિસ, ગોદરેજ પ્રોપર્ટીઝ, કર્ણાટક બેંક, ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, ઈન્ડિયન એનર્જી એક્સચેન્જ, ભારત ઈલેક્ટ્રોનિક્સ, હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન, આઈડીબીઆઈ બેંક, પૂનાવાલા ફિનકોર્પ, ટોરેન્ટ ફાર્મા, યસ બેંક અને આઇડીએફસી ફર્સ્ટ બેંક પણ તેમના ત્રિમાસિક પરિણામ જાહેર કરશે.

## વૈશ્વિક ચાંદીએ ૧૨ વર્ષની ઊંચી ૩૪ ડૉલરની સપાટી કુદાવતા સ્થાનિકમાં ₹ ૪૯૭૧નો તોતિંગ ઉછાળો, સોનું ₹ ૮૦૪ ચમક્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકાની ચૂંટણીના પરિણામોની અનિશ્ચિતતા અને મધ્યપૂર્વના દેશોના તણાવને ધ્યાનમાં લેતા વૈશ્વિક બુલિયન માર્કેટમાં સલામતી માટેની વ્યાપક માગને ટેકે આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ નવી ઊંચી સપાટીએ પહોંચવાની સાથે ચાંદીના ભાવ પણ ૧૨ વર્ષની સર્વોચ્ચ ઔંસદીઠ ૩૪ ડૉલરની સપાટી કુદાવી ગયા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૪૯૭૧નો તોતિંગ ઉછાળો આવ્યો હતો, જ્યારે સોનામાં રૂ. ૮૦૧થી ૮૦૪ની ઝડપી તેજી આગળ ધપી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની આક્રમક સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે વેરા રહિત ભાવ કિલોદીઠ રૂ. ૪૯૭૧ના ઉછાળા સાથે રૂ. ૯૭,૨૫૪ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે




સોનામાં પણ વિશ્વ બજાર ભાવમાં તેજીનું વલણ જળવાઈ રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૦૧ની તેજી સાથે રૂ. ૭૭,૯૦૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૮૦૪ની તેજી સાથે રૂ. ૭૮,૨૧૪ના મથાળે રહ્યા હતા. જોકે, આજે આગઝરતી તેજીના માહોલમાં સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો તેમ જ રિટેલ સ્તરની લેવાલી અત્યંત નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

તાજેતરમાં મધ્યપૂર્વના દેશોમાં વધેલા તણાવ ઉપરાંત અમેરિકાની પ્રમુખપદની ચૂંટણીના પરિણામોની અનિશ્ચિતતાઓ વચ્ચે સોનામાં સલામતી માટેની વ્યાપક માગ ખૂલતાં ભાવમાં તેજીનું વલણ જળવાઈ રહ્યું હોવાનું એએનઝેડના કૉમૉડિટી સ્ટ્રેટેજિસ્ટ સોની કુમારીએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ઔંસદીઠ ભાવ આગલા ગત શુક્રવારની ઔંસદીઠ ૨૭૩૨.૭૩ની વિક્રમ સપાટી કુદાવીને આગલા બંધ સામે ૦.૬ ટકા વધીને ૨૭૩૫.૩૮ ડૉલર આસપાસ નવી ઊંચી સપાટીએ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૭ ટકા વધીને ૨૭૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે લંડન ખાતે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૧.૧ ટકાના ઉછાળા સાથે ઔંસદીઠ ૩૪.૦૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણી તીવ્ર રસાકસીના તબક્કામાં પહોંચી હોવાથી તેમ જ મધ્ય પૂર્વનાં દેશોમાં ઈઝરાયલ-લિબિયા-હિઝબુલ્લાહ વચ્ચે તણાવમાં વધારો થવાને કારણે સોનામાં સલામતી માટેની માગનો પ્રબળ ટેકો મળી રહ્યો હોવાથી આ વર્ષના અંત સુધીમાં સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૨૮૦૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા કેસીએમ ટ્રેડના વિશ્લેષકે વ્યક્ત કરી હતી. વધુમાં અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી નવેમ્બર મહિનાની નીતિ વિષયક બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી શક્યતા ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા છે.

## વિશ્વ બજાર પાછળ કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીને બજારની અપેક્ષા કરતાં વ્યાજદરમાં વધુ માત્રામાં કાપ મૂક્યો હોવાના નિર્દેશો સાથે આજે લંડન ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારો જોવા મળ્યો હતો. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં એકમાત્ર ટીનમાં નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. ત્રણનો ઘટાડો આવ્યો હતો અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા નિકલમાં ખપપૂરતી માગે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે આ સિવાયની તમામ ધાતુઓમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૧ સુધીનો સુધારો જોવા મળ્યો હતો.

તાજેતરમાં ચીને બજારની અપેક્ષા કરતાં વ્યાજદરમાં વધુ કપાત મૂકી હોવાના અહેવાલ સાથે આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ આગલા બંધ સામે ૧.૨ ટકાના ઉછાળા સાથે ટનદીઠ ૯૭૪૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ખાસ કરીને કોપર વાયરબાર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર સ્ક્રેપ હેવીમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૧ વધીને રૂ. ૮૭૦, રૂ. પાંચ વધીને રૂ. ૭૩૭ અને રૂ. ચાર વધીને રૂ. ૭૯૮ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે જે ધાતુઓના ભાવમાં સુધારો જોવા મળ્યો હતો તેમાં કોપર કેબલ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૮૦૬ અને રૂ. ૨૯૧, બ્રાસ શીટ કટિંગ્સ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૫૭૭ અને રૂ. ૧૮૬ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૨૪૫ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૨૭૪૩ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગને ટેકે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને નિકલના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૨૫, રૂ. ૧૯૮ અને રૂ. ૧૪૪૮ના મથાળે ટકેલા રહ્યા હતા.

## દેશી-આયાતી તેલમાં પીછેહઠ, વેપાર નિરસ

### ૧થી ૨૦ ઑક્ટોબર દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ ૮.૫ ટકા વધી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે એકંદરે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે વેપાર અત્યંત પાંખાં રહ્યા હોવાથી તેમ જ મથકો પરના નિરુત્સાહી અહેવાલ રહેતાં આજે દેશી-આયાતી તેલના ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આજે આયાતી તેલમાં માત્ર આરબીડી પામોલિનમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે સોયા અને સન તેલના ભાવમાં અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૫ અને રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. વધુમાં આજે સૌરાષ્ટ્રનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૨૦ અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫ ઘટી આવ્યા હોવાથી સ્થાનિકમાં સિંગતેલના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫નો અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે માત્ર એએનએના આરબીડી પામોલિનના ભાવ કિલોદીઠ રૂ. ૧૨૯૫ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ગોકુલના સન રિફાઈન્ડના રૂ. ૧૨૯૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. જોકે, આજે સ્થાનિકમાં માત્ર સેલરિસેલ ધોરણે છૂટાછવાયા અને રવાનગીના કામકાજો થયાના અહેવાલ હતા.

વધુમાં આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા. ૧થી ૨૦ ઑક્ટોબર દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ ગત સપ્ટેમ્બર મહિનાના સમાનગાળાના ૯,૫૩,૯૮૬ ટન સામે ૮.૫૦ ટકા વધીને ૧૦,૩૬,૮૬૭ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું.

દરમિયાન આજે સ્થાનિકમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦, સન રિફાઈન્ડના રૂ. ૧૨૯૦, સિંગતેલના રૂ. ૧૫૦૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦ અને સરસવના રૂ. ૧૩૯૫ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૩૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૬૦માં થયાના અહેવાલ હતા.

વધુમાં આજે મધ્યપ્રદેશનાં મથકો પર નવા-જૂના માલોની અંદાજે ૩.૫૦ લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૦૦થી ૪૬૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૫૦૦થી ૪૬૫૦માં થયા હતા. તેમ જ આજે રાજસ્થાનનાં મથકો પર અંદાજે ૧.૬૫ લાખ ગૂણી સરસવની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૫૨૫થી ૬૫૫૦માં થયા હતા.

## ડૉલર સામે રૂપિયામાં ટકેલું વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોના બાહ્યપ્રવાહ સાથે નરમાઈનું વલણ જળવાઈ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાંકડી વધઘટે અથડાઈને ગત શુક્રવારની ૮૪.૦૭ની સપાટીએ જ ટકેલા ધોરણે બંધ રહ્યો હતો. જોકે, રોકાણકારાએ વૈશ્વિક રાજકીય-ભૌગોલિક અનિશ્ચિતતાઓને ધ્યાનમાં લેતાં સાવચેતીનો અભિગમ અપનાવ્યો હોવાથી રૂપિયો સાંકડી વધઘટે અથડાઈ ગયો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૪.૦૭ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૪.૦૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪.૦૮ અને ઉપરમાં ૮૪.૦૬ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધની જ ૮૪.૦૭ની સપાટીએ બંધ રહ્યો હતો.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૧૯ ટકા વધીને ૧૦૩.૫૦ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૧.૪૨ ટકાની તેજી સાથે બેરલદીઠ ૭૪.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો.

વધુમાં સ્થાનિક સ્તરે આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૭૩.૪૮ પૉઈન્ટનો અને ૭૨.૯૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૫૪૮૫.૭૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



ગુજરાત હાઈ કોર્ટની ટકોર બાદ પોલીસે રાજકોટની મનપા કચેરીએ હેલ્મેટ ચેકિંગ હાથ ધર્યું હતું, પોલીસના આ ખાસ અભિયાનથી મનપા કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. (તસવીર– પ્રવીણ સેદાણી, રાજકોટ.)

# માતાના મઢમાં દોઢ વર્ષની બાળકીનું સર્પદંશથી મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ચોમાસાની સત્તાવાર વિદાય છતાં અરબી સમુદ્ર પર સર્જાયેલા હવાના હળવા દબાણની અસર હેઠળ સમગ્ર રાજ્યની સાથે-સાથે કચ્છમાં કમોસમી વરસાદના હળવાથી ભારે ઝાપટાં સમયાંતરે આવી રહ્યા છે ત્યારે ઉકળાટ અને ભેજીયા હવામાનને લઈને સામાન્ય જીવાતો તો ઠીક છે પણ સરીસૃપ વર્ગના જીવલેણ સર્પો ભુજ સહીત કચ્છના મોટાભાગના શહેરોમાં રહેણાકના મકાનોમાં ઘૂસી આવતા હોવાના બનાવો સતત વધી રહ્યા છે ત્યારે સીમાવર્તી લખપત તાલુકાના મુખ્ય મથક દયાપર ખાતે આવેલા માતાના મઢ ખાતે જેનબ સુલેમાન કુંભાર નામની દોઢ વર્ષની માસુમ બાળાનો ઝેરી સર્પે દંશ દઈ ભોગ લઇ લેતાં ભારે ગમગીની પ્રસરી જવા પામી છે.

કરુણાંતિકા અંગે જાણવા મળેલી વિગતો અનુસાર, માતાના મઢમાં દોઢ વર્ષની માસૂમ બાળકી જેનબ તેના ઘરના પ્રાંગણમાં અન્ય બાળકો સાથે રમી રહી હતી, ત્યારે બાવળોની ઝાડીમાંથી અંદર ઘૂસી આવેલા કાળોતરા સાપે બે વાર દંશ દેતાં વ્યાકુળ બની ગયેલા પરિજનો બાળકીને નખત્રાણા સારવાર માટે લઇ ગયા હતા, પરંતુ ગણતરીની મિનિટોમાં જેનબનું મોત નીપજ્યું હતું.

હાલ દયાપર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.અત્રે ઉલ્લેખનીય છે કે, વીતેલા એક માસ દરમ્યાન કચ્છમાં સર્પદંશથી બે યુવાનોનાં મોત નીપજ્યાં હતાં. ■

# ભુજ તાલુકાના બાઉખા, કુવાથડા, ભખરિયાની સીમમાં લાગેલાં વીજ ટાવરોમાંથી ૫.૮૪ લાખના વાયરની તસ્કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પૂર્વ કચ્છમાં આતંક ફેલાવનારી કેબલ ચોર ટોળકી પોલીસને પડકાર ફેંકતી હોય તેમ ભુજ તાલુકાના બાઉખા, કુવાથડા અને ભખરિયાના સીમ વિસ્તારમાં સ્થિત ખાનગી કંપનીના ૨૨૦ કે.વી.ના વીજ ટાવરો પરથી રૂા.૫,૮૪,૧૦૦ના મૂલ્યના વાયરોની સિફતપૂર્વક ચોરી કરી જતાં ચકચાર પ્રસરી છે.

ગત ૧૫થી ૧૮મી ઓક્ટોબરના સમયગાળા દરમિયાન કરવામાં આવેલી વાયરની ચોરી અંગે માનકૂવા પોલીસ મથકે, ગ્રીન ઇન્ફ્રાવિન્ડ એનર્જી લિ.કંપનીના મેનેજર સૌરભ પટેલે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, નખત્રાણા તાલુકાના નારણપર-મોસુણા ગામથી નિરોણા સુધીની પવનચક્કીઓ દ્વારા ઉત્પન્ન કરવામાં વીજળીનું વહન કરતી ૨૨૦ કે.વી.ની વીજલાઇન ભુજ તાલુકાના બાઉખા, મકનપર, કુવાથડા, ભખરિયા ગામની સીમમાંથી પસાર થાય છે.

૧૫મીના આ લાઇનમાંથી પાવર આવતો બંધ થઇ ગયો હતો. કવિક રિસ્પોન્સ ટીમે બનાવ સ્થળે જઈને આ લાઇન તપાસતાં ૩૮૬૭ મીટર વાયર ગુમ હતા. ઉપરી અધિકારીઓએ સમગ્ર લાઇન તપાસવાનું જણાવાતાં કુવાથડા સીમના વીજ થાંભલાઓ પરથી ૩૧૨૦ મીટર, નોતિયાર, ભખરિયા સીમમાંથી ૨૭૪૮ મીટર વાયર સહિત કુલ ૫,૮૪,૧૦૦ના મૂલ્યના ૯૭૩૫ મીટર વાયરની ચોરી થઇ હોવાનું માલુમ પડ્યું હતું. પોલીસે આ કેબલ ચોરીનો ભેદ ઉકેલવા અને આ કૃત્યમાં સામેલ અજાણ્યા આરોપીઓને પકડી પાડવા માટે તપાસ આરંભી છે. ■

# ભાવનગરમાં નજીવી બાબતે આધેડ ઉપર પિતા - પુત્રનો હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગરના કણબીવાડ વિસ્તારમાં ડી.જે.માં ડિસ્કો કરતી વખતે કોણી વાગી જતા કાકી ભત્રીજી વચ્ચે બોલાચાલીમાં સમજાવવા ગયેલા આધેડને તેના ભત્રીજી જમાઈ અને દીકરાએ માર મારી છરી વડે ઇજા પહોચાડતા આધેડે બંને વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર ભાવનગરના કરચલીયાપરા, રૂખડીયા હનુમાનજી મંદિર સામે રહેતા શાંતિભાઈ નાથાભાઈ ચૌહાણના મોટા ભાઈ રમેશભાઈના દીકરા સંજયભાઈના દીકરાના કર પ્રસંગે ડી.જે. બોલાવેલ હોય, ડી.જે.માં ડાન્સ કરતી વખતે તેમના મોટાભાઈ જગદીશભાઈની દીકરી સંગીતાબેનને તેમના ભાભી શારદાબેનની કોણી વાગી જતા બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. દરમિયાન શાંતિભાઈ તેમને સમજાવવા જતાં તેમના ભત્રીજી કાજલબેનના પતિ મેહુલભાઈ જીવાભાઇ ચુડાસમા અને તેનો દીકરો જીગરે આવી શાંતિભાઈને ગાળો આપી માર મારી, જીગરે તેની પાસે રહેલ છરી વડે માથાના ભાગે ઈજા પહોંચાડતા શાંતિભાઈને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે શાંતિભાઈ નાથાભાઈ ચૌહાણએ તેમના ભત્રીજી જમાઈ મેહુલભાઈ જીવાભાઇ ચુડાસમા અને તેના દીકરા જીગર વિરુદ્ધ ગંગાજળિયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ■

### જામનગરમાં રોગચાળો વકર્યો:

# બાળદર્દીઓ માટે જી.જી.હોસ્પિટલમાં અલાયદો વોર્ડ શરૂ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગરમાં મિશ્ર ઋતુના કારણે બાળકોમાં વાયરલ ઇન્ફેકશન બેકાબૂ બનતા બાળદર્દીની સંખ્યા વધતા જી.જી.હોસ્પિટલમાં બાળકોનો અલાયદો વોર્ડ શરૂ કરવાની ફરજ પડી છે. મહદઅંશે તાવ, શરદી, ઉધરસના કેસ બાળકોમાં વધુ જોવા મળી રહ્યા છે. ૨૫૯ બાળદર્દી અને ૧૧૦ નવજાતુ શિશુ હોસ્પિટલમાં દાખલ છે. ડેન્ગ્યૂના ૯ બાળદર્દી સારવાર હેઠળ છે. રજા પર ગયેલા ઇન્ટર્ન અને રેસિડેન્ટ તબીબોને તાકીદે ફરજ પર બોલાવામાં આવ્યા છે.

જી.જી.હોસ્પિટલમાં બાળદર્દીઓમાં વધારો થતાં ૫૦ બેડનો અલાયદો વોર્ડ શરૂ કરવાની ફરજ પડી છે. આટલું જ નહીં બહાર અને રજા પર ગયેલા જી.જી.હોસ્પિટલના પીડિયાટ્રીક વિભાગના ઇન્ટર્ન અને રેસિડેન્ટ તબીબોને તાકીદે ફરજ પર બોલાવામાં આવ્યા છે.

જી.જી.હોસ્પિટલમાં દૈનિક ૭૦૦થી વધુ દર્દીઓ ઓપીડીમાં નોંધાય છે. જેમાં દૈનિક સરેરાશ ૨૫ જેટલા ડેન્ગ્યૂના પોઝિટિવ કેસનો સમાવેશ થાય છે. ■



(તસવીર– પ્રવીણ સેદાણી, રાજકોટ.)



રાજકોટ જિલ્લાના લોધીકાના મોટાવડાની સરકારી શાળામાં ધો–૧૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ સુસાઈડ નોટ લખી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. શિક્ષકોએ પરીક્ષામાં ચોરીનો આરોપ લગાવતા વિદ્યાર્થીએ આત્મહત્યા કરતા ભરવાડ સમાજમાં શોકની લાગણી ફેલાઈ હતી, ભરવાડ સમાજના સંતો– આગેવાનો ધ્રુવિલના ઘરે પહોંચ્યા હતા. તેમણે આરોપીઓને કડકમાં કડક સજા થાય તેવી માગ કરી હતી.

# ભાવનગરમાં તહેવારોમાં કાયદો-વ્યવસ્થા જાળવવા પોલીસ તંત્ર સજજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે ભાવનગરની મુખ્ય બજારોમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર સજજ બન્યું છે. બજારમાં ખરીદીની ભીડ દરમિયાન ચોરી લૂંટ, ચીલઝડપ જેવી ઘટનાઓને રોકવા માટે પોલીસ તંત્ર ઉપરાંત વેપારીઓ અને લોકો જાગૃત બને તે માટે પોલીસ તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. આજે એસ.પી.ની અધ્યક્ષતામાં વેપારી આગેવાનો સાથે બેઠક મળી હતી.



આ બેઠકમાં દિવાળીના તહેવારો દરમિયાન ભાવનગરની મુખ્ય બજાર સહિતની બજારોમાં ખરીદી માટે લોકોની સારી એવી ભીડ જોવા મળતી હોય છે, આ ભીડનો લાભ લઈને કેટલાક અસામાજિક તત્ત્વો દ્વારા છેડતી તેમજ શરીર સંબંધી ગુનાઓ આચરવામાં આવતા હોય છે. આ ઉપરાંત ખરીદી માટેની ભીડમાં ખરીદનાર તરીકે આવીને અમુક તત્ત્વો વેપારી પેઢીમાંથી ચોરી કરતા હોય છે તેમજ ખરીદી કરવા આવેલા લોકોની ચીજ વસ્તુઓની પણ ચોરી કરતા હોય છે. આ ઉપરાંત લૂંટ,ચીલઝડપ જેવી ઘટનાઓ બનતી હોય છે. આવી ઘટનાઓને અટકાવવા માટે પોલીસ તંત્ર સજાગ હોય જ છે, સાથોસાથ વેપારીઓ અને લોકો પણ જાગૃતિ દાખવે તો આવી ઘટનાઓને અટકાવી શકાય છે. આ બાબતને અનુલક્ષીને મળેલી બેઠકમાં એસ.પી હર્ષદ પટેલ સહિતના પોલીસ અધિકારીઓ દ્વારા વેપારીઓને દિવાળીની ખરીદી માટેની ભીડ દરમિયાન તેમજ ખાસ કરીને દિવાળીના છેલ્લા પાંચ દિવસો દરમિયાન તકેદારી રાખવા અને આવી કોઈ ઘટના બને તો તુરત જ પોલીસનો સંપર્ક કરવા ઉપરાંત સોની બજાર, હીરા બજાર, આંગડિયા પેઢી, મેન્યુફેક્ચરિંગ યુનિટ સહિતના એકમોમાં સીસીટીવી કેમેરા ચાલુ રાખવા સહિતની બાબતો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. દિવાળીના તહેવારો દરમિયાન પોલીસ તંત્ર દ્વારા બંદોબસ્ત સહિતની કાર્યવાહીમાં પણ વેપારીઓને સહયોગ આપવા જણાવ્યું હતું. આ બેઠકમાં આંગડિયા પેઢી સોની બજાર જીરા બજાર મેન્યુફેક્ચરિંગ યુનિટ સહિતના વેપારી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને પોલીસ તંત્રને સહયોગ આપવા ખાતરી આપી હતી. ■

# જૂનાગઢમાં અણધાર્યા વરસાદથી સોયાબીન,મગફળી અને કપાસનો પાક નિષ્ફળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વિસાવદર ભેસાણ કેશોદ માંગરોળ મેંદરડા સહિતના અનેક વિસ્તારોમાં વરસાદ આફત બન્યો છે. રવિવારે મેંદરડા પંથકમાં ખેડૂતોના તૈયાર પાક પર વરસાદે પાણી ફેરવતા ખેડૂતો પાયમાલ થયા છે. ખેડૂતોએ પોતાના ખેતરમાં તૈયાર થયેલ મગફળીના પાકને સુકવણી માટે મૂક્યો હતો તે સમયે જ વરસાદ થતાં તમામ પાક નિષ્ફળ ગયો હતો.બીજી તરફ કપાસના પાક પર રહેલા જીંડવા પણ જમીન દોષ થયા હતા. સોયાબીનના પાકને મોટા પ્રમાણમાં નુકસાન થયું હોવાનું ખેડૂતો દ્વારા જણાવવામાં આવી રહ્યું છે.ખેડૂતો સરકાર પાસે વહેલી તકે સર્વે કરાવવામાં આવે અને યોગ્ય વળતર ચૂકવવામાં આવે તેવી માગ કરી રહ્યા છે.

મેંદરડા ગામના ખેડૂતોએ જણાવ્યું હતું કે હાલમાં સમગ્ર જુનાગઢ જિલ્લામાં અતિવૃષ્ટિ થઈ છે. જિલ્લાના તાલુકાઓમાં વધુ વરસાદ પડવાના કારણે ખેડૂતોનો પાક ધોવાઈ ગયો છે. જેમાં ખેડૂતોએ ખેતરમાં વાવેલ સોયાબીન ,મગફળી , કપાસનો પાક નિષ્ફળ જતા ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવાયો છે. પાક નિષ્ફળ જતા ખેડૂતોને વીઘે ૧૫ થી ૨૦ હજાર રૂપિયાની નુકસાની થઈ છે. ખેડૂતોએ દેવુ કરી પોતાના ખેતરમાં વાવેતર કર્યું હતું. ત્યારે આ વરસાદે ખેડૂતોને પાયમાલ કર્યા છે. અત્યારે ખેડૂતો પોતાના ઢોરને ચારો આપવા માટે પણ મૂંઝવણમાં મુકાયા છે. ત્યારે સરકાર દ્વારા વહેલી તકે સર્વે કરાવી ખેડૂતોને એક વીઘા દીઠ ૧૫ થી ૨૦ હજાર રૂપિયાની નુકસાની થઈ છે તેનું વળતર ચૂકવે તેવી માગ છે.

મેંદરડા તાલુકાના ખેડૂતોએ જણાવ્યું હતું કે, ચોમાસાની સિઝન પૂરી થતાં ખેડૂતોને આશા બંધાઈ હતી કે ખેતરમાં વાવેલો પાક સારો થશે અને ખેડૂતોએ રોકેલા રૂપિયાનું વળતર પણ સારું મળશે. પરંતુ રવિવારે પાંચથી છ ઇંચ વરસાદ પડ્યો જેના કારણે ખેડૂતોના ખેતરમાં પાણી ભરાયા હતા અને વાવેલા પાકને મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું. જૂનાગઢ જિલ્લા ખેતીવાડી અધિકારી વિક્રમસિંહ ચૌહાણ સાથે વાત કરતા તેમને જણાવ્યું હતું કે, જુનાગઢ જિલ્લાના જે પંથકોમાં વરસાદ પડવાથી ખેડૂતોને નુકસાની થઈ છે. જે મામલે હાલ પ્રાથમિક સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. જે ખેતરોમાં વધુ નુકસાની હશે તેનો પણ સર્વે કરવામાં આવશે. સર્વેનો રિપોર્ટ કર્યા બાદ યોગ્ય વળતર ચૂકવવામાં આવશે. ■

# સૌરાષ્ટ્રમાં સતત વરસાદથી ખેડૂતોને વ્યાપક નુકસાન

## સરકારી સહાય માટે માગ ઉઠી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સૌરાષ્ટ્રમાં છેલ્લા એક અઠવાડિયાથી પડી રહેલા ભારે વરસાદના કારણે મગફળીનો તૈયાર પાક અને સોયાબીન સહિતના પાકોમાં ભારે નુકસાની પહોંચી છે. ખેડૂતોએ ત્રણ મહિના માવજત કરી અને તૈયાર થયેલો ભાગ વરસાદ પડતા જ ખેડૂતોને નુકસાની ભોગવવાનો વારો આવ્યો છે. છેલ્લા એક અઠવાડિયાથી જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી અને રાજકોટ સહિતના જિલ્લાઓમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. જેના કારણે ખેડૂતોએ પોતાના ખેતરમાં રહેલા મગફળીના પાથરા પલળી ગયા, તો કોઈ ખેડૂતોના પથરા પાણીમાં તણાઈ ગયા હોય તેવા દ્રશ્યો પણ સામે આવ્યા હતા. અત્યારે ખેડૂતોનો તૈયાર પાક ખરાબ થતા મોટા પ્રમાણમાં નુકસાની ભોગવવાનો વારો આવ્યો છે.

ખેડૂતોએ જણાવ્યું હતું કે, અમે ત્રણ મહિના સુધી મગફળી અને સોયાબીનની માવજત કરી અને અંતે તૈયાર થયો ભાગ કુદરતે અમારી પાસેથી છીનવી લીધો છે. વરસાદના કારણે મગફળી નુકસાન તો થયું છે. જો કે પાલાનું પણ નુકસાન થતા અમારે લાખોની નુકસાની ભોગવવાનો વારો આવ્યો છે.

રાજ્ય સરકાર સહાય તો જાહેર કરે છે, પરંતુ અમારા સુધી સહાય પહોંચતી જ નથી અને પહોંચે તો પણ ક્યારે મળે તે પણ અમને ખબર નથી હોતી. સૌરાષ્ટ્રના મોટાભાગના ખેડૂતોને કમોસમી વરસાદના કારણે ભારે નુકસાની પહોંચે છે, ત્યારે ખેડૂતોએ પણ સરકાર દ્વારા વહેલી સહાય જાહેર કરવામાં આવે તેવી માંગ કરી હતી. ■

# ભાવનગરના કમળેજ ગામની સીમમાં એલસીબીનો દરોડો:

## ૪૩૮૦ દારૂની બોટલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમી આધારે વરતેજ તાબેના કમળેજ ગામની સીમમાંથી ઇંગ્લિશ દારૂ બિયરના મોટા જથ્થા સાથે એક બુટલેગરની ધરપકડ કરી હતી, જ્યારે ત્રણ ફરાર બુટલેગરોને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હોય એ દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે કમળેજ ગામના શૈલેષ ગોરધન દેલવાડીયાએ કમળેજ વરતેજ રોડ પર રમેશ જાજડીયાની વાડીમાં ઇંગ્લિશ દારૂ બિયરનો જથ્થો ઉતારી ગેરકાયદે વેપલો કરે છે, જે માહિતી આધારે એલસીબીના જવાનોએ બાતમી વાળા થળે રેડ કરતા આરોપી શૈલેષ ગોરધન દેલવાડીયા હાજર મળી આવેલ જ્યાં વાડીની ઓરડીમાં બુટલેગર શૈલેષને સાથે રાખી તપાસ હાથ ધરતા ભારતીય બનાવટની ઇંગ્લિશ દારૂની નાની-મોટી ૪૩૮૦ બોટલ તથા ૯૩૬ ટીન બિયરના ટીન મળી આવ્યા હતા.

એલસીબીએ ઇંગ્લિશ દારૂ, બિયર, કાર અને એન્ડ્રોઇડ મોબાઈલ મળી કુલ રૂ.૧૦,૯૯,૩૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી તથા મુદ્દામાલ વરતેજ પોલીસને હવાલે કરી ચારેય શખ્સો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી શૈલેષ સિવાયના અન્ય બુટલેગરોને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે. ■

# ગિરનારની લીલી પરિક્રમા ૧૨મી નવેમ્બરથી શરૂ: વ્યવસ્થા માટે સાધુ-સંતોએ બેઠક યોજી

અમદાવાદ: આગામી ૧૨મી નવેમ્બરથી ગિરનારની લીલી પરિક્રમા યોજાશે. તા.૧૨થી૧૫ નવેમ્બર કારતક સુદ અગિયારસથી પુનમ સુધી ૪ દિવસ દરમિયાન યોજાનાર ગિરનારની લીલી પરિક્રમાના પૂર્વ તૈયારી અંગે સોમવારે ભવનાથ વસ્ત્રા પીઠેશ્વર ખાતે સાધુ સંતો અલગ અલગ એસોસિએશન,ઉતારા મંડળ તેમજ અગ્રણીઓ દ્વારા બેઠક યોજવામાં આવી હતી, આ બેઠકમાં પરિક્રમા અંતર્ગત તંત્ર દ્વારા વહેલી તકે કામગીરી શરૂ કરવામાં આવે તેમજ રોડ રસ્તા, પાણી અને યાત્રાળુઓ માટેના શૌચાલયની વ્યવસ્થા પૂરતી થાય તેવી કામગીરી કરવામાં આવે તેવા અલગ અલગ સૂચનો સાથેના મુદ્દાઓ રજૂ કરતો પરિપત્ર તૈયાર કરવામાં આવ્યો હતો.

દર વર્ષે ૧૦ લાખથી વધુ યાત્રાળુઓ ૩૨ કિલોમીટરની ગિરનારની લીલી પરિક્રમામાં આસ્થા અને વિશ્વાસ સાથે જોડાય છે, જો કે ભવનાથ ક્ષેત્રમાં પરિક્રમા રૂટ પર આ વર્ષે વધુ વરસાદ પડવાના કારણે રોડ રસ્તાઓ ખરાબ થયા છે, તેમજ પાણીને લઈને પણ યાત્રાળુઓને મુશ્કેલી ન પડે તે માટે તંત્ર દ્વારા વહેલી તકે કામગીરી કરવામાં આવે તેમ સોમવારની મીટિંગમાં એક પરિપત્ર તૈયાર કરી કલેક્ટરને જણાવવામાં આવ્યું હતું.

આ અંગે ભૂતનાથ મહાદેવના મહંત મહેશ ગીરી બાપુએ જણાવ્યું હતું કે, સાધુ-સંતો અલગ અલગ એસોસિએશન, ઉતારા મંડળ દ્વારા પરિક્રમા અંગો એક પરિપત્ર તૈયાર કરી કલેકટરને આપવાના છીએ. પરિક્રમા અને શિવરાત્રીના મેળાનો ગિરનાર સેટલમેન્ટનો કલેક્ટર હસ્તક આવવાથી તે અંગે વહેલી તકે કામગીરી કરવા જણાવવામાં આવ્યુ હતું. ■

# વરસાદની આગાહી અને જગ્યાના અભાવે ગોંડલ યાર્ડમાં મગફળીની મબલખ આવક બંધ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સૌરાષ્ટ્રમાં માર્કેટ યાર્ડમાં અત્યારે મગફળી અને કપાસની મોટાપાયે આવક થઈ રહી છે. બીજી તરફ સૌરાષ્ટ્રના સૌથી મોટા ગણાતા ગોંડલ માર્કેટ યાર્ડમાં અંદાજે ૧ લાખથી વધુ મગફળીની ગુણીની આવક નોંધાઈ હતી. વરસાદી વાતાવરણ હોવાના કારણે નુકસાનની ભીતિ સેવતા ખેડૂતોએ યાર્ડમાં મગફળીના પાકનો જથ્થો જમા કરાવ્યો છે.

સમગ્ર સૌરાષ્ટ્રભરમાંથી ખેડૂતો પોતાની જણસી વેચવા ગોંડલ યાર્ડને પ્રથમ પસંદગી કરતા હોય છે. ત્યારે સૌરાષ્ટ્રના અગ્રીમ ગણાતા ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં મગફળીની મબલખ આવક નોંધાઈ રહી છે. માર્કેટ યાર્ડમાં થઈ રહેલી મબલખ મગફળીની આવક વચ્ચે વરસાદી વાતાવરણ અને યાર્ડમાં જગ્યા નહીં હોવાને કારણે મગફળીની આવક બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જે ખેડૂતો પાસે ખેતરમાંથી મગફળી કાઢેલી પડી છે તે ખેડૂતો પોતાનો પાક લઈને ક્યાં જશે તેવો સવાલ પણ ચર્ચામાં છે? આવા ખેડૂતો પોતાના પાકને લઈને નુકસાનની ભીતિ વ્યક્ત કરી હતી. ■